પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૭ ઓક્ટોબર ૨૦૨૪ સોમવાર

૩ રબીઉલ આખર હિજરી ૧૪૪૬ ● આસો સુદ ચોથ સંવત ૨૦૮૦

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૬૯ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

### મધ્ય-પૂર્વના સંઘર્ષને ૭ ઓક્ટોબરે એક વર્ષ પૂર્ણ થશે

## ન્યૂયોર્કથી લઈને રોમ સુધી હજારો લોકોના વિરોધ પ્રદર્શનો અને રેલીઓ

### ૪૦,૦૦૦થી વધુ પેલેસ્ટીની તરફી પ્રદર્શનકારોએ મધ્ય લંડનમાં રેલી કાઢી હતી અને હજારો લોકો પેરિસ, બર્લિન, મનિલા અને કેપ ટાઉનમાં પણ એકઠા થયા હતા



૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ મેડ્રિડ, સ્પેનમાં આ હુમલાની વર્ષગાંઠ પહેલાં લોકો ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના સંઘર્ષમાં વધારો થવાનો વિરોધ કરવા અને ગાઝા પટ્ટી અને ઈઝરાયેલના કબજા હેઠળના વેસ્ટ બેંકમાં લશ્કરી કાર્યવાહીનો અંત લાવવા માટે એકત્ર થયા હતા.



ઓકટોબર ૫, ૨૦૨૪ના રોજ વોશિંગ્ટન, યુ.એસ.માં વ્હાઈટ હાઉસની બહાર ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ વચ્ચે ઓકટોબર ૭ના હુમલાની વર્ષગાંઠની પૂર્વે પેલેસ્ટીની તરફી વિરોધીઓની રેલી દરમિયાન એક પત્રકારે આત્મવિલોપન કર્યું હતું.

(એજન્સી) તા.૬

૬ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ તેલ અવીવ પર હુમલાના એક વર્ષ નિમિત્તે હમાસ દ્વારા ઘાતક હુમલા દરમિયાન અપહરણ કરાયેલા બંધકોને સમર્થન દર્શાવવા વિરોધીઓ મુખ્ય માર્ગને અવરોધી રહ્યા છે.

પેલેસ્ટીની એન્કલેવમાં ઈઝરાયેલના યુદ્ધની શરૂઆત તેની પ્રથમ વર્ષગાંઠની નજીક આવી રહી છે ત્યારે ગાઝા અને મધ્ય-પૂર્વમાં રક્તપાતનો અંત લાવવાની માંગ સાથે હજારો વિરોધીઓ શનિવારે વિશ્વભરના મુખ્ય શહેરોમાં શેરીઓમાં આવ્યા હતા. ૪૦,૦૦૦થી વધુ પેલેસ્ટીની તરફી પ્રદર્શનકારોએ મધ્ય લંડનમાં રેલી કાઢી હતી અને હજારો લોકો પેરિસ, બર્લિન, મનિલા અને કેપ ટાઉનમાં પણ એકઠા થયા હતા. વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસની નજીક પણ દેખાવો યોજવામાં આવ્યા હતા, જેમાં ગાઝા અને લેબેનોનમાં લશ્કરી ઝુંબેશમાં તેના સાથી ઈઝરાયેલ માટે યુએસ સમર્થનનો વિરોધ કરવામાં આવ્યો હતો. હમાસના ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ દક્ષિણ ઈઝરાયેલમાં હુમલાના લગભગ એક વર્ષ પછી ન્યૂયોર્ક સિટીમાં ઓકટોબર ૫, ૨૦૨૪ના રોજ થયેલા પ્રદર્શન દરમિયાન વિરોધીઓ એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની સામે ટ્રાફિકને અટકાવી રહ્યા હતા. ન્યૂયોર્ક સિટીના ટાઈમ્સ સ્ક્વેર ખાતે દેખાવકારોએ કાળા અને સફેદ કેફીયેહ સ્કાર્ફ પહેર્યા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા કે, 'ગાઝા, લેબેનોન તમે બહાદુર છો, લોકો તમારી સાથે છે.' તેઓએ ઈઝરાયેલ સામે શસ્ત્ર પ્રતિબંધની માંગ કરતા બેનરો પણ લીધા હતા. દાયકાઓ જૂના ઈઝરાયેલ-પેલેસ્ટીની સંઘર્ષમાં તાજેતરની રક્તપાત ત્યારે શરૂ થયો હતો જ્યારે પેલેસ્ટીની હમાસે ઓકટો. ૭, ૨૦૨૩ના રોજ દક્ષિણ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો, જેમાં ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૨૫૦ને બંધક બનાવ્યા હતા.

ઓકટોબર ૫, ૨૦૨૪ના રોજ વોશિંગ્ટન, યુ.એસ.માં વ્હાઈટ હાઉસની બહાર, ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ વચ્ચે, ઓકટોબર ૭ના હુમલાની વર્ષગાંઠની પૂર્વે પેલેસ્ટીની તરફી વિરોધીઓની રેલી દરમિયાન એક પત્રકારે આત્મવિલોપન કર્યું હતું.

ગાઝા પર ઈઝરાયેલના અનુગામી લશ્કરી હુમલા ચાલુ છે અને ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર લગભગ ૪૨,૦૦૦ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે. લગભગ તમામ ૨૩ લાખ લોકોને વિસ્થાપિત થયા છે, ભૂખમરો અને કટોકટી ઊભી થઈ છે. એક વિરોધકર્તાએ કહ્યું કે, દુર્ભાગ્યે અમારી ઈચ્છા હોવા છતાં ઈઝરાયેલી સરકાર કોઈ નોંધ લેતી નથી અને તેઓ ગાઝામાં તેમના અત્યાચારો ચાલુ રાખે છે, હવે લેબેનોનમાં પણ અને યમનમાં અને કદાચ ઈરાનમાં પણ તેઓ આવું કરશે. વેનેઝુએલામાં ૫ ઓકટોબર, ૨૦૨૪ના રોજ પેલેસ્ટીનીઓના સમર્થનમાં વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોના સમર્થકોએ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે અને લેબેનોન પરના હુમલાઓ સામે કારાકાસમાં યુએન હેડક્વાર્ટર તરફ કૂચ કરી હતી. લંડનમાં અમુક પ્રદર્શન કરનારાઓએ ઈઝરાયલી ધ્વજ લહેરાવ્યો હતો. આ વિરોધમાં ૧૫ લોકોની ધરપકડો કરવામાં આવી હતી. ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ વચ્ચે ૭મી ઓકટોબરે થયેલા હુમલાની વર્ષગાંઠ પહેલા ગાઝામાં પેલેસ્ટીનીઓ માટે સમર્થન વ્યક્ત કરવા માટેના વિરોધમાં ગાર્ડિયા ડી ફિનાન્ઝા, રોમ, ઈટાલીના અધિકારીઓ સાથે વિરોધીઓની અથડામણ થઈ હતી.

રોમમાં અથડામણો ફાટી નીકળ્યા બાદ પોલીસે ટિયર ગેસ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. હમાસના હુમલાની વર્ષગાંઠ પહેલા લગભગ ૬૦૦૦ વિરોધીઓએ શહેરના કેન્દ્રમાં કૂચ કરવા માટેના પ્રતિબંધનું ઉલ્લંઘન કર્યું હતું. બર્લિનમાં એક વિરોધમાં પેલેસ્ટીની ધ્વજ સાથે લગભગ ૧૦૦૦ પ્રદર્શનકારીઓ આવ્યા હતા. ઓકટોબર ૫, ૨૦૨૪ના રોજ મેક્સિકો સિટી, મેક્સિકોમાં ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ વચ્ચે એક કૂચ દરમિયાન પેલેસ્ટીની તરફી પ્રદર્શનકર્તાએ યુએસ ધ્વજ સળગાવ્યો હતો. જર્મન પ્રદર્શનકારીઓએ પેલેસ્ટીન તરફી વિરોધીઓએ બર્લિનમાં ઈઝરાયેલના સમર્થકોના વધતા જતાં સેમિટિઝમ સામે વિરોધ કર્યો હતો. પોલીસ અને પેલેસ્ટીન તરફી દેખાવકારો વચ્ચે ઝપાઝપી થઈ હતી. એક વર્ષમાં ગાઝામાં હત્યા અને વિનાશના કારણે યુ.એસ. સહિત અનેક દેશોમાં પેલેસ્ટીની તરફી વિરોધ જોવા મળી રહ્યો છે. ૫ ઓકટોબર, ૨૦૨૪ના રોજ મેડ્રિડ, સ્પેનમાં આ હુમલાની વર્ષગાંઠ પહેલા લોકો ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના સંઘર્ષમાં વધારો થવાનો વિરોધ કરવા અને ગાઝા પટ્ટી અને ઈઝરાયેલના કબજા હેઠળના વેસ્ટ બેંકમાં લશ્કરી કાર્યવાહીનો અંત લાવવા માટે એકત્ર થયા હતા. તેઓએ સેમિટિક અને ઈસ્લામોફોબિક નિવેદનો પર ચિંતા વ્યક્ત કરી છે. હિમાયતીઓએ સમગ્ર વિશ્વમાં મુસ્લિમો અને યહૂદીઓ સામે વધતા જતાં જોખમો અંગે ચેતવણી આપી છે.

ટોરોન્ટો, ઓન્ટારિયો, કેનેડામાં ઓકટોબર ૫, ૨૦૨૪ના રોજ હુમલાના લગભગ એક વર્ષ નિમિત્તે એક વિરોધકર્તાએ રેલીમાં પેલેસ્ટીની ધ્વજ લહેરાવ્યો હતો.

ગાઝાનું યુદ્ધ લેબેનોન, યમન અને ઈરાન સાથે સમગ્ર પ્રદેશમાં ફેલાયું છે. ઈઝરાયેલે લેબેનોનમાં તાજેતરના અઠવાડિયામાં હુમલા વધાર્યા છે જેમાં સેંકડો માર્યા ગયા છે, હજારો ઘાયલ થયા છે અને ૧૦ લાખથી વધુ વિસ્થાપિત થયા છે. ઈઝરાયેલનું કહેવું છે કે, તે લેબેનીઝ ઈરાન સમર્થિત હિઝબુલ્લાહને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઈરાને આ અઠવાડિયે ઈઝરાયેલ પર મિસાઈલો છોડી હતી જેનો ઈઝરાયેલે હજુ સુધી જવાબ આપ્યો નથી. ગાઝામાં યુદ્ધ શરૂ થયા બાદથી ઈઝરાયેલના કબજા હેઠળના વેસ્ટ બેંકમાં પણ ઈઝરાયેલની કામગીરી વધી છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને શરૂ થયાના એક વર્ષને ચિહ્નિત કરવા માટે દેખાવો કરતાં પેલેસ્ટીની તરફી વિરોધીઓ ડાઉનટાઉન, ટેક્સાસમાં રેલી કાઢી હતી.

પેરિસમાં હૌસમ હુસેને કહ્યું કે, અમને પ્રાદેશિક યુદ્ધનો ડર છે, કારણ કે, આ ક્ષણે ઈરાન સાથે અને કદાચ ઈરાક અને યમન સાથે તણાવ છે. આપણે ખરેખર યુદ્ધ બંધ કરવાની જરૂર છે કારણ કે, તે હવે અસહ્ય બની ગયું છે. ઈઝરાયેલને ગાઝામાં તેની ક્રિયાઓ અને હવે લેબેનોન પર બોમ્બમારો કરવા બદલ વ્યાપક આંતરરાષ્ટ્રીય નિંદાનો સામનો કરવો પડ્યો છે. વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ કહે છે કે, તેમની સરકાર હમાસ દ્વારા ઓકટો. ૭ના હુમલાના પુનરાવર્તનને રોકવા માટે કાર્યવાહી કરી રહી છે અને વોશિંગ્ટન કહે છે કે, તે ઈઝરાયેલના સ્વ-બચાવના અધિકારને સમર્થન આપે છે.


૫ ઓકટોબર, ૨૦૨૪ના રોજ ઈક્વાડોરના ક્વિટોમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ અને લેબેનોન પરના હુમલાઓ સામે પેલેસ્ટીનીઓના સમર્થનમાં કૂચ દરમિયાન લોકો પેલેસ્ટીની અને ઈઝરાયેલી ધ્વજના રંગોવાળા પોશાક પહેરીને આવ્યા હતા. ન્યૂયોર્ક સહિતના કેટલાક રાજ્યોમાં અધિકારીઓએ સાવચેતીના કારણે સુરક્ષા પગલાં વધાર્યા હતા. મનીલામાં ઈઝરાયેલ માટે વોશિંગ્ટનના સમર્થન સામે ફિલિપાઈન્સની રાજધાનીમાં યુએસ એમ્બેસીની સામે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું અને કાર્યકરો અને પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું. ૬ ઓકટોબર, ૨૦૨૪ના રોજ ઈન્ડોનેશિયાના જકાર્તામાં યુએસ એમ્બેસીની બહાર ઈઝરાયેલના વિરોધમાં અને પેલેસ્ટીનીઓના સમર્થનમાં પ્રદર્શન કરવામાં આવ્યા હતા. યુ.એસ. અને આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરી અત્યાર સુધી ગાઝામાં યુદ્ધવિરામ કરવામાં નિષ્ફળ રહી છે. હમાસ એક કરાર દ્વારા યુદ્ધનો અંત ઈચ્છે છે જ્યારે ઈઝરાયેલ કહે છે કે, જ્યારે હમાસને નાબૂદ કરવામાં ન આવે ત્યા સુધી આ લડાઈ સમાપ્ત કરશે નહીં.

### ક્યા બાત હૈ ?!

**પૂરાવાના અભાવે નિર્દોષ છૂટેલા આરોપીઓ આપણા પક્ષમાં સામેલ થઈ ગયા છે !**



- જામી



# ચેન્નાઈમાં ભારતીય હવાઈ દળના એર-શોમાં ભયંકર ગેરવ્યવસ્થા જંગી જનમેદનીને કારણે પાંચ પ્રેક્ષકોનાં મોત, ૯૦ સારવારમાં







## એર-શો જોવા મરિના બિચ પર ૧૫ લાખ જેટલી સંખ્યામાં પ્રચંડ જનમેદની ઉમટી પડતા ભયંકર બફારા અને ગીરદીને કારણે પાંચ પ્રેક્ષકો મૃત્યુ પામ્યા, પરસેવો અને ગરમીને કારણે ડિહાઈડ્રેશન થઈ જવાથી બીજા ૯૦થી વધુ પ્રેક્ષકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા

## એર-શોમાં રાફેલ સહિતના દેશના સંખ્યાબંધ આધુનિક યુદ્ધ વિમાનો, ઘરઆંગણે તૈયાર થયેલ તેજસ યુદ્ધ વિમાન, સુખોઈ-૩૦ ફાઈટર વિમાન અને સારંગ હેલિકોપ્ટરના દિલધડક કરતબો જોઈને લાખો લોકોના હર્ષનાદ : વાયુસેનાની સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમ દ્વારા એમના શૌર્યભીના દેખાવથી લાખો લોકોને મંત્રમુગ્ધ કર્યા

(એજન્સી) ચેન્નઈ, તા.૬

તામિલનાડુની રાજધાની ચેન્નાઈમાં મરિના બિચ પર યોજાયેલા ભારતીય હવાઈદળના શૌર્યથી ભરપૂર, ભવ્ય અને અદ્દભુત એર-શો જોવા માટે લાખો લોકો ઉમટી પડ્યા હતા ત્યારે અસહ્ય ગરમી તેમજ ભેજને કારણે અને છાતી ભિંઝાઈ જાય એવી ગીરદીને કારણે સેંકડો લોકોને ડિહાઈડ્રેશન થઈ જતા એર-શોનો આનંદ શોકમાં પલટાયો હતો અને ગરમીને કારણે પાંચ પ્રેક્ષકોના મૃત્યુ થયા હતા જ્યારે અન્ય ૯૦ પ્રેક્ષકો બેભાન થઈ જતા તાત્કાલિક દવાખાને ખસેડવામાં આવ્યા હતા. મરિના બિચ પર ૧૫ લાખ જેટલા લોકો ભેગા થયા હતા જેના પરિણામે મહાનગરમાં ઠેર-ઠેર ટ્રાફિકજામ સર્જાયો હતો અને તમામ મેટ્રો રેલવે સ્ટેશન પર જંગી જનમેદની ભેગી થઈ ગઈ હતી. એર-શોમાંથી પાછા ફરતા લોકોને કારણે દરેક મેટ્રો સ્ટેશન પર ભયંકર ગીરદી થઈ ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, એર-શોમાં ગભરામણ થવાને લીધે ડી.જહોન (૫૬), કાર્તિકેયન (૩૪), શ્રીનીવાસન, મણિ (૫૫) અને દિનેશ નામના પ્રેક્ષકો એર-શોમાં બેભાન થઈને પડી ગયા હતા અને અમેનું મૃત્યું થયું હતું. જ્યારે બીજા ૯૦ પ્રેક્ષકોને તાત્કાલિક સારવાર માટે ખસેડવા પડ્યા હતા. એક ટોચના પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, અતિ આકરી ગરમી અને ભેજને કારણે મરિના બિચ પર ૨૩૦થી વધુ પ્રેક્ષકો બેભાન થઈ ગયા હતા એક મહિલાનું પણ મોત થયું હતું.

મરિના બિચ વિશ્વનો બીજો સૌથી લાંબો બિચ ગણાય છે. આ સ્થળે ભારતીય હવાઈદળના ૯૨માં સ્થાપના દિવસ નિમત્તે એર-શો યોજવામાં આવ્યો હતો. એટલે પ્રચંડ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ૨૧ વર્ષમાં પહેલી વખત ચેન્નાઈમાં એર-શો હોવાથી આખો બિચ પ્રન્ટ તથા કોવાલનથી છેક ઈનોર સુધીના માર્ગ પર જનમેદની જામી ગઈ હતી અને આ વિસ્તારની તમામ બહુમાળી ઈમારતના છાપરો પર પણ હજારો લોકો ગોઠવાઈ ગયા હતા. એર-શોના મુખ્ય મહેમાન તરીકે તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન, અન્ય મંત્રીઓ અને ભારતીય વાયુસેનાના વડા અમરપ્રીત સિંઘ ખાસ ઉસ્થિત રહ્યા હતા. એર-શોમાં ભારતના આધુનિક યુદ્ધ વિમાનો રાફેલ, સ્વદેશી બનાવટના યુદ્ધ વિમાન તેજસ, સુખોઈ-૩૦ અને સારંગ હેલિકોપ્ટર સહિત ૭૨ યુદ્ધ વિમાનો જોડાયા હતા અને જાંબાઝા પાઈલોટોના કરતબોથી લોકો રોમાંચિત થયા હતા અને લાખો લોકોએ ગગનભેદીએ હર્ષનાદો કર્યા હતા. પ્રેક્ષકોની સંખ્યા તેમજ યુદ્ધ વિમાનોની સંખ્યાની દૃષ્ટીએ પણ ચેન્નાઈ એરશો આજ સુધીનો મોટામાં મોટો એર-શો રહ્યો હતો. વાયુસેનાની સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમના શૌર્ય સભલ કરતબો જોઈને લાખો લોકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. પરંતુ માનવ મહેરામણ ઉમટી પડી હોવાથી ટ્રાફિકની અરાજકતા સર્જાઈ હતી અને બિચ ઉપર પણ અંધાધૂંધ થઈ પડી હતી કારણ કે ભયંકર ગેરવ્યવસ્થાને કારણે હજારો લોકોએ બહાર નીકળવા ધસારો કરી દીધો હતો. પરિણામે સેંકડો લોકોના શ્વાસ રૂંધાવા લગ્યા હતા ધક્કા મુક્કી થઈ પડી હતી. લોકો આગળ નીકળવા એક બીજાને પછાડી રહ્યા હતા. નવાઈ તો એ છે કે આ સ્થળે વ્યવસ્થા જાળવવા પોલીસે કે તબીબી ટીમો પણ ન હતા. બિચ પર ઈમર્જન્સી માટે ૪૦ એમ્બ્યુલન્સ હતી પણ કોઈ કામ લાગે નથી કેમ કે હજારોની જનમેદની વચ્ચે કલાકો સુધી એમ્બ્યુલન્સ પણ ફસાઈ ગઈ હતી. MTCની બસો પણ ફસાઈ ગઈ હતી.

પરિસ્થિતિ એવી થઈ કે બસ અને ટેક્સીને ત્યારે બિચ સુધી એન્ટ્રી અપાઈ ન હતી એ કારણે વૃદ્ધ નાગરિકો અને બાળકોને લઈને લોકોએ ચાર-ચાર પાંચ-પાંચ કિલોમીટર સુધી ચાલવું પડ્યું હતું. DMK સરકારના આવા ગેર વહીવટ અને ગેરવ્યવસ્થા બદલ વિરોધ પક્ષોએ સરકાર પર ભારે ટીકા-પ્રહારો કર્યા હતા.

# કુલતાલી છોકરીના મૃત્યુના વિરોધ વચ્ચે મમતા બેનરજીએ કહ્યું : બળાત્કારના કેસમાં મીડિયા ટ્રાયલ બંધ કરવી જોઈએ



**મમતા બેનરજીએ કુલતાલી બળાત્કાર-હત્યાનો કેસ પોક્સો એક્ટ હેઠળ નોંધવાનો આદેશ આપ્યો છે અને ત્રણ મહિનામાં દોષિતોને ફાંસીની સજાની માંગ કરી છે**

(એજન્સી) તા.૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પોલીસને કુલતાલી બળાત્કાર-હત્યાનો કેસ પોક્સો એક્ટ હેઠળ નોંધવા અને દોષિતોને ત્રણ મહિનાની અંદર ફાંસીની સજા મળે તે સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસમાં એક ૧૦ વર્ષની બાળકી શનિવારે દક્ષિણ ૨૪ પરગણાના કુલતાલીમાં એક નહેરમાં મૃત હાલતમાં મળી આવી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ કહ્યું કે, ગુનાનો કોઈ રંગ, જાતિ કે ધર્મ હોતો નથી. બેનરજીએ અનેક દુર્ગા પૂજાઓનું વર્ચ્યુઅલ રીતે ઉદ્દઘાટન કર્યા પછી કોલકાતા પોલીસ બોડી ગાર્ડ લાઇનમાં કહ્યું કે, ગુનાનો કોઈ રંગ, જાતિ કે ધર્મ હોતો નથી. હું ઈચ્છું છું કે, પોલીસ પોક્સો એક્ટ હેઠળ કુલતાલીનો કેસ નોંધે અને એ સુનિશ્ચિત કરે કે ગુનેગારોને ત્રણ મહિનામાં ફાંસીની સજા મળે. અપરાધ અને ગુનામાં કોઈ ધર્મ કે જાતિ નથી. ગુનેગારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. બેનરજીએ કહ્યું કે, બળાત્કારના કેસમાં મીડિયા ટ્રાયલ બંધ થવી જોઈએ, કારણ કે, તે તપાસમાં દખલ કરી શકે છે. દક્ષિણ ૨૪ પરગણામાં ૧૦ વર્ષની બાળકી પર બળાત્કારને લઈને વિરોધ ફાટી નીકળ્યો હતો. રવિવારે દક્ષિણ ૨૪ પરગણામાં લોકોએ ગુનેગારો માટે સખત સજાની માંગ કરી હતી. વિરોધ પ્રદર્શનમાં ભાજપ પણ જોડાયો હતો. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મઝુમદાર અને નેતા અગ્નિમિત્રા પોલે તેમાં ભાગ લીધો હતો.

- **મહાન પયગમ્બર (સ.અ.વ.) સાહેબ સામે વિવાદાસ્પદ ટિપ્પણી બદલ યતિ નરસિંહાનંદ વિરૂદ્ધ થાણેમાં FIR દાખલ**
- **પ્રાણીની ચરબી અને હવે તિરૂપતિ મંદિરના પ્રસાદમાં જીવડાં ? ભકતોનો ચોંકાવનારો દાવો, ટ્રસ્ટે આક્ષેપ નકારી કાઢયો..**
- **મુંબઈ : ચેમ્બુરમાં સિદ્ધાર્થ કોલોનીમાં આગ ફાટી નીકળતાં ત્રણ બાળકો સહિત સાત વ્યક્તિ ભડથું થઈ ગઈ : વીડિયો દશ્યો જાહેર**
- **મહારાષ્ટ્રના લાતુરની હોસ્ટેલમાં ડિનર લીધા બાદ ફૂડ પોઈઝનિંગ થતાં ૫૦ વિદ્યાર્થીઓને દવાખાને ખસેડાયા**
- **જમ્મુ-કાશ્મીરના પૂંછ વિસ્તારમાં શસ્ત્રો અને દારૂગોળાનો જંગી જથ્થો ભારતીય સેનાએ ઝડપી પાડયો...**
- **ત્રિપુરા પોલીસે રૂા.૨.૫૫ કરોડની ૧ લાખથી વધુ યાબા ટેબ્લેટનો જથ્થો ઝડપી લીધો; ૪ની અટકાયત**
- **આઘાતજનક : દિલ્હીના શહાદરામાં ભગવાન રામનું પાત્ર ભજવતો કલાકાર સ્ટેજ પર ઢળી પડયો; હૃદયરોગના હુમલાથી મોત**
- **CCTVમાં દેખાયું : દિલ્હીના મોડેલ ટાઉન વિસ્તારમાં જાહેરમાં પેશાબ ન કરવાનું કહેતા એક શખ્સ લાકડી લઈને તૂટી પડ્યો અને ટોકનાર વ્યક્તિને પાશવી રીતે માર માર્યો..**
- **“ એ ૧૨ વર્ષથી મને બ્લેકમેઈલ કરતો હતો, મેં તેના પર એસિડ ફેંકી દીધું ”; પૂર્વ પ્રેમી પર હુમલા અંગે યુપીની મહિલા ...**
- **કર્ણાટકના વેપારી ગુમ; એમની નુકસાન પામેલી BMW કાર પુલ પાસેથી મળી આવી; જે ડી (એસ)ના MLA ફારૂક તથા કોંગ્રેસના પૂર્વ MLA મોહિયુદ્દીન બાવાના ભાઈ મુમતાઝ અલીનો પત્તો નથી...**

# ‘ભાજપના શાસનમાં દેશની સંવાદિતા પર હુમલો થઈ રહ્યો છે’ : સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર પર ગોવાના પૂર્વ RSS ચીફની ટિપ્પણી પર વિરોધ વચ્ચે રાહુલ ગાંધીનો આક્ષેપ

(એજન્સી) તા.૬

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રાજ્યના સંત સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર વિશે પૂર્વ RSS નેતા સુભાષ વેલિંગકર દ્વારા કરાયેલી ટિપ્પણીના વિવાદને પગલે સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (BJP) પર ગોવામાં સાંપ્રદાયિક તણાવ ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. X પરની એક પોસ્ટમાં ગાંધીએ કહ્યું કે, ગોવાની લોકપ્રિયતા તેની પ્રાકૃતિક સુંદરતા અને તેના વૈવિધ્યસભર અને સુમેળભર્યા લોકોની હૂંફ અને આતિથ્યમાં છે. કમનસીબે ભાજપના શાસનમાં આ સંવાદિતા પર હુમલો થઈ રહ્યો છે. વેલિંગકરે સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના



અવશેષોના ‘ડીએનએ પરીક્ષણ’ માટે કહ્યું અને ‘ગોએન્ચો સાયબ’ (ગોવાના રક્ષક) તરીકે સંતના પદ પર પ્રશ્ન ઊઠાવ્યા પછી આ વિવાદ ફાટી નીકળ્યો. તેમની ટિપ્પણીથી રાજ્યના ખ્રિસ્તી સમુદાયમાં આક્રોશ ફેલાયો છે, જેના કારણે અનેક ફરિયાદો અને વિરોધ થઈ રહ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતભરમાં સંઘ પરિવાર દ્વારા આવા સમાન નિવેદનો કરવામાં આવે છે, જેને ઉચ્ચ સ્તરેથી સમર્થન મળે છે. ગોવામાં ભાજપની વ્યૂહરચના સ્પષ્ટ છે : હરિયાળી જમીનને ગેરકાયદેસર રીતે કન્વર્ટ કરીને અને પર્યાવરણીય નિયમોને બાયપાસ કરીને પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોને નુકસાન કરવું અને લોકોને વિભાજિત કરવું. આ ગોવાના કુદરતી અને સામાજિક વારસા પર હુમલો છે. ભાજપના આવા પ્રયાસો વિરુદ્ધ ગોવા અને સમગ્ર ભારતના લોકો આ વિભાજનકારી એજન્ડાને જુએ છે અને એક થઈને ઊભા છે. સ્થાનિક રાજકીય નેતાઓ અને નાગરિકોએ રવિવારે જૂના ગોવામાં વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં વેલિંગકરના ભડકાઉ નિવેદનો બદલ કાર્યવાહીની માગણી કરી હતી. વિરોધીઓએ પોલીસને એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું અને વેલિંગકર વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. શુક્રવારે બિચોલિમ પોલીસે વેલિંગકર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૯ હેઠળ ‘ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા’ માટે કેસ નોંધ્યો હતો. હાલમાં તે ફરાર હોવાનું જાણવા મળે છે, પોલીસે તેને શોધવા માટે દરોડા પાડ્યા છે. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે લોકોને આશ્વાસન આપતાં શાંત રહેવાની અપીલ કરી છે. કહ્યું કે, વેલિંગકર વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓની વધુ ભાગીદારી જરૂરી : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, સંસદ અને વિધાનસભાઓમાં સાચી સમાનતા લાવવી હોય તો મહિલાઓની વધુમાં વધુ ભાગીદારી જરૂરી છે. તેમણે સંસદ અને ધારાગૃહોમાં મહિલાઓની નેતાગીરી વિષયની અસમાનતાનો મુદ્દો ઉઠાવી ચિંતા દર્શાવી હતી. રાજકારણમાં મહિલાઓને સમાન તકો મળે અને એમની ભાગીદારી વધે એવા હેતુંથી કોંગ્રેસના શરૂ કરાયેલા નવા અભિયાન શક્તિ અભિયાનમાં જોડાઈ જવા તમેણે મહિલાઓને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, આપણા સમાજ અને રાજનીતિમાં મહિલાઓ મહત્ત્વનું પરિબળ છે પણ સંસદ અને રાજ્યની ધારાસભાઓમાં એમની નેતાગીરી અંગે અસમાનતા છે. સાચી સમાનતા લાવવી હોય તો એમની ભાગીદારી વધે એ જોવું જોઈએ એટલે જ અમારૂં લક્ષ્યાંક આધી આબાદી, પૂરા હક માટેનું રહ્યું છે. પાયાની સંસ્થાઓનો મજબૂત કરવી હોય તો મહિલાઓ જોડાય એ જરૂરી છે અને તેનાથી ખરેખરૂં પરિવર્તન આવશે. ગામડાથી માંડીને રાષ્ટ્રીય કક્ષા સુધી મહિલાઓની ભાગીદારી જરૂરી છે.

### મુસ્લિમ દેશો કોને આપશે સમર્થન ?

# દોહામાં અરબ દેશોના વડાઓ વચ્ચે બેઠક યોજાઈ

## લેબેનોનમાં તબાહી અને ઈરાન સાથે ઘર્ષણ કર્યા બાદ ઈઝરાયેલ પર મોટી મુસીબત આવવાની સંભાવના જોવા મળી રહી છે

(એજન્સી) દોહા, તા.૬

લેબેનોનમાં તબાહી અને ઈરાન સાથે ઘર્ષણ કર્યા બાદ ઈઝરાયેલ પર મોટી મુસીબત આવવાની સંભાવના જોવા મળી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ યુદ્ધની આશંકાના પગલે દોહામાં અરબ દેશોના વડાઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠક ઈરાનને આશ્વાસન આપવા માટે યોજાઈ હતી, જેમાં અરબ દેશોએ તેહરાન અને ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષમાં તટસ્થ રહેવાનો નિર્ણય લીધો છે. અરબ દેશોએ આશંકા હતી કે, આ ક્ષેત્રમાં સંઘર્ષ વધવાથી તેમની ઓઈલ સુવિધાઓ જોખમમાં આવી શકે છે. અરબ દેશોનો આ નિર્ણય ઈઝરાયેલ માટે એક ઝટકા તરીકે જોવામાં આવી રહ્યો છે, કારણ કે, આ પહેલા એપ્રિલમાં ઈરાને હુમલો કર્યા બાદ અરબ દેશોએ ઈઝરાયેલનું સમર્થન કર્યું હતું. મીડિયા અહેવાલોમાં બે સૂત્રોને ટાંકીને એવું પણ કહેવાયું છે કે, કતાર દ્વારા આયોજિત એશિયાઈ દેશોની બેઠકમાં ભાગ લેનારા ગલ્ફ અરબ દેશો અને ઈરાનના મંત્રીઓએ તણાવ ઘટાડવા પર તેમની પરસ્પર વાતચીત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પહેલી ઓકટોબરે ઈરાને ઈઝરાયેલ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો. ઈરાનની રાજધાની તહેરાને આ હુમલાને ઈઝરાયેલના હમાસ અને હિઝબુલ્લાહના વરિષ્ઠ નેતાઓની હત્યા તેમજ ગાઝા અને લેબેનોનમાં ઈઝરાયેલની કાર્યવાહીનો બદલો ગણાવ્યો હતો. તહેરાને કહ્યું છે કે, અમારા તરફથી વળતો જવાબ આપી દેવાયો છે. જો કે, ઈઝરાયેલ કોઈ ઉશ્કેરણીજનક કાર્યવાહી કરશે તો તેને ફરીથી નિશાન બનાવવામાં આવશે. ઈરાને ગલ્ફ ઓઈલ ક્ષેત્રો પર હુમલો કરવાની ધમકી આપી નથી, પરંતુ તેણે ચેતવણી આપી છે કે, જો ઈઝરાયેલને સીધું સમર્થન અપાશે તો આ ક્ષેત્રમાં નિશાન બનાવાશે.

# ગોવાના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પૂર્વ વડાએ ઉશ્કેરણીજનક નિવેદન આપતા વિરોધ : સુભાષ વેલિંગકર ફરાર

## રાહુલ ગાંધીએ કહ્યું કે, ભાજપ જાણીજોઈને આ સાંપ્રદાયિક તણાવ ઊભું કરી રહ્યું છે, RSSના પૂર્વ નેતા ખ્રિસ્તીઓ અને મુસ્લિમોના આર્થિક બહિષ્કારની હાકલ કરી રહ્યા છે

(એજન્સી) તા.૬

ગોવાના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પૂર્વ વડા સુભાષ વેલિંગકરે સંત ફ્રાન્સિસ ઝેવિયરના અવશેષોના ‘ડીએનએ પરીક્ષણ’ માટે આહ્‌વાન કરતી ઉશ્કેરણીજનક ટિપ્પણી કરી અને કહ્યું કે, આ સંતને ‘ગોએન્ચો સાયબ’ (ગોવાના રક્ષક) શકાય નહીં, તે પછી ખ્રિસ્તી સમુદાયમાંથી આક્રોશ ફાટી નીકળ્યા પછી સમગ્ર ગોવામાં હિંસક વિરોધ શરૂ થયો છે અને તે પછી તેઓ ફરાર થઈ ગયા છે. વેલિંગકર દ્વારા કરવામાં આવેલી આ ટિપ્પણીને ધાર્મિક લાગણીઓના અપમાન તરીકે જોવામાં આવે છે અને નાગરિકો અને રાજકારણીઓએ વેલિંગકર દ્વારા કોમી તણાવ ઉશ્કેરવાનો પ્રયાસ કરવા બદલ ફરિયાદો દાખલ કરી છે. શુક્રવારે કોંગ્રેસ અને AAPના ઘણા નેતાઓ સહિત ૩૦૦થી વધુ વિરોધીઓ વેલિંગકરની ધરપકડની માંગ સાથે મારગાવમાં પોલીસ સ્ટેશનની બહાર એકઠા થયા હતા. બીજા દિવસે પ્રદર્શનકારીઓએ માર્ગો, અંજુના અને ઓલ્ડ ગોવામાં રસ્તા રોક્યા હતા. આ અશાંતિને કાબૂમાં લેવા પોલીસે ભીડને વિખેરવા હળવો લાઠીચાર્જ કર્યો હતો. વિરોધીઓએ અલ્ટીમેટમ પણ જારી કર્યું હતું કે, જો વેલિંગકરની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં નહીં આવે તો ઝુઆરી પુલને અવરોધિત કરવાની ધમકી આપી હતી.

પોલીસે શનિવારે વેલિંગકર વિરુદ્ધ ખ્રિસ્તી સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા બદલ અનેક ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ્સ (FIR) નોંધ્યા હતા. ઓલ્ડ ગોવા, કંકોલિમ અને માર્ગો સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં પોલીસ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, વેલિંગકર હાલ ફરાર છે, પોલીસ તેને શોધવા માટે દરોડા પાડી રહી છે. કોંગ્રેસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગોવાની સાંપ્રદાયિક સૌહાર્દ, શાંતિ અને તમામ પરંપરાઓ અને સંસ્કૃતિ માટે આદરની આગવી ઓળખ છે. આ પ્રેમ અને સ્નેહ સુનિશ્ચિત કરવાની જવાબદારી સરકારની છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લખ્યું કે, ભાજપની વ્યૂહરચના લોકોને વિભાજિત કરવાની છે. તે પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોનું ગેરકાનૂની રીતે રૂપાંતર કરીને અને પર્યાવરણીય નિયમોને બાયપાસ કરીને ગોવાના કુદરતી અને સામાજિક વારસા પર હુમલો કરે છે. ભાજપના શાસનમાં સંવાદિતા પર હુમલો થઈ રહ્યો છે. ભાજપ ઈરાદાપૂર્વક સાંપ્રદાયિક તણાવ ફેલાવી રહ્યું છે, RSSના પૂર્વ નેતા અને સંઘ સંગઠનો ખ્રિસ્તીઓ અને મુસ્લિમોના આર્થિક બહિષ્કારની હાકલ કરી રહ્યા છે. ભારતમાં સંઘ પરિવાર દ્વારા ઉચ્ચ સ્તરના સમર્થન સાથે આવી સમાન કામગીરી કરવામાં આવે છે. ગોવાના મુખ્યપ્રધાન પ્રમોદ સાવંતે યોગ્ય કાનૂની કાર્યવાહીની ખાતરી આપતાં રાજ્યમાં સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જનઆક્રોશ બાદ બીજેપી સિઓલિમના ધારાસભ્ય ડેલિલાહ લોબોએ જણાવ્યું હતું કે, સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર એક સંત છે જે તમામ ધર્મોના લોકો માટે આદરણીય છે. વેલિંગકર જેવા લોકો માત્ર લાઈમલાઈટમાં આવવા માટે આવા નિવેદનો કરે છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

# ઈઝરાયેલના બિરશેબા શહેરમાં બસ સ્ટેશન પર સામૂહિક ગોળીબાર, એક વ્યક્તિનું મોત, દસ ઘાયલ

## શહેરના સેન્ટ્રલ બસ સ્ટેશન પર બનેલી ઘટના, ઈઝરાયેલી પોલીસે જાહેર કર્યું કે, આ આતંકવાદી હુમલો છે




(એજન્સી) તા.૬

ઈઝરાયેલના બિરશેબા વિસ્તારમાં એક વ્યક્તિએ બેફામ ગોળીબાર કરતા એક નાગરિકનું મૃત્યુ થયું હતું અને બીજા દસ ઘાયલ થયા હતા. ઈઝરાયેલ પોલીસે વળતી કાર્યવાહી કરીને ગોળીબાર કરનાર હુમલાખોરને ઠાર માર્યો હતો તેવું પોલીસે જાહેર કર્યું હતું. પોલીસે આ હુમલો આતંકવાદી ગણાવ્યો હતો.

એક સપ્તાહમાં આ પ્રકારના ગોળીબારની આ બીજી ઘટના બની છે. બસ સ્ટેશન વિસ્તારમાં એક વ્યક્તિએ આડેધડ લોકો પર ગોળીઓ ચલાવી હતી. જેના કારણે એક વ્યક્તિનું સ્થળ પર મૃત્યુ થયું હતું અને બીજા દસ નાગરિકોને ગોળીઓ વાગતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તમામ ઘાયલોને મેડિકલ સેન્ટરમાં લઈ જવાયા હતા જ્યાં એકની હાલત ગંભીર માનવામાં આવે છે. પહેલી ઓકટોબરે પણ ઈઝરાયેલની રાજધાની તેલ અવીવમાં આવો હુમલો થયો થયો હતો તેમાં પણ કેટલાક લોકો માર્યા ગયા હતા. પોલીસે આઠનાં મોત થયાનું ત્યારે જાહેર કર્યું હતું. પાટનગરના હુમલામાં બે બંદૂક બાજો હતા એવું પોલીસ માને છે અને એ બંનેને ઈઝરાયેલની પોલીસે ઠાર કર્યા હતા.

# પ્રિયંકા ગાંધી વાડ્રાએ IMPCLના 'ખાનગીકરણ'ના પ્રયાસ પર મોદી સરકાર પર પ્રહારો કર્યા



(એજન્સી) તા.૬

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ રવિવારે 'ઈન્ડિયન મેડિસિન્સ ફાર્માસ્યુટિકલ કોર્પોરેશન લિમિટેડ' (IMPCL)નું ખાનગીકરણ કરવાની તેની કથિત યોજનાઓ પર નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન સાધ્યું અને પૂછ્યું કે 'પસંદગીના મિત્રોની તિજોરી ભરવા' સિવાય તેનો હેતુ શું છે. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાની ટિપ્પણીઓ એવા અહેવાલો વચ્ચે આવી છે કે સરકાર ફાર્માસ્યુટિકલ કંપનીનું વિનિવેશ કરવાની યોજના બનાવી રહી છે, જેણે ઘણા સ્થાનિક રહેવાસીઓમાં ચિંતા ઊભી કરી છે જેમની આજીવિકાને અસર થઈ શકે છે. પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, 'નફાકારક મીની રત્ન ફાર્માસ્યુટિકલ કંપનીને વેચવા પાછળ સરકારનો શું ઈરાદો છે? કોર્પોરેશન લિમિટેડ (IMPCL)ની સ્થાપના ૧૯૭૮માં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. તે આયુર્વેદ અને યુનાની દવાઓની એક મોટી ફેક્ટરી છે જે દેશભરમાં અને વિદેશમાં પણ દવાઓ સપ્લાય કરે છે. તેમણે કહ્યું કે, 'ગયા વર્ષે તેણે રૂા.૧૮ કરોડનો નફો કર્યો હતો અને સરકારને રૂા.૬ કરોડનું ડિવિડન્ડ આપવાની યોજના બનાવી રહી છે.' તેમણે કહ્યું કે આ યુનિટમાં ૫૦૦થી વધુ કર્મચારીઓ છે અને હજારો નાના ખેડૂતો તેમની નાની વસ્તુઓ વેચે છે ઉત્પાદન અને કાચા માલનો પુરવઠો. તેમણે કહ્યું, "નફાકારક ફાર્માસ્યુટિકલ ફેક્ટરીને વેચવાની યોજના આયુર્વેદ અને આયુષને પ્રોત્સાહન આપવાના દંભનું સત્ય છતી કરી રહી છે."

# દિલ્હીની ચૂંટણીઓ પહેલાં ભાજપ શાસનવાળા તમામ ૨૨ રાજ્યોમાં મફત વીજળી અપાશે તો હું ભાજપ માટે ચૂંટણી પ્રચાર કરીશ; પીએમ મોદીને કેજરીવાલનો પડકાર

**જનતા કી અદાલત કાર્યક્રમમાં જાહેર સભાને સંબોધન કરતા ભાજપની ડબલ એન્જિન સરકારો પર ડબલ લૂંટ અને ડબલ ભ્રષ્ટાચાર કરી રહ્યાનો આક્ષેપ મૂક્યો અને આગાહી કરી કે, હરિયાણા તથા જમ્મુ અને કાશ્મીરમાંથી ભાજપનું પતન થઈ જશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા ભાજપ શાસનવાળા તમામ ૨૨ રાજ્યોમાં મફત વીજળી આપવાનો નિર્ણય લેવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પડકાર ફેંક્યો હતો અને સાથે સાથે એવું વચન પણ આપ્યું હતું કે જો ભાજપ મારી આ માગણી પૂરી કરશે તો હું પક્ષ માટે એટલે કે ભાજપ માટે પ્રચાર કરીશ.

તેમણે દિલ્હીમાં જંતર મંતર કાર્યક્રમમાં જાહેર સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે હું તમામ ૨૨ જેટલા ભાજપ શાસનવાળા રાજ્યોમાં દિલ્હીની ચૂંટણી પહેલા મફત વીજળી આપવાનો પીએમ મોદીને પડકાર કરૂં છું અને જો આવું થયું તો હું ભાજપ માટે ચૂંટણી પ્રચાર કરીશ.

મહિલાઓ માટે મફત બસ મુસાફરી તથા વૃદ્ધ નાગરિકોને દિલ્હી સરકારના ખર્ચે તીર્થયાત્રા પર મોકલવા જેવા સરકારના કલ્યાણકારી કાર્યક્રમો અને પગલાઓનો ઉલ્લેખ કરીને કેજરીવાલે કહ્યું હતું કે ભાજપ આ તમામ કલ્યાણકારી પગલાં પાછા લઈ લેવા માંગે છે. અમે દિલ્હીને છ રેવડી આપી છે પણ ભાજપ એ પાછી લઈ લેવા માંગે છે. કેજરીવાલે ભાજપની ડબલ એન્જિન સરકારો ડબલ લૂંટ અને ડબલ ભ્રષ્ટાચાર કરી રહ્યાનો ભાજપ પર આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે ડબલ એન્જિન સરકારનો અર્થ ફુગાવો તથા ભ્રષ્ટાચાર અને બેરોજગારી એવો થાય છે.

હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાંથી ભાજપની વિદાય થઈ જશે એવી આગાહી કરતા તેમણે જણાવ્યું હતું કે મેં ગઈકાલ સાંજે જ ટીવી પર એક્ઝિટ પોલના તારણો જોયા હતા હરિયાણા અને કાશ્મીરથી ભાજપની ડબલ એન્જિન સરકારો જઈ રહી છે. ડબલ એન્જિન દેશમાં નિષ્ફળ ગયું છે. પહેલું એન્જિન જૂનમાં જ્યારે એમને ૨૪૦ બેઠકો મળી ત્યારે નિષ્ફળ ગયું છે અને બીજું એન્જિન હવે ઝારખંડ અને મહારાષ્ટ્રમાં ધીમ-ધીમે નિષ્ફળ જશે. લોકો સમજી ગયા છે કે ડબલ એન્જિન સરકારનો અર્થ ફુગાવો તથા બેરોજગારી અને ભ્રષ્ટાચાર છે. તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે ભાજપ ગરીબ વિરોધી પાર્ટી છે. બસના માર્શલ અને ડેટા એન્ટ્રી ઓપરેટરોને હટાવી દેવાના ભાજપના પગલાં અને દિલ્હીના હોમગાર્ડના પગાર અટકાવવાના પગલાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ભાજપ ગરીબ વિરોધી છે. અત્યારે દિલ્હીમાં કોઈ લોકશાહી નથી અને LGનું શાસન છે.

### એક અદ્ભુત જીવન ગાથા વિશે જાણો

# મળો એ મહિલાને જે એક સમયે રસ્તા પર ભીખ માંગતી હતી અને કચરાપેટીમાંથી ખાવાનું શોધતી હતી, એ આજે ધર્મશાલાની નામાંકિત ડોક્ટર છે

## એમનું નામ છે પિંકી હરિયાન અત્યંત ભયાનક ગરીબીમાંથી કઈ રીતે બહાર નીકળી એ મહિલાની અતુલ્ય સંઘર્ષની કહાણી હજારો આશાસ્પદ લોકો અને ખાસ કરીને મહિલાઓ માટે પ્રેરણા



(એજન્સી) નવી દિલ્હી, તા.૬

જીવનમાં સુખ અને દુઃખનું ચક્ર ચાલતું જ રહે છે જો અંધકાર છવાતો હોય તો જીવનમાં ક્યારેક પ્રકાશનો પણ ઉદ્ભવ થતો જ હોય છે પણ વ્યક્તિ કઈ રીતે સંઘર્ષના દિવસો પસાર કરે છે અને કઈ રીતે તેનો સામનો કરે છે તેના પર તેના ભવિષ્યના ઊજળા થવાનો આધાર રહે છે. અહીં જે મહિલાની સંઘર્ષ ગાથાનું વર્ણન કરવું છે એ અકલ્પનીય અને અસાધારણ અને અભૂતપૂર્વ છે. જે અનેક લોકોને પ્રેરણા પૂરી પાડી શકે એવી જબરદસ્ત સંઘર્ષ ગાથા છે કેમકે જે વ્યક્તિને શેરીઓમાં અને રસ્તાઓ પર ભીખ માંગવી પડી હોય અને કચરાપેટીઓમાંથી ખાવાનું શોધવું પડ્યું હોય એ વ્યક્તિ ભયાનક ગરીબીનો સામનો કરીને ડોક્ટર બને એ ઘટના જ સૂચવે છે કે જો વ્યક્તિ પોતાની લગન અને ધગશ સાથે આગળ વધતી રહે અને સંકટોની પરવા કર્યા વિના પોતાનો માર્ગ સામા પૂરમાં કરીને પણ શોધી કાઢે તો જરૂર સફળતા તેના કદમ ચૂમવા લાગે છે અને આવું જ થયું છે. આ લાજવાબ મહિલા પિંકી હરિયાના જીવનમાં. આવો એમના સંઘર્ષ સમયે જીવન અને એમની અભૂતપૂર્વ જીવન કહાનીને જાણીએ અને તેમાંથી પ્રેરણા મેળવીએ. પિંકી ભયાનક ગરીબીનું જીવન જીવી રહ્યા હતા અને છતાં એમણે સખત પરિશ્રમ કરીને પોતાના જીવનમાં પરિવર્તન લાવી અને અંતે તબીબ બન્યા. એમની પ્રેરણા ગાથા હજારો લોકો માટે ચોક્કસ પથદર્શક બની રહેશે. પિંકી ડોક્ટર બન્યા એ પહેલાં તે ક્લિયોડ ગંજ વિસ્તારમાં શેરીઓમાં ભીખ માંગતા હતા અને કચરાપેટીઓમાંથી ખાવાનું શોધવું પડતું હતું. તેમને છેવટે એક સખાવતીની મદદથી ધર્મશાલામાં આવેલી દયાનંદ પબ્લિક સ્કૂલમાં પ્રવેશ અપાયો હતો. પિંકીના પિતા કાશ્મીરી લાલ અને માતા પણ એવું ઈચ્છતા હતા કે તેઓ એમનો અભ્યાસ આગળ વધારે પણ માતા-પિતા કોઈ મદદ કરી શકે તેમ નહોતા અને શરૂઆતમાં એમણે શિક્ષક બનવાના પિંકીના વિચારને ટેકો આપ્યો નહોતો. છેવટે સખાવતી સંસ્થાની એક ધર્મશાળામાં પિંકીને એક રૂમ મળ્યો હતો અને એમણે શિક્ષણ નિયમની યાત્રા શરૂ કરી હતી તેમનું એક જ લક્ષ્ય હતું કે શિક્ષણ પ્રાપ્ત કરીશ તો દારૂણ ગરીબીમાંથી છૂટકારો થશે.

શિક્ષણ માટે પિંકીની મહેનત સખત પુરૂષાર્થ અને ધગશનું અંતે ફળ મળ્યું. તેમણે નીટમાં સફળતા મેળવી લીધી અને સિનિયર સેકન્ડરી પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થયા પરંતુ ખૂબ જ ઊંચી ફી હોવાથી તેમને ખાનગી મેડિકલ કોલેજમાં પ્રવેશ મળી શકે એવું નહોતું કેમકે એટલા નાણાં એમની પાસે હતા જ નહીં. ૨૦૧૮માં એમને ટોંગલાન ચેરિટી ટ્રસ્ટની મદદથી ચીનની એક મેડિકલ સંસ્થામાં પ્રવેશ મળી ગયો અને એમબીબીએસનો અભ્યાસક્રમ આગળ વધ્યો. ચીનમાં તબીબી ડિગ્રી પ્રાપ્ત કરીને પિંકી ધર્મશાળા પરત આવ્યા અને ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ પરીક્ષાની તૈયારીઓ કરવા લાગ્યા કેમકે ભારતમાં ડોક્ટર બનવા માટે એ પરીક્ષા પસાર કરવી જરૂરી છે.

પિંકી હરિયાન તેમની સંઘર્ષમય જીવનથી ડોક્ટર બનવા સુધીની સફળતાની ગાથા માટે લોબસાંગ જામ્યાંગના સમર્થન અને એમના ટેકાનો ખૂબ જ આભાર માને છે. તેઓ સખાવતી સંસ્થા ચલાવે છે. જામ્યાંગ કહે છે કે બાળકોને આપણે આગળ વધવાની પ્રેરણા આપવી જોઈએ અને માત્ર નાણાં કમાવા માટે નહીં પણ સારા વિવેકી નાગરિક બનવા માટેની એમને પ્રેરણા આપણે આપવી જોઈએ. પિંકીની પ્રેરણા ગાથા આપણને એવો સંદેશો આપે છે કે જો તમે મહેનત કરતા રહો અને સંકટમાં અડગ બની રહો તો તમારા જીવનમાં જરૂર પરિવર્તન લાવી શકો છો એટલે પિંકીની ગાથા આવા તમામ વ્યક્તિઓ માટે અને ખાસ કરીને ગરીબીમાં સંઘર્ષ કરી રહેલા લોકો માટે આદર્શરૂપ બની રહેશે.

### મંત્રી સૌરભ ભારદ્વાજે ભાજપના ધારાસભ્યોના પગ પકડ્યા

# દિલ્હીમાં હાઈ વોલ્ટેજ ડ્રામા : ભાજપ નેતાની કારમાં બેસી ગયા આતિશી

## દિલ્હીમાં જાહેર પરિવહનની બસોમાં બસ માર્શલોની ફરીથી નિમણૂક કરવાના મુદ્દે શનિવારે હાઈ વોલ્ટેજ ડ્રામા





(એજન્સી) નવી દિલ્હી, તા.૬

દિલ્હીમાં જાહેર પરિવહનની બસોમાં બસ માર્શલોની ફરીથી નિમણૂક કરવાના મુદ્દે શનિવારે હાઈ વોલ્ટેજ ડ્રામા થયો હતો. દિલ્હીના મુખ્યમંત્રી આતિશી આપ અને ભાજપના ધારાસભ્યો સાથે બસ માર્શલોની નિમણૂકને લઈને કેબિનેટ નોટ રજૂ કરવા અને તેના પર મંજૂરી મેળવવા માટે લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) વી.કે. સક્સેનાના કાર્યાલય પહોંચી હતી. આપ (આમ આદમી પાર્ટી)એ આરોપ લગાવ્યો હતો કે, કેબિનેટ નોટ પાસ થયા બાદ ભાજપના ધારાસભ્યો સચિવાલયમાંથી ભાગવા લાગ્યા હતા. પરંતુ મંત્રી સૌરભ ભારદ્વાજે તેમના પગ પકડીને રોક્યા હતા.

આપનું કહેવું છે કે, ભાજપના ધારાસભ્યો સચિવાલયમાંથી ભાગવા માંડ્યા હતા. પરંતુ મંત્રી સૌરભ ભારદ્વાજે તેમના પગ પકડીને રોક્યા હતા. બસ માર્શલની ફરી નિમણૂક કરવા માટે ભાજપના ધારાસભ્યોની સામે કેબિનેટ નોટ પસાર કર્યા પછી સીએમ આતિશી અને આપના મંત્રીઓ અને ધારાસભ્યો નોટને લઈને એલજી પાસે ગયા હતા. આ દરમિયાન ભાજપના ધારાસભ્યોએ ભાગવાનો પૂરો પ્રયાસ કર્યો હતો, પરંતુ મંત્રી સૌરભ ભારદ્વાજ અને આપ નેતાઓએ તેમને ભાગવા દીધા ન હતા. આ સાથે સીએમ આતિશી ભાજપના ધારાસભ્યોને ભગાડવાની તક ન મળે તે માટે તેઓ ભાજપના ધારાસભ્યની કારમાં એલજી હાઉસ ગયા હતા.

સમગ્ર ઘટના બાદ સૌરભ ભારદ્વાજ સાથે આપ ધારાસભ્યો અને બસ માર્શલોને રાજ નિવાસ રોડ પરથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસે વિસ્તારને ખાલી કરાવ્યો હતો. તો બીજી તરફ દિલ્હી ભાજપના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, આમ આદમી પાર્ટી નૌટંકી કરી રહી છે. આપના આ ડ્રામા પહેલા અમે માર્શલના મુદ્દાને લઈને એલજીને મળી ચૂક્યા હતા.

દિલ્હીના સીએમ આતિશીએ કહ્યું છે કે, ગઈકાલે ભાજપના ધારાસભ્યોએ મારી પાસે મુલાકાત માટેનો સમય માંગ્યો હતો, અમે તેમને મળ્યા અને તેમને આ મુદ્દા વિશે સમજાવ્યું કે, આ મુદ્દો એલજી હેઠળ સેવાની બાબતોની અંતર્ગત આવે છે. પરંતુ આજે ભાજપની પોલ ખુલ્લી પડી ગઈ છે. કારણ કે, અમારી આખી કેબિનેટ ત્યાં હતી. ભાજપે એલજીને તેમના અધિકારક્ષેત્રમાં આવતી બાબતો અંગે નિર્ણય લેવાનું કહેવું જોઈએ. પરંતુ ભાજપ આ માટે તૈયાર નથી, તેઓ આ મુદ્દે રાજનીતિ કરી રહ્યા છે. બસ માર્શલના મુદ્દાને લઈને આતિશીએ વધુમાં કહ્યું કે, અમે ઈમરજન્સી કેબિનેટ મીટિંગ બોલાવી હતી. જેમાં અમે બસ માર્શલને નિયમિત કરવા માટે દિલ્હી વિધાનસભા દ્વારા પસાર કરાયેલા ઠરાવ પર હસ્તાક્ષર કર્યા હતા. એલજી હાઉસ આવ્યા પછી પણ ભાજપના ધારાસભ્યો એલજીને તે કેબિનેટ નોટ પસાર કરવા તેમને માટે કહેવા તૈયાર ન હતા. આ માર્શલો સાથે વિશ્વાસઘાત છે. કેબિનેટ દ્વારા બસ માર્શલ અને નાગરિક સંરક્ષણ સ્વયંસેવકોને નિયમિત કરવાનું કામ હતું. જે થઈ ગયું છે. હવે ભાજપે તેમને નિયમિત કરી અને તેમને જોઈનિંગ લેટર ફાળવવાના છે. આ દરમિયાન દિલ્હીના પૂર્વ સીએમ અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મને મારા મંત્રીઓ પર ગર્વ છે કે, જે લોકોના કામ કરાવવા માટે કોઈના પણ પગ પકડી લે છે. હું એલજી સાહેબ અને ભાજપના લોકોને વિનંતી કરૂં છું કે, તેઓ આ મુદ્દે વધુ રાજકારણ ન કરે અને તાત્કાલિક બસ માર્શલોને નોકરી પર રાખે. જાહેર પરિવહન બસોમાં માર્શલ તરીકે તૈનાત ૧૦,૦૦૦થી વધુ નાગરિક સંરક્ષણ સ્વયંસેવકોને ગત વર્ષે હટાવી દેવાયા હતા. કારણ કે, નાગરિક સંરક્ષણ નિર્દેશાલયે વાંધો ઊઠાવ્યો હતો કે, આ સ્વયંસેવકોને આપત્તિ વ્યવસ્થાપનની ફરજ માટે તૈનાત કરવામાં આવ્યા છે.

### નીતિન ગડકરીએ ઈશારામાં સરકાર પર કટાક્ષ કર્યો

# વિશ્વગુરૂ બનવું હોય તો પહેલાં ખુદમાં બદલાવ લાવો : ગડકરી

## સાંગલીમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના અનાવરણના અવસર પર નીતિન ગડકરી પહોંચ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ફરી એક વખત ઈશારામાં સરકાર પર કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે, ભારતને આત્મનિર્ભર ભારત, પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા અને વિશ્વગુરૂ બનાવવા માટે ખૂબ ચર્ચા થઈ રહી છે, પરંતુ લોકોએ બીજાને સલાહ આપતાં પહેલા ખુદમાં બદલાવ લાવો જોઈએ.

સાંગલીમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના અનાવરણના અવસર પર નીતિન ગડકરી પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં એનસીપી પ્રમુખ શરદ પવારને પણ આમંત્રણ મળ્યું હતું. નીતિન ગડકરીએ કહ્યું કે, લોકો આજે પણ શિવાજી મહારાજથી પ્રેરણા લઈ શકે છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, જો આપણે શિવાજીના કોઈ ગુણને જ અપનાવી લઈશું તો પણ તે આપણા સમાજ અને દેશને ખૂબ આગળ લઈ જશે. મોટાભાગે ભારતને 'આત્મનિર્ભર ભારત', પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા અને વિશ્વગુરૂ બનાવવાની વાતો થતી હોય છે. પરંતુ જો આપણે આ બધુ હકીકતમાં કરવા માંગીએ છીએ તો આપણે ખુદમાં બદલાવ લાવવો પડશે.

નીતિન ગડકરીએ આગળ કહ્યું કે, બીજાને બદલવા માટે કહેવું સરળ છે પરંતુ કોઈ વ્યક્તિએ બીજાને સલાહ આપતાં પહેલા બદલાવની શરૂઆત ખુદથી કરવી પડશે. હવે તેમનો ઈશારો કોના તરફ હતો તે અંગે ન તો તેમણે કોઈ વ્યક્તિનું નામ લીધું કે ન તો કોઈ માહિતી આપી.

ગડકરીએ કહ્યું કે જાતિ, પૈસા અને અપરાધ રાજકારણમાં સૌથી મોટા તત્ત્વો બની ગયા છે. રાજકારણને શુદ્ધ કરવા માટે નેતાઓએ શિવાજી મહારાજના સિદ્ધાંતોનું પાલન કરવું પડશે અને સમાજના હિત માટે તેમના સુશાસનના વિચારને અપનાવવા પડશે.

તેમણે એમ પણ કહ્યું કે, જ્યારે હું લોકસભાની ચૂંટણી લડ્યો હતો ત્યારે એ સ્પષ્ટ કર્યું હતું કે, જો મને મત ન મળે તો પણ હું જાતિ આધારિત રાજકારણમાં સામેલ થઈશ નહીં.

# પ્રયાગરાજની સૌથી અમીર વ્યક્તિએ બાળપણ ગરીબીમાં વિતાવ્યું, હવે કુલ સંપત્તિ ૪૫૦૦ કરોડ રૂપિયા ધરાવે છે



(એજન્સી) નવી દિલ્હી, તા.૬

અંડર-૩૫ પરફોર્મર્સની હુરૂન યાદી અનુસાર ફિઝિક્સ વાલાહના ૩૨ વર્ષીય સ્થાપક અલખ પાંડે ભારતના અગ્રણી યુવા સાહસિકોમાંના એક તરીકે ઉભરી આવ્યા છે. અલખ પાંડે, ભૌતિકશાસ્ત્ર વાલાહ (PW)ના CEO એક વિશાળ એડટેક કંપની જેની કિંમત ૯૧૦૦ કરોડ રૂપિયા (આશરે ૧.૧ અબજ ડોલર) છે. નોઈડા, ઉત્તર પ્રદેશમાં તેના મુખ્ય મથક સાથે ભૌતિકશાસ્ત્ર વાલાહ ભારતમાં શૈક્ષણિક તકનીકોના ટોચના પ્રદાતાઓમાંના એક તરીકે વિકસિત થયું છે. ઉત્તર પ્રદેશના એક નાનકડાં શહેરમાંથી અબજો ડોલરનું શૈક્ષણિક પ્લેટફોર્મ બનાવવા સુધીની તેમની સફર ઘણી પ્રેરણાદાયી છે.

અલખ પાંડે ભારતના લોકપ્રિય શિક્ષકોમાંના એક છે. લોકપ્રિય શિક્ષક અને ઉદ્યોગપતિ અલખ પાંડે ભારતના સૌથી ધનિક શિક્ષકના બિરુદ માટે સૌથી આગળ છે. અલખ પાંડે ઉમેદવારોને અસંખ્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવામાં મદદ કરે છે. દર વર્ષે, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ UPSC, CAT, અને IIT-JEE જેવી પડકારજનક પરીક્ષાઓ આપે છે, પરંતુ તે બધા સફળ થતા નથી. એવું નથી કે અસફળ વિદ્યાર્થીઓમાં પ્રતિભાનો અભાવ હોય છે અથવા તેઓ આ પરીક્ષાઓ પાસ કરવામાં અસમર્થ હોય છે. અલખ પાંડે એવા વિદ્યાર્થીઓમાંથી એક છે જેમણે આવા વિદ્યાર્થીઓ માટે એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે.

અલખ પાંડે એ ભારતીય એડટેક ઈકોસિસ્ટમમાં જાણીતું નામ છે. ભારતની ૧૦૧મી યુનિકોર્ન ફર્મ, ફિઝિક્સ વાલાહના સ્થાપક, ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કુલ સંપત્તિ ધરાવે છે. ઘણા લોકો જાણતા નથી કે અલખ પાંડે એક અભિનેતા બનવાની આકાંક્ષાઓ ધરાવતા હતા, તે હકીકત હોવા છતાં કે તે એક સુખદ શિક્ષક તરીકે જાણીતા છે.

અલખ પાંડેને અન-એકેડમીમાં જોડાવા માટે ૭૫ કરોડ રૂપિયાની ઓફર મળી હોવાનું કહેવાય છે. તેમ છતાં તેમણે નામ દ્વારા કંપનીનો ઉલ્લેખ કર્યો નથી, તેમણે એક વીડિયો ક્લિપ્સમાં ઓફરની ચર્ચા કરી હતી. જો કે, તેમણે આ ઓફરને નકારી કાઢી હતી કારણ કે તેઓ ભારતના વંચિત લોકોને શીખવવા માંગતા હતા.

અલખ પાંડે અલ્હાબાદના છે, નમ્ર પૃષ્ઠભૂમિમાંથી આવે છે. તેમનું સ્વપ્ન અભિનેતા બનવાનું હતું, તેથી તેઓ નુક્કડ નાટકોમાં ભાગ લેતા હતા.પરંતુ મુશ્કેલ નાણાંકીય સંજોગોને કારણે, તેમણે ધોરણ ૮ થી ટ્યુટરિંગ કરવાનું શરૂ કર્યું. તેમના પુત્ર અલખ પાંડે અને બહેન અદિતિના શાળાકીય શિક્ષણ માટે ભંડોળ પૂરૂં પાડવા માટે, તેમના માતાપિતાએ તેમનું ઘર વેચી દીધું હતું. ધોરણ ૧૦માં તેમનો ગ્રેડ ૯૧ ટકા હતો. ધોરણ ૧૨માં ગ્રેડ ૯૩.૫ ટકા હતો. અલખ પાંડે ૨૨ વર્ષની વયે તેમની એન્જિનિયરિંગ સંસ્થા છોડીને ભૌતિકશાસ્ત્ર શીખવવા માટે તેના વતન અલ્હાબાદ પાછો ફર્યા. અગાઉ તેમને મહિને ૫૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવતા હતા.

પાંડે IITમાં જવાની ઈચ્છા હોવા છતાં પ્રવેશ પરીક્ષામાં નાપાસ થયા હતા. જો કે, તેમણે કાનપુરની હાર્કોર્ટ બટલર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં પોતાનું શિક્ષણ પૂરૂં કર્યું. કોવિડ-૧૯ ફાટી નીકળ્યા દરમિયાન પાંડેએ ઉત્તર પ્રદેશના એક નાનકડા રૂમમાંથી યુટ્યુબ પર સૂચનાત્મક વીડિયો પોસ્ટ કરવાનું શરૂ કર્યું. તેમની સફળતાને કારણે, તેમણે ભૌતિકશાસ્ત્ર વાલાહની સ્થાપના કરી, એક શૈક્ષણિક ટેકનોલોજી સ્ટાર્ટઅપ જે હાલમાં ભારતના ૧૦૧મા યુનિકોર્ન તરીકે ગણવામાં આવે છે.

અલખ પાંડેની સિદ્ધિ માત્ર વર્ચ્યુઅલ ક્લાસરૂમ સુધી મર્યાદિત નથી. તેમણે ૫૦૦થી વધુ શિક્ષકો અને ૧૦૦ તકનીકી નિષ્ણાંતોને રોજગારી આપવા માટે તેમની કંપનીનો વિસ્તાર કર્યો. તેમના ૧૦ કરોડથી વધુ યુટ્યુબ સબ્સ્ક્રાઈબર્સ છે. પ્રતિકૂળતા છતાં ખ્યાતિ અને સફળતામાં વધારો થવાને કારણે, પાંડે દ્રઢતા અને નિશ્ચયની પરિવર્તનશીલ શક્તિનું એક ચમકતું ઉદાહરણ છે. પોતાના માટે મોટી સંપત્તિ ઊભી કરતી વખતે, જે વ્યક્તિ અગાઉ ટ્યુશન ફી ચૂકવણી માટે સંઘર્ષ કરતો હતો તે હવે હજારો વ્યક્તિઓને તેમની શિક્ષણની મહત્વાકાંક્ષાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરી રહ્યો છે.

### રાજ્ય સરકારે લાખો કર્મચારીઓ અને તેમના પરિવારજનોના હિતમાં ઐતિહાસિક નિર્ણયો કર્યા

# ૧ એપ્રિલ ૨૦૦૫ પહેલાના કર્મચારીઓને મળશે જૂની પેન્શન યોજનાનો લાભ

## કેબિનેટ બેઠકમાં ચાર રજૂઆતોનો સૈદ્ધાંતિક સ્વીકાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અચાનક જ કેબિનેટ બેઠક બોલાવતા રાજકીય વાતાવરણ ગરમાયું હતું. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે લાખો કર્મચારીઓ અને તેમના પરિવારજનોના વિશાળ હિતમાં ઐતિહાસિક નિર્ણયો કર્યા. મુખ્યમંત્રીના દિશાદર્શનથી રાજ્ય સરકારના ત્રણ જેટલા મંત્રીઓએ કર્મચારી મંડળો સાથે યોજેલી બેઠકો બાદ આ નિર્ણયો લેવાયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે મળેલી રાજ્યમંત્રી મંડળની કેબિનેટ બેઠકમાં ગુજરાત સરકારના લાખો કર્મચારીઓના હિતલક્ષી મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા છે. મંત્રી મંડળની બેઠક બાદ આ નિર્ણયો અંગે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના કર્મચારીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ કરાયેલી વિવિધ રજૂઆતો સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આજે લાખો કર્મચારીઓ અને તેમના પરિવારજનોના વિશાળ હિતમાં ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા છે. પ્રવક્તા મંત્રીએ કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કર્મચારીઓના પ્રશ્નોનું સકારાત્મક નિરાકરણ આવે તે સંદર્ભે મંત્રી મંડળના સભ્યોની કમિટી રચવામાં આવી હતી. આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ, સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા અને પંચાયત રાજ્યમંત્રી બચુભાઈ ખાબડની સમિતિએ કર્મચારી મંડળના હોદ્દેદારો સાથે મેરેથોન બેઠકો યોજી હતી, જેના પરિણામે કર્મચારીઓના વિવિધ પ્રશ્નોનું આજે સુખદ સમાધાન આવ્યું અને આ મહત્ત્વના નિર્ણયો લેવાયા છે. નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રીએ જણાવ્યું કે, તા.૧/૪/૨૦૦૫ પહેલાં ફિક્સ પગારમાં નિમણૂક મેળવનાર કર્મચારીઓની નિમણૂક હુકમની શરતો અનુસાર તેમની ફિક્સ પગારની સેવા, નિવૃત્તિ વિષયક લાભો તથા અન્ય લાભો માટે પાત્ર ગણાશે નહીં, તેવો ઉલ્લેખ હતો. જે તે કર્મચારીઓએ આ બાબતે લેખિતમાં બાંયધરી પણ આપી હતી, તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા સહાનુભૂતિપૂર્વક કર્મચારી અને તેમના પરિવારજનોના હિતાર્થે આ લાભો રાજ્યના આવા ૬૦ હજારથી વધુ કર્મચારીઓને આપવાનો સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારમાં વિવિધ સંવર્ગના જે અધિકારી-કર્મચારીઓ નવી પેન્શન યોજનાના અમલની તારીખ એટલે કે તા.૧/૪/૨૦૦૫ પહેલા ફિક્સ પગારમાં નિમણૂક કરવામાં આવેલ હોય અને તેમની નિયમિત નિમણૂક તા.૧/૪/૨૦૦૫ પછી થઈ હોય અથવા તા.૧/૪/૨૦૦૫ પહેલાં ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ હોય પરંતુ વહીવટી કારણોસર તેમની નિમણૂક તા.૧/૪/૨૦૦૫ પછીની હોય તેવા તમામને મળીને અંદાજિત ૬૦,૨૪૫ જેટલા અધિકારી-કર્મચારીઓને જૂની પેન્શન યોજના સ્વીકારવા માટે વન ટાઈમ વિકલ્પ આપવાની રજૂઆત વિવિધ કર્મચારી મંડળો દ્વારા કરવામાં આવી છે. જેનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું કે, કર્મચારી મંડળો દ્વારા ઉચ્ચક બદલી મુસાફરી ભથ્થું તેમજ વયનિવૃત્તિ સમયનું ઉચ્ચક મુસાફરી ભથ્થું સાતમાં પગાર પંચ પ્રમાણે અમલમાં લાવવા માટે રજૂઆતો કરવામાં આવી હતી. આ ઉપરાંત ચાર્જ એલાઉન્સ જે અત્યારે બેઝીક પગારના પાંચ કે ૧૦ ટકા આપવામાં આવે છે, તેને સાતમાં પગાર પંચ મુજબ આપવામાં આવે, મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થાના દર સુધારવામાં આવે તેમજ વયનિવૃત્તિ અને અવસાન ગ્રેજ્યુઈટીની રકમમાં વધારો કરવાની બાબતોને લગતી રજૂઆતો રાજ્ય સરકારને મળી હતી. મુખ્યમંત્રીની આગેવાની હેઠળ કેબિનેટ બેઠકમાં ઉપરોક્ત તમામ માગણીઓને સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરાયો છે. જેનો વિગતવાર ઠરાવ વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. સરકારી કર્મચારીઓના હિતમાં સ્વીકાર કરાયેલા જૂની પેન્શન યોજના સિવાયના નિર્ણયોમા રાજ્ય સરકારની તિજોરી પર વાર્ષિક આશરે રૂા.૨૦૦ કરોડથી વધુની રકમનું ભારણ પડશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

### વડાપ્રધાન મોદીના નેતૃત્વના ૨૩ વર્ષ પૂર્ણ

# રાજ્યમાં દર વર્ષે ૭થી ૧૫ ઓક્ટોબરે વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે

## રાજ્યમાં જનભાગીદારી જોડીને વિવિધ આયોજનો હાથ ધરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

પીએમ નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને વિકાસની રાજનીતિનો એક નવો અધ્યાય શરૂ થયો હતો. ૭ ઓક્ટોબર ૨૦૦૧થી ગુજરાતના વિકાસની જે વણથંભી યાત્રા શરૂ થઈ તેને સોમવાર તા. ૭ ઓક્ટોબર ૨૦૨૪ના ૨૩ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. પીએમ નરેન્દ્રમોદીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી લઈને અત્યાર સુધીની ગ્લોબલ ગુજરાતની સંકલ્પ સિદ્ધિની આ બહુવિધ વિકાસ યાત્રા અને જનહિતકારી સુશાસનની ગાથા જન જન સુધી ઉજાગર કરવા દર વર્ષે તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણી કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકે પીએમ નરેન્દ્ર મોદીએ ગુજરાતના આ વૈશ્વિક અને બહુમુખી વિકાસ માટે આપેલા યોગદાનનો ઋણસ્વીકાર કર્યો હતો. ગુજરાતની આ સર્વાંગી વિકાસ યાત્રાને વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી દ્વારા મળી રહેલા સતત માર્ગદર્શન માટે પણ આભાર વ્યક્ત કર્યો હતો અને ૨૦૦૧થી ૨૩ વર્ષ સુધી તેમની પ્રેરણાથી ગુજરાતે વિકાસ અને સુશાસનના જે નવા સીમચિહ્નો અંકિત કર્યા છે તેની ઉજવણી દર વર્ષે વિકાસ સપ્તાહથી કરવાનો નિર્ણય કર્યો હતો.

આ વિકાસ સપ્તાહ દરમિયાન વિવિધ થીમ સાથે યોજાનારા કાર્યક્રમોની વિસ્તૃત ભૂમિકા રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આપી હતી. પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન જે વિવિધલક્ષી કાર્યક્રમો રાજ્યભરમાં યોજાવાના છે તેમાં જે-તે સ્થળના સ્થાનિક કલાકારોની પ્રસ્તુતિના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત 'વિકાસ સપ્તાહ' હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો નરેન્દ્ર મોદીની સુશાસન પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે. ગુજરાતમાં પીએમ નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં ૨૩ વર્ષના સુશાસનમાં વિકાસ કામોથી પ્રસિદ્ધ એવા વિવિધ જિલ્લાઓ-શહેરોના ૨૩ જેટલા આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં પીએમ નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને સુપરિચિત કરાશે.

રાજ્યના પ્રખ્યાત જાહેર સ્થળોની દિવાલો પર વૉલ પેઈન્ટિંગથી ૨૩ વર્ષની વિવિધ ક્ષેત્રોની વિકાસયાત્રાની ઝાંખી પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં રૂપિયા ત્રણ હજાર પાંચસો કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન કરવામાં આવશે.

હવે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા સંકલ્પમાં વિકસિત ગુજરાત બનાવવાનું લક્ષ્ય સિદ્ધ કરવું છે. આ લક્ષ્યાંક સિદ્ધિથી રાજ્યની વિકાસગાથાને વધુ ઉન્નત બનાવવા આગામી સમયમાં દર વર્ષે સુનિયોજિત રીતે વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

### ડીસાના ખીમંત પાસે અકસ્માત

# ગરબા જોઈ પરત ફરતા બાઈકસવાર યુવાનોને કારે ટક્કર મારી : ત્રણનાં મોત

## મોટરસાઈકલના ફૂરચેફૂરચા નીકળી ગયા | ફોર્ચ્યુનરે બાઈકને ૨૦૦ મીટર સુધી ઢસડ્યું

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૬

બેફામ વાહનચાલકોને લઈ રાહદારીઓ અને અન્ય વાહનચાલકોને મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. પૂરઝડપે ગાડી હંકારતા નબીરાઓ તેમજ ચાલકો બાદમાં સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જે છે. જેને લઈ અન્ય નિર્દોષ લોકો પણ વાહનની અડફેટે આવતા ઈજાગ્રસ્ત અથવા તો મોતને ભેટી જાય છે. રાજ્યમાં તાજેતરમાં બે વિવિધ અકસ્માતમાં કુલ ૬ લોકોનાં મોત નિપજ્યા હતા. ત્યારે ફરી એકવાર અકસ્માતની ઘટના સામે આવી છે. બનાસકાંઠા જિલ્લાના ખીમંત ગામે મોડી રાત્રે ગરબા જોઈ પરત જતા બાઈક સવાર યુવકોને ફોર્ચ્યુનર કારે જોરદાર ટક્કર મારતા ત્રણ લોકોનાં મોત નિપજતા સમગ્ર જિલ્લામાં અરેરાટી પ્રસરી જવા પામી છે. ઘટનાના પગલે



ધાનેરા પોલીસ દ્વારા અકસ્માતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જ્યારે આજે સવારે ડીસા તાલુકાના ધાડા ગામે એકસાથે ત્રણ યુવાનોની સ્મશાનયાત્રા નીકળતાં આખું ગામ હીબકે ચડ્યું હતું અને ખીમત ગામ સહિત દરબાર સમાજમાં શોકનો માહોલ છવાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મહીપતસિંગ વાઘેલા, પંકજસિંગ વાઘેલા, યોગેન્દ્રસિંગ વાઘેલા અને મહાવીરસિંગ વાઘેલા નામના યુવકો પોતાનું મોટરસાયકલ લઈને ધાનેરાના ખીમંત ગામે

**મૃતકોનાં નામ**
મહીપતસિંગ ભજુસિંગ વાઘેલા
પંકજસિંગ ધારૂસિંગ વાઘેલા
યોગેન્દ્રસિંગ વીજુસિંગ વાઘેલા

ગરબા જોવા માટે ગયા હતા. ચારેય મિત્રો રાત્રિના સાડા અગિયાર વાગ્યાના અરસામાં ગરબા જોઈને પરત પોતાના ગામ ધાડા જઈ રહ્યા હતા ત્યારે ખીમંત ગામના ઉમેદપુરાના પાટીયા પાસે સામેથી આવી રહેલી ફોર્ચ્યુનર કારના ચાલકે ટક્કર મારતા રસ્તા પર મરણ ચીસો ગુંજી ઉઠી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, ત્રણ યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા જ્યારે અન્ય એક ઘાયલ થતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પૂરપાટ ઝડપે કાર ચલાવી રહેલા ફોર્ચ્યુનરના ચાલકે મોટરસાઈકલને અડફેટે લઈને ૨૦૦ મીટર સુધી ઢસડ્યું હતું. ધાનેરાના ખીમંત પાસે અકસ્માત સર્જનાર ફોર્ચ્યુનર કારમાં બે લોકો સવાર હોવાનું અને અકસ્માત બાદ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હોવાનું સામે આવ્યું છે. આ અકસ્માતના જે વીડિયો વાઈરલ થયા છે તેમાં એક વીડિયોમાં ફોર્ચ્યુનર કારમાં દારૂની બોટલ પડી હોવાનું પણ જોવા મળી રહ્યું છે. જો કે, એસપીએ જણાવ્યું હતું કે, ફોર્ચ્યુનર કારનો દારૂની હેરાફેરીમાં ઉપયોગ થતો હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. કાર કબજે કરી લેવામાં આવી છે અને આરોપીને પણ ઝડપી પડાશે. મોટરસાઈકલના ટુકડેટુકડા થઈ ગયા હતા. ફોર્ચ્યુનર કારમાં એકપણ નંબર પ્લેટ લાગેલી ન હતી. પરંતુ, કારની અંદરથી GJ10 CN 5355 નંબરની કુલ ત્રણ નંબર પ્લેટ મળી આવી છે.

### રસ્તાના અભાવે પ્રસૂતાનું મોત થયું હતું

# હાઈકોર્ટની ફટકાર બાદ સરકારે તુરખેડા ગામમાં ૯ કિ.મી.નો રસ્તો મંજૂર કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

છોટાઉદેપુર જિલ્લામાં પ્રસૂતાને ઝોળીમાં નાખીને લઈ જતી વખતે મૃત્યુ થયું હતું. આ ગંભીર ઘટનાને લઈને સરકાર અને પ્રશાસન સામે લોકોએ રોષ ઠાલવ્યો હતો. તો ગુજરાત હાઈકોર્ટે પણ તેની ગંભીરતાની નોંધ લઈ સુઓમોટો રિટ દાખલ કરી સરકારને ફટકાર લગાવી હતી. જેથી સરકારે રાતોરાત છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના તુરખેડા ખાતે રૂા.૧૮.૫૦ કરોડના ખર્ચે ૯ કિલોમીટરનો રસ્તો મંજૂર કર્યો છે. આ ઘટના બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક આ રોડને મંજૂર કર્યો છે. જેમાં તુરખેડા ગામના હાંડલાબારી ફળિયાથી ગીરમટીયા આંબા ફળિયા અને બસ્કરીયા ફળિયાને જોડતો ૯ કિલોમીટર લાંબો રોડ બનાવવામાં આવશે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના તુરખેડા ગામે પ્રસૂતાને ઝોળીમાં નાખીને લઈ જતી વખતે મૃત્યુ થયું હતું. માતાના મૃત્યુ બાદ તેના ચાર બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી છે. તુરખેડા ગામમાં ૧૨ ફળિયા છે, જ્યારે આ ફળિયામાં આઝાદીના આટલા વર્ષો પછી પણ રસ્તાની સુવિધા ન હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચી શકતી નથી. જ્યારે આ ઘટનામાં હાઈકોર્ટે સુઓમોટો દાખલ કરીને મુખ્ય સચિવ પાસે ખુલાસો માંગ્યો હતો.

### અઠવાડિયા સુધી હવામાન સૂકું રહેવાની આગાહી

# રાજ્યમાં ચોમાસાની વિદાય બાદ ગરમી અને બફારાનો અનુભવ

## કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા સામાન્ય વરસાદી ઝાપટાંની શકયતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૬

ચોમાસાએ રાજ્યમાં મોટા ભાગના વિસ્તારોમાંથી હાલ વિદાય લઈ લીધી છે. રાજ્યમાં કોઈપણ જગ્યાએ વરસાદ પડવાની સ્થિતિ દર્શાવાઈ રહી નથી. જો કે, રાજ્યના કેટલાક વિસ્તારોમાં ગરમી અને બફારાનો અનુભવ લોકો કરી રહ્યા છે. અમદાવાદ સહિતના જિલ્લાઓમાં તાપમાનમાં અમુક પણે વધારો થયો છે. ગુજરાતમાં વરસાદ તો પડી નથી રહ્યો પરંતુ બફારો અને ગરમી વધી રહી છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આપેલી આગાહી પ્રમાણે, વલસાડ અને ડાંગ જિલ્લામાં તથા દમણ અને દાદરાનગર હવેલીમાં છૂટાછવાયા વરસાદની સંભાવના દર્શાવાઈ રહી છે. આ ઉપરાંતના કોઈપણ જિલ્લામાં વરસાદની કોઈ શક્યતા દર્શાવવામાં આવી નથી. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, સાતથી ૧૩ તારીખ સુધી એટલે કે સોમવારથી રવિવાર સુધી સમગ્ર ગુજરાતમાં વરસાદની કોઈ આગાહી નથી. ગુજરાતનું હવામાન સૂકું રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે તાપમાન અંગેની માહિતી પણ આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ૨૪ કલાક સુધી તાપમાન યથાવત્ રહેશે જે બાદ મહત્તમ અને ન્યૂનતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાવવાની શક્યતા છે. તો બીજી બાજુ હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ વરસાદ, વાવાઝોડું અને ચોમાસાની વિદાય અંગેની માહિતી આપી છે. તેમણે પાંચમી ઓક્ટોબરની રાતે આપેલી આગાહીમાં જણાવ્યું છે કે, સામાન્ય રીતે નૈઋત્યનું ચોમાસું પાંચમી ઓક્ટોબર સુધીમાં આખા ગુજરાતમાંથી વિદાય લઈ લેતું હોય છે. પણ આ વખતનું ચોમાસું લાંબુ છે. આજે પણ રાજ્યના અમુક વિસ્તારોમાં ચોમાસું સક્રિય છે. જેમાં દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં હજી ચોમાસું સક્રિય છે. જોકે, આવનારા દિવસોમાં દક્ષિણ ગુજરાતના ભાગોમાંથી પણ ચોમાસાની વિદાય થઈ જશે. આ સાથે તેમણે જણાવ્યું છે કે, હજુ પણ સાત-આઠ તારીખની આસપાસ છૂટાછવાયા સામાન્ય વરસાદી ઝાપટાંની શક્યતા છે. આ વરસાદ સાતથી નવ તારીખ સુધીમાં થઈ શકે. આ વરસાદથી ખેતીકામમાં કંઈ ખલેલ નહીં પહોંચે.

# દુબઈમાં નોકરી કરવા ગયેલી અમદાવાદની મહિલાને પૈસા ન આપી હેરાન કરી

## ઝેરી દવા પી મહિલાનો આપઘાત : સુસાઈડ નોટ મળી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદ શહેરના સરખેજમાં રહેતી મહિલાએ ૧૬ સપ્ટેમ્બરના રોજ પોતાના ઘરે ઝેરી દેવા ખાઈને આપઘાત કરી લીધો હતો. મહિલા જયારે દુબઈમાં નોકરી કરવા ગઈ હતી ત્યારે ત્યાં તેના શેઠ અને તેના પરિવારે મહિલાના પૈસા પડાવી લીધા હતા. ત્યાર બાદ મહિલાને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા. જેના કારણે મહિલા ટેન્શનમાં આવી ગઈ હતી. જેથી પોતાના ઘરે જ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. મહિલાએ જતાં જતાં સુસાઈડ નોટ લખી હતી. જેમાં તેણે દુબઈમાં રહેતા લોકો પર આક્ષેપ કર્યો છે. સરખેજ પોલીસે દુબઈમાં રહેતા છ શખસો વિરૂદ્ધમાં આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરિત કરવાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મહિલાએ સુસાઈડ નોટમાં લખ્યું હતું કે, મારી મોતના જીમ્મેદાર અખ્તર અને એના ઘરવાળા છે. મારૂં નામ તસ્લીમબાનું લિયાકત પઠાણ. હું પોતે લખું છું. મારી મોતના જીમ્મેદાર અખ્તર અને એનો બાપ અબ્દુલ ગફાર, એનો ભાઈ ગુલામ યસદાની, જમીલ, એનો છોકરો ફૈઝાન અને એની બયરી બહીસતુન આ બધા મારી મોતના જીમ્મેદાર છે. મેં જોબ માટે દુબઈ જવા ફોન પર વાત કરી પછી હું મુંબઈમાં અખ્તરને મળી અને દુબઈ જવાના વિઝાના પૈસા એના હાથમાં આપ્યા. ૮૦ હજાર વિઝાના આપ્યા. ૨૩ મહિના ગયા પછી મારો પાસપોર્ટ લઈ લીધો. કામ મને કોઈ આપ્યું નહીં અને મારા જોડે મગજમારી કરતો. પૈસા માટે મેં મારા દાગીના ત્યાં વેચી નાખ્યાં. પાછી ત્યાં ધમકી આપે કે વેચી નાખીશ અહીંયા. બધી છોકરીઓ વેચાય છે. મેં બીકના કારણે બધું એનું સાંભળી બધું કામ કર્યું. મહિલાના પતિ લિયાકત ખાને સુસાઈડ નોટના આધારે દુબઈમાં રહેતા અખ્તર, અબ્દુલ ગફાર, ગુલામ યસદાની, જમીલ, ફૈઝાન અને બહીસુતન નામના છ શખસો વિરૂદ્ધ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સરખેજ પોલીસે મહિલાના પતિની ફરિયાદ આધારે તપાસ હાથ ધરી છે.

# ઓસ્ટ્રેલિયામાં નોકરી આપવાની લાલચે યુવક પાસેથી ૧૨ લાખ પડાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદ શહેરના કૃષ્ણનગરમાં રહેતા વિદ્યાર્થીને ઓસ્ટ્રોલિયા વર્ક પરમીટ આપવાનું કહી ગઠિયાએ ૧૨ લાખ એજન્ટે લીધા હતા. ત્યાર બાદ તેને આર્મેનિયા દેશમાં લઈ ગયો હતો. જ્યાં ઓસ્ટ્રેલિયા જવા ટિકિટ પેટે ૨૫૦૦ ડૉલર પડાવ્યા હતા અને એરપોર્ટ પર મોકલ્યો હતો. જ્યાં ઈમિગ્રેશન અધિકારીએ તપાસ કરતા વિઝા નકલી હોવાનું સામે આવ્યું હતું. ત્યાર બાદ યુવક અમદાવાદ પરત આવી ગયો હતો. આ અંગે વિદ્યાર્થીએ એજન્ટ સામે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ઠક્કરનગરમાં ૨૧ વર્ષીય દિપક પટેલ પરિવાર સાથે રહે છે અને સી.યુ. શાહ કોલેજમાં અભ્યાસ કરે છે. દોઢ મહિના અગાઉ દિપકના કાકાના સાઢુભાઈ જય પટેલ સાથે દિપકનો સંપર્ક થયો હતો. જય વર્ક પરમીટ વિઝાનું કામ કરતો હોવાથી તેની સાથે દિપકે વર્ક પરમીટ માટે વાતચીત કરતો હતો. ત્યારે જયે દિપકને ઓસ્ટ્રેલિયા જવાનું હોવાથી ૧૨ લાખ વર્ક પરમીટ વિઝા કરી આપવાનું કહ્યું હતું. જેથી દિપકે ૧૨ લાખ આપ્યા હતા. બાદમાં જયે વિઝાની પ્રોસેસ કરીને ઓસ્ટ્રેલિયાના વિઝિટર વિઝાની માહિતી મોકલી આપી હતી.

બાદમાં જયે જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયા આર્મેનિયા થઈ જવું પડશે અને ગત પાંચ માર્ચે ૨૦૨૪ની અરમેનિયાની ટિકીટ આપી હતી. જેથી દિપક આર્મેનિયા ગયો હતો. જ્યાં પહોંચ્યા બાદ જયે તેનો ઓરિજનલ પાસપોર્ટ લઈ લીધો હતો અને પછી તેણે ઓસ્ટ્રેલિયાના વિઝા આપતા દિપકે જણાવ્યું હતું કે, વર્ક પરમીટ વિઝાની વાત થઈ હતી. ત્યારે તેણે જણાવ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા પહોંચ્યા બાદ વર્ક પરમીટ વિઝા આપી દઈશ. ગત ૨૫ માર્ચે ઓસ્ટ્રેલિયા જવાની ટિકિટ કરી આપવાનું કહી બીજા ૨૫૦૦ ડૉલર માંગ્યા હતા અને આ પૈસા પછી પાછા આપી દઈશ તેમ જણાવ્યું હતું. ત્યાર બાદ તે આર્મેનિયા એરપોર્ટ પરથી ઓસ્ટ્રેલિયા જવા નીકળ્યો હતો.

ત્યારે એરપોર્ટ અધિકારીએ જણાવ્યું હતું કે, તમે ઓસ્ટ્રેલિયા જઈ શકો નહીં તમારા વિઝા નકલી છે. ત્યાર બાદ દિપક પરત હોટલ જતો રહ્યો હતો. ત્યારે જયે ફરી અઠવાડિયામાં વિઝા કરી આપીશ તેમ જણાવ્યું હતું. પરંતુ વિઝા આપ્યા ન હતા. જેથી જયે જણાવ્યું હતું કે, તું ભારત પરત આવી જા, તારૂ કામ નહીં થાય તો તારા રૂપિયા પરત આપી દઈશ. ત્યાર બાદ દિપક આર્મેનિયાથી ભારત પરત આવી ગયો હતો પછી તપાસ કરતા વિઝા નકલી હોવાનું સામે આવ્યું હતું. આ અંગે દિપકે જય સામે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

### એટીએમમાં જતા લોકો સાથે ઠગાઈ કરનાર ટોળકી ઝડપાઈ

# સંતરામપુર નજીક એટીએમમાં કાર્ડ બદલી ઠગાઈ કરતા ઉત્તરપ્રદેશના ચાર ઠગ ઝડપાયા

સંતરામપુર,તા.૬

એટીએમમાં કાર્ડ અદલા બદલી કરી લોકો સાથે ઠગાઈ કરતી ઉત્તરપ્રદેશની ટોળકીના ૪ સાગરિતોને મહિસાગર એલસીબીએ ઝડપી પાડી ૩.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. મહિસાગર એલસીબી ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સંતરામપુર તરફથી લુણાવાડા તરફ એક સ્વીફ્ટ કાર આવી રહી હતી. જે ગાડીમાં બેસેલ ઈસમો તથા કારની અંદર તપાસ કરતા ચાર ઈસમો મળી આવ્યા હતા. જેમની તલાસી લેતા ૪૦ જેટલા એટીએમ કાર્ડ મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે કડકાઈપૂર્વક પૂછપરછ કરતા આ ટોળકી એટીએમમાં જઈ જે ગ્રાહકોના નાણાં ન નીકળે તેની મદદના બહાને કાર્ડ બદલી નાખતા હતા. આ અંગે પોલીસે તપાસ કરતા રાજયના જાલોદ, કરજણ, વડોદરા સહિત અન્ય રાજયોમાં પણ આ પ્રકારે ઠગાઈ કર્યાનું સામે આવ્યું હતું. પોલીસે ઝડપાયેલ ચારેય ઈસમો પાસેથી ૩.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કરી આરોપીઓના રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

# જામિઆ ઈબ્ને અબ્બાસ ટ્રસ્ટ દ્વારા બીજો સર્વધર્મ લગ્ન મહોત્સવ યોજાયો




રવિવારના રોજ અમદાવાદ શહેરના જુહાપુરા વિસ્તારમાં આવેલ ગાંધી હોલ ખાતે જામિઆ ઈબ્ને અબ્બાસ ટ્રસ્ટ દ્વારા બીજો સર્વધર્મ સમૂહ લગ્ન મહોત્સવ (ઈજતેમાઈ નિકાહ-૨૦૨૪)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ લગ્ન મહોત્સવમાં ૫૧ જોડાઓ લગ્નગ્રંથિથી જોડાયા. સમારોહના પ્રમુખ તરીકે મુફ્તી અહમદભાઈ દેવલા દા.બ. (જંબુસર) ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મુખ્ય અતિથિ તરીકે જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા હાજર રહ્યા. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા મુફ્તી ઉમરઆબીદીન મદની કાસમી (હૈદરાબાદ), મુફ્તી શફીકભાઈ બરોડવી દા.બ. હતા. જ્યારે કારી ઈરફાનભાઈ બેંગલોરી દા.બ.એ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મુફ્તી રીઝવાન તારાપુરીએ સેવાઓ આપી હતી. આ પ્રસંગે ઉલમા-એ-કિરામ, ધારાસભ્યો, કાઉન્સિલરો, સામાજિક કાર્યકરો અને એન.જી.ઓ.ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મધ્ય ગાઝામાં મસ્જિદ પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૨૬ લોકોનાં મોત

(એજન્સી) તા.૬

પેલેસ્ટીની તબીબી અધિકારીઓએ જણાવ્યું કે, રવિવારે વહેલી સવારે ઈઝરાયેલી હવાઈ હુમલામાં મધ્ય ગાઝામાં ઓછામાં ઓછા ૨૬ લોકો મૃત્યુ પામ્યા. હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું કે, આ હુમલો દેર અલ-બાલાહ શહેરમાં અલ-અક્સા શહીદ હોસ્પિટલ નજીક વિસ્થાપિત લોકોને આશ્રય આપતી એક મસ્જિદ પર થયો હતો. આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, 'ઈબ્ન રૂશદ સ્કૂલ અને અલ અક્સા શહીદ મસ્જિદમાં વિસ્થાપિત લોકોને નિશાન બનાવવાના પરિણામે હોસ્પિટલોમાં લાવવામાં આવેલા શહીદોની સંખ્યા ૨૬ પર પહોંચી ગઈ છે, અને ઘણા અન્ય ઘાયલ થયા છે,' આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. ગાઝા સિવિલ ડિફેન્સ એજન્સીએ અગાઉ જણાવ્યું કે મધ્ય ગાઝાના દેર અલ-બલાહ વિસ્તારમાં સવાર પહેલા થયેલા હુમલામાં ૨૬ લોકોના મોત થયા છે. ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું કે તેણે મસ્જિદમાં 'કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની અંદર કાર્યરત હમાસના આતંકવાદીઓ સામે ચોક્કસ હુમલો શરૂ કર્યો હતો'. પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં અનુસાર, ગાઝામાં પેલેસ્ટીનીઓના મૃત્યુની સંખ્યા તાજેતરના હુમલાઓને કારણે વધી રહી છે, જે ૪૨,૦૦૦ની નજીક પહોંચી રહી છે. મંત્રાલય નાગરિક અને આતંકવાદી મૃત્યુ વચ્ચે તફાવત કરતું નથી, પરંતુ મૃતકોમાં ઘણી સ્ત્રીઓ અને બાળકો હતા. રવિવારની વહેલી સવારે આ હુમલો એવા સમયે થયો જ્યારે ઈઝરાયેલે શનિવારે લેબેનોન પર બોમ્બમારો કરીને હિઝબુલ્લાહ અને હમાસ લડાકુઓના નિશાન બનાવ્યા. પેલેસ્ટીની શરણાર્થીઓ સહિત લેબેનોનમાં હજારો લોકો આ ક્ષેત્રમાં વધી



રહેલા સંઘર્ષથી ભાગી રહ્યા છે, જ્યારે ગાઝામાં યુદ્ધની શરૂઆતની વર્ષગાંઠ નિમિત્તે વિશ્વભરમાં રેલીઓ યોજવામાં આવે છે. શનિવારની મધ્યરાત્રિની આસપાસ શક્તિશાળી વિસ્ફોટો શરૂ થયા હતા અને રવિવાર સુધી ચાલુ રહ્યા હતા, કારણ કે ઈઝરાયેલી દળોએ બૈરૂતની દક્ષિણી ધાર પરના દહિયાહના મુખ્યત્વે શિયા ઉપનગરમાં વિસ્તારો ખાલી કરવા માટે રહેવાસીઓને વિનંતી કરી હતી. એપી વીડિયોમાં વિસ્ફોટો ગીચ વસ્તીવાળા ઉપનગરોને પ્રકાશિત કરે છે, જ્યાં હિઝબુલ્લાહ મજબૂત હાજરી ધરાવે છે. ત્યાર બાદ છૂટાછવાયા હુમલાઓનો દિવસ હતો અને રિકોનિસન્સ ડ્રોનનો લગભગ સતત અવાજ હતો. ઈઝરાયેલી સૈન્યએ સમર્થન કર્યું કે તે બૈરૂત નજીકના લક્ષ્યો પર હુમલો કરી રહી છે અને જણાવ્યું કે લગભગ ૩૦ મિસાઈલો લેબેનોનથી ઈઝરાયેલી પ્રદેશમાં પ્રવેશી હતી, જેમાંથી કેટલીકને અટકાવવામાં આવી હતી. કથિત રીતે હુમલામાં લેબેનોનના એકમાત્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફ જતા રસ્તાની નજીકની ઈમારત અને હિઝબુલ્લાહ સંચાલિત પ્રસારણકર્તા અલ-મનાર દ્વારા અગાઉ ઉપયોગમાં લેવાતી અન્ય ઈમારતને નિશાન બનાવવામાં આવી હતી. સોશિયલ મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો કે હુમલામાં ઓક્સિજન ટાંકી સ્ટોરેજ ફેસિલિટીને નિશાન બનાવવામાં આવી હતી, પરંતુ બાદમાં કંપનીના માલિક દ્વારા આ વાતને નકારી કાઢવામાં આવી હતી. તરત જ, હિઝબુલ્લાહે એક નિવેદનમાં દાવો કર્યો કે તેણે 'ઉત્તરી ઈઝરાયેલમાં મનારા વસાહત નજીક ઈઝરાયેલી સૈનિકોના સમૂહને એક મોટા રોકેટ વડે સફળતાપૂર્વક નિશાન બનાવ્યું અને તેમને સચોટ રીતે માર્યા.' પેલેસ્ટીની આતંકવાદી સમૂહે જણાવ્યું કે શનિવારે ઉત્તારીય બેદદાવી કેમ્પ પર ઈઝરાયેલના હુમલામાં હમાસની લશ્કરી શાખાના એક અધિકારી, તેની પત્ની અને બે નાની પુત્રીઓ મૃત્યુ પામ્યા હતા. હમાસે બાદમાં જણાવ્યું કે લેબેનોનની પૂર્વ બેકા ખીણમાં ઈઝરાયેલના હુમલામાં લશ્કરી શાખાનો અન્ય એક સભ્ય મૃત્યુ પામ્યો હતો. ત્યારપછીના દૃશ્યમાં તૂટેલી ઈમારતો, વેરવિખેર ઈંટો અને સીડીઓ ક્યાંય જતી દેખાતી હતી.

# યુદ્ધ વકરતા લેબેનોનથી હજારોનું પલાયન ઈઝરાયેલે બોમ્બમારામાં વધારો કર્યો

(એજન્સી) તા.૬

ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે ભયંકર યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે ઈઝરાયલે લેબેનોનમાં બેફામ બોમ્બમારાની શરૂઆત કરી દીધી છે. જેના પગલે લેબેનોનમાંથી હજારો નહીં પણ લાખોની સંખ્યામાં લોકોએ પલાયન કરવાની શરૂઆત કરી દીધી છે અને તેઓ મોટાપાયે તો સીરિયા તરફ ભાગી રહ્યા છે. શક્તિશાળી નવા વિસ્ફોટો સાથે શનિવારના અંતમાં બૈરૂતના દક્ષિણ ઉપનગરોને હચમચાવી દીધા હતા કારણ કે ઈઝરાયલે લેબેનોનમાં બોમ્બમારામાં વધારો કર્યો હતો અને ઉત્તરમાં પેલેસ્ટીની શરણાર્થી શિબિરને પણ પ્રથમ વખત ત્રાટક્યું હતું કારણ કે તેણે હિઝબુલ્લાહ અને હમાસ લડવૈયાઓ બંનેને નિશાન બનાવ્યા હતા. લગભગ ૪૦,૦૦૦ પ્રો-પેલેસ્ટીની પ્રદર્શનકારોએ મધ્ય લંડનમાં કૂચ કરી હતી જ્યારે હજારો પેરિસ, રોમ, મનિલા, કેપ ટાઉન અને ન્યૂ યોર્ક સિટીમાં પણ એકઠા થયા હતા. વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસની નજીક પણ દેખાવો યોજવામાં આવ્યા હતા, જેમાં ગાઝા અને લેબેનોનમાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીનો વિરોધ કરાયો હતો. આ સાથે અમેરિકા દ્વારા ઈઝરાયલને કરવામાં આવી



રહેલા સમર્થનને પણ વખોડવામાં આવ્યું હતું. પેલેસ્ટીની શરણાર્થીઓ સહિત લેબેનોનમાં હજારો લોકો આ ક્ષેત્રમાં વિસ્તરતા સંઘર્ષથી પલાયન કરવાનું ચાલુ રાખ્યું હતું, જ્યારે ગાઝામાં યુદ્ધની શરૂઆતની નજીક આવી રહેલી વર્ષગાંઠ નિમિત્તે વિશ્વભરમાં રેલીઓ યોજવામાં આવી હતી. બીજી બાજુ ઈઝરાયલ દ્વારા જોરદાર વિસ્ફોટ અને હુમલા મધ્યરાત્રિની નજીક શરૂ થયા અને રવિવાર સુધી ચાલુ રહ્યા જ્યારે ઈઝરાયેલની સૈન્યએ બેરુતની દક્ષિણી ધાર પરના ઉપનગરોનો મુખ્યત્વે શિયા સંગ્રહ દહીયેહમાં રહેવાસીઓને વિસ્તારો ખાલી કરવા વિનંતી કરી. ઈઝરાયલની સૈન્યએ પુષ્ટિ કરી કે તે બેરૂત નજીકના લક્ષ્યો પર હુમલો કરી રહ્યો છે અને કહ્યું કે લગભગ ૩૦ અસ્ત્રો લેબનોનથી ઈઝરાયેલના પ્રદેશમાં પ્રવેશ્યા હતા, જેમાં કેટલાકને અટકાવવામાં આવ્યા હતા. હમાસ સંચાલિત ગાઝામાં આરોગ્ય મંત્રાલયે શનિવારે (૫ ઓક્ટોબર, ૨૦૨૪) જણાવ્યું હતું કે ઈઝરાયેલ અને પેલેસ્ટિનિયન આતંકવાદીઓ વચ્ચેના લગભગ એક વર્ષના યુદ્ધમાં ઓછામાં ઓછા ૪૧,૮૨૫ લોકો માર્યા ગયા છે.

# ગાઝા પર જેવિયર બાર્ડેમ : 'જ્યારે ઈઝરાયેલ યુદ્ધ ગુનાઓ કરે છે ત્યારે આપણે ઉદાસીન રહી શકતા નથી'

(એજન્સી) તા.૬

વિખ્યાત સ્પેનિશ અભિનેતા અને ઓસ્કાર વિજેતા જેવિયર બાર્ડેમે ગયા અઠવાડિયે સાન સેબેસ્ટિયન ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ સ્વીકારતી વખતે ગાઝા પટ્ટી સામે ઈઝરાયેલના નરસંહારની લડાઈ વિશે વાત કરી હતી અને તાત્કાલિક યુદ્ધવિરામ, હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા અને કબજાવાળા લોકોની મુક્તિની માંગ કરી હતી. વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સામે કાર્યવાહીની માગણી કરી હતી.

તેમના સ્વીકૃતિ ભાષણમાં બાર્ડેમે જણાવ્યું કે, 'હું તેને ઊંડી કૃતજ્ઞતા અને ખૂબ આનંદ સાથે સ્વીકારૂં છું, પરંતુ મને ઉજવણી કરવાની લાગણી નથી. વિશ્વની જેમ તે છે, મારા માટે કંઈપણ ઉજવવું અશક્ય છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'હું માનું છું કે, ઈઝરાયેલની સરકાર ઈઝરાયેલના ઈતિહાસની સૌથી કટ્ટરપંથી સરકાર છે અને તે માનવતા વિરુદ્ધ ગુનાઓ કરી રહી છે, તે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ગુનાઓ કરી રહી છે, જેની તપાસ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ દ્વારા થવી જોઈએ.' ૭ ઓકટોબરના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા ક્રૂર, ભયાનક અને નિંદાપાત્ર



રીતે ઘાતકી હુમલા કરવામાં આવ્યા છે અને સ્પષ્ટપણે છે કે, જે પેલેસ્ટીની વસ્તીને આપવામાં આવતી સંપૂર્ણ સજાને યોગ્ય ઠેરવતા નથી.' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, 'વિવિધ મધ્યસ્થીઓ સામેલ હોવા જોઈએ, કારણ કે, નેતાન્યાહુ સરકાર અને હમાસ નેતાઓ ક્યારેય સમજૂતી પર પહોંચી શકશે નહીં.' બાર્ડેમે ઈઝરાયેલના સાથીઓની ટીકા કરતા જણાવ્યું કે, હું માનું છું કે, યુએસ, જર્મની, બ્રિટન જેવા દેશોએ ખાસ કરીને જ્યારે આપણે માનવાધિકાર વિરુદ્ધના ગુનાઓ જોઈએ છીએ ત્યારે તેમના વર્તન અને તેમના બિનશરતી સમર્થનના તર્ક પર પુનર્વિચાર કરવાની જરૂર છે, અમે આના પ્રત્યે ઉદાસીન રહી શકીએ નહીં. આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવે. તેમણે જણાવ્યું કે, આપણે બધા એક સમાજ છીએ, આપણે બધા એક વિશ્વ છીએ અને આપણે બધા જે થઈ રહ્યું છે તેનો ભોગ બનીએ છીએ, કદાચ બીજા કે ત્રીજા સ્તર પર, પરંતુ તેમ છતાં આપણે પીડિત છીએ. તેમણે જણાવ્યું કે, 'મને લાગે છે કે, સમાજ એ સમજવા લાગ્યો છે કે, કોઈપણ સરકાર અથવા રાજ્યની ટીકા કરવાનો કાયદેસર અધિકાર, આ કિસ્સામાં યહૂદી વિરોધીના ખોટા આરોપ અથવા હમાસની ટીકા કરવાના કિસ્સામાં, ઈસ્લામોફોબિયા સાથે કોઈ લેવા-દેવા નથી.' ઉજવણી વખતે બાર્ડેમે જણાવ્યું કે, 'હું માનું છું કે, આપણે શાંતિ લાવવામાં મદદ કરી શકીએ છીએ અને આપણે કરવી જોઈએ. જો આપણે અલગ અભિગમ અપનાવીએ તો આપણને અલગ પરિણામો મળશે. ઈઝરાયેલની સુરક્ષા અને સમૃદ્ધિ અને સ્વતંત્ર પેલેસ્ટીનનું સ્વાસ્થ્ય અને ભવિષ્ય ફક્ત સંસ્કૃતિ દ્વારા જ શક્ય બનશે. શાંતિ, સહઅસ્તિત્વ અને આદરથી.'

# 'તમે સમર્થન આપો કે, ન આપો અમે જીતીશું' નેતાન્યાહુનો પશ્ચિમી નેતાઓ પર હુમલો

## ઈઝરાયેલના પીએમએ કહ્યું કે, ઈમેન્યુઅલ મેક્રોન અને અન્ય પશ્ચિમી નેતાઓ ''હવે ઈઝરાયેલ સામે શસ્ત્ર પ્રતિબંધની હાકલ કરી રહ્યા છે''

(એજન્સી) તા.૬

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન પર પ્રહાર કર્યો છે, જેમણે તાજેતરના રેડિયો ઈન્ટરવ્યુમાં ઈઝરાયેલને ગાઝામાં તેની કામગીરી માટે શસ્ત્રોનો પુરવઠો અટકાવવા કહ્યું હતું અને કહ્યું હતું કે તમામ "સંસ્કારી" દેશો ઈઝરાયેલની પડખે મક્કમતાથી ઊભા રહેવું જોઈએ કારણ કે તે "ઈરાનની આગેવાની હેઠળ બર્બર " દળો સામે લડે છે.

નેતાન્યાહુએ રેકોર્ડ કરેલા વીડિયો સંબોધનમાં જણાવ્યું હતું કે, મેક્રોન અને અન્ય પશ્ચિમી નેતાઓ "હવે ઈઝરાયેલ સામે શસ્ત્ર પ્રતિબંધો માટે હાકલ કરી રહ્યા છે" અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈઝરાયેલ "તેમના સમર્થન સાથે અથવા તેના વિના જીતશે". તેમણે ઉમેર્યું, "પરંતુ તેમની શરમ યુદ્ધ જીત્યા પછી લાંબા સમય સુધી ચાલુ રહેશે." નેતાન્યાહુએ કહ્યું કે ઈઝરાયેલ આજે "સંસ્કૃતિના દુશ્મનો" સામે સાત મોરચે પોતાનો બચાવ કરી રહ્યું છે. તેમણે કહ્યું "શું ઈરાન હિઝબોલ્લાહ પર હૌથીઓ પર, હમાસ પર અને તેના અન્ય પ્રોક્સીઓ પર શસ્ત્ર પ્રતિબંધ લાદી



રહ્યું છે ? અલબત્ત નહીં. આતંકવાદની આ ધરી એક સાથે ઊભી છે. પરંતુ જે દેશો માનવામાં આવે છે કે આ આતંકવાદી ધરીનો વિરોધ કરે છે તેઓ ઈઝરાયેલ પર શસ્ત્ર પ્રતિબંધ લાદે છે." નેતાન્યાહુએ એમ પણ કહ્યું કે ઈઝરાયેલની સેનાએ હિઝબુલ્લાહની મિસાઈલ અને રોકેટ ક્ષમતાના નોંધપાત્ર હિસ્સાનો નાશ કર્યો છે. તેમણે કહ્યું કે ઈઝરાયેલી દળો સરહદ નજીક લેબેનીઝ જૂથની ટનલ સિસ્ટમને તોડી પાડી રહ્યા છે. તેમણે કહ્યું, "ખતરો સંપૂર્ણપણે દૂર થયો નથી પણ અમે સંઘર્ષનું સંતુલન બદલી નાખ્યું છે." "લગભગ એક મહિના પહેલા, અમે ગાઝામાં હમાસ બટાલિયનને તોડી પાડવાના અંતની નજીક હતા, અમે ઉત્તર ઈઝરાયેલના રહેવાસીઓને આપેલું વચન નિભાવવાનું શરૂ કર્યું છે." ૨૩ સપ્ટેમ્બરથી, ઈઝરાયેલી સેનાએ સમગ્ર લેબેનોનમાં હિઝબોલ્લાહ સામે તેના હવાઈ હુમલાઓને વધુ તીવ્ર બનાવ્યા છે, જેના પરિણામે નોંધપાત્ર નાગરિક જાનહાનિ થઈ છે અને ઘણા વિસ્તારોમાંથી રહેવાસીઓ વિસ્થાપિત થયા છે. હવાઈ હુમલામાં જૂથના સેક્રેટરી-જનરલ હસન નસરાલ્લાહ સહિત મુખ્ય હિઝબુલ્લા નેતાઓને પણ નિશાન બનાવીને મોતને ઘાટ ઉતાર્યા છે. આ ઉપરાંત, ઈઝરાયેલ લેબેનોનમાં "મર્યાદિત" ગ્રાઉન્ડ ઓપરેશન પણ શરૂ કર્યું છે. આ ઘટનાક્રમે ઈઝરાયેલ અને હિઝબોલ્લાહ વચ્ચે ચાલી રહેલી અથડામણોમાં વધારો કર્યો છે, જે ૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ શરૂ થયો હતો, જ્યારે હિઝબુલ્લાહે ગાઝા પટ્ટીમાં હમાસના સમર્થનમાં ઈઝરાયેલ પર રોકેટ છોડ્યા હતા જેણે દક્ષિણપૂર્વીય લેબેનોનમાં ઈઝરાયેલ દ્વારા જવાબી આગ અને હવાઈ હુમલાને પ્રોત્સાહન આપ્યું હતું.

# ફ્રાન્સે લેબેનોન પર ઈઝરાયેલના હુમલાની ટીકા કરી, નેતાન્યાહુએ આપ્યો 'શરમજનક' જવાબ

(એજન્સી) તા.૬

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને રવિવારે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુના લેબેનોનમાં ગ્રાઉન્ડ ઓપરેશન અને દેશ પર હુમલો કરવા સૈનિકો મોકલવાના નિર્ણયની ટીકા કરી હતી. તેમણે ગાઝામાં ઉપયોગ માટે ઈઝરાયેલને શસ્ત્રોના પુરવઠાને રોકવા માટે પણ માંગ કરી હતી, 'મને લાગે છે કે આજે અગ્રતા એ છે કે આપણે રાજકીય ઉકેલ તરફ પાછા આવીએ,' મેક્રોને એક સ્થાનિક મીડિયા ચેનલ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે અમે ગાઝામાં શસ્ત્રો મોકલવાનું બંધ કરીએ છીએ મને અફસોસ છે કે વડા પ્રધાન નેતાન્યાહુએ આ જવાબદારી લીધી છે, ખાસ કરીને લેબેનોનની ધરતી પર નવો ગાઝા બની શકતો નથી' તેમણે ગાઝામાં સંઘર્ષ અંગે પણ તેમની ચિંતાનો પુનરોચ્ચાર કર્યો, જે યુદ્ધવિરામની વારંવારની માંગ છતાં ચાલુ છે. તેમણે જણાવ્યું કે, 'મને લાગે છે કે અમારી વાત સાંભળવામાં આવી રહી નથી. મને લાગે છે કે આ એક ભૂલ છે, જેમાં ઈઝરાયેલની સુરક્ષા પણ સામેલ છે. યુદ્ધ નફરતને જન્મ આપી રહી છે.' નેતાન્યાહુએ મેક્રોનની ટિપ્પણી પર નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે તે 'શરમજનક' છે મેક્રોન ઈઝરાયેલ સામે શસ્ત્ર પ્રતિબંધની માંગ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે 'જ્યારે ઈઝરાયેલ ઈરાનના નેતૃત્વમાં બર્બર દળો સામે લડી રહ્યું છે, ત્યારે તમામ સંસ્કારી દેશોએ ઈઝરાયેલ સાથે મજબૂતીથી ઊભા રહેવું જોઈએ,' તેમ છતાં રાષ્ટ્રપતિ મેક્રોન અને કેટલાક અન્ય પશ્ચિમી નેતાઓ હવે ઈઝરાયેલ સામે શસ્ત્ર પ્રતિબંધની માંગ કરી



રહ્યા છે હિઝબુલ્લાહ, હૈથીઓ અને તેમના અન્ય સાથીઓ પર શસ્ત્ર પ્રતિબંધ લાદવામાં આવે છે, પરંતુ જે દેશો આ આતંકવાદી ધરીનો વિરોધ કરે છે તેઓ એકસાથે ઉભા છે, તે શરમજનક છે.' નેતાન્યાહુના જણાવ્યાં મુજબ, ઈઝરાયેલ 'સંસ્કૃતિના દુશ્મનો સામે સાત મોરચે પોતાનો બચાવ કરી રહ્યું છે'. તેમણે જણાવ્યું કે, 'મારો રાષ્ટ્રપતિ મેક્રોન માટે એક સંદેશ છે. આજે ઈઝરાયેલ સંસ્કૃતિના દુશ્મનો સામે સાત મોરચે પોતાનો બચાવ કરી રહ્યું છે. અમે ગાઝામાં હમાસ સામે, અસંસ્કારીઓ સામે લડી રહ્યા છીએ જેમણે ૭ ઓક્ટોબરે હત્યા કરી, બળાત્કાર કર્યો, માથું કાપી નાખ્યું અને સળગાવી દીધું.

# લેબેનોનમાંથી રોકેટ છોડવામાં આવતા ઉત્તર ઈઝરાયેલમાં બે વસાહતોમાં આગ લાગી

(એજન્સી) તા.૬

ઈઝરાયેલી મીડિયાએ શુક્રવારે અહેવાલ આપ્યો કે લેબેનોનથી રોકેટ છોડ્યા બાદ સીરિયાના કબજાવાળા ગોલાન હાઈટ્સ અને ઉત્તરી ઈઝરાયેલના અપર ગેલીલમાં અનેક આગ ફાટી નીકળી હતી. ઈઝરાયેલના અખબાર યેડિઓથ અહરોનોથે ગોલાન હાઈટ્સમાં કત્સારિન વસાહતમાં આગની ઘણી ઘટનાઓની જાણ કરી, જ્યાં ત્રણ બચાવ ટીમ આગને કાબૂમાં લાવવા માટે કામ કરી રહી છે. તે જ અખબારના જણાવ્યા મુજબ, દક્ષિણ લેબેનોનથી આવતા રોકેટને અટકાવવાના પરિણામે, અપર ગેલીલી પ્રદેશમાં સ્થિત હેત્ઝોર હેગ્લિટ સેટલમેન્ટમાં બીજી આગ ફાટી નીકળી હતી, જેને અગ્નિશામકો દ્વારા નિયંત્રિત કરવામાં આવી હતી. અખબારે કોઈ જાનહાનિનો ઉલ્લેખ કર્યો નથી. અગાઉ શુક્રવારે, ઈઝરાયેલના મીડિયા આઉટલેટ્સે અહેવાલ આપ્યો કે ઈઝરાયેલે શુક્રવાર સવારથી લેબેનોનથી ૧૦૦થી વધુ રોકેટ છોડ્યાનું અવલોકન કર્યું હતું, જેના કારણે આગ અને ભૌતિક નુકસાન થયું હતું, પરંતુ કોઈ માનવ



જાનહાનિ થઈ નથી. ડઝનેક ઉત્તારીય વસાહતોમાં સાયરન વાગવા લાગ્યા. ગયા સોમવારે ઈઝરાયેલી સૈન્યએ લેબેનોન સાથેની ત્રણ સરહદ વસાહતોમાં 'બંધ લશ્કરી ક્ષેત્રો' સ્થાપવાની જાહેરાત કરી : મેટુલા, મિસગાવ એમ અને કેફર ગિલાદી. મંગળવારે, તેલ અવીવે દક્ષિણ લેબેનોનમાં ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરવાની જાહેરાત કરી હતી, જે ઈઝરાયેલી અધિકારીઓ દાવો કરે છે કે 'થોડા અઠવાડિયાથી વધુ સમય ચાલશે નહીં અને તેનો હેતુ એક અલગ સુરક્ષા ઝોન સ્થાપિત કરવાનો છે', જ્યારે લેબેનીઝ અધિકારીઓએ તેના ઉલ્લંઘનની ચેતવણી આપી છે. દેશની સાર્વભૌમત્વ અને ઈઝરાયેલના ભાગ પર વ્યવસાયના ઈરાદાનું અસ્તિત્વ.

## ૧૦૦ નવજાત બાળકોનું રાખ્યું 'નસરૂલ્લાહ' નામ

# ઈરાકે હિઝબુલ્લાહ નેતાને 'ન્યાયના માર્ગે શહીદ' ગણાવ્યા

(એજન્સી) તા.૬

ઈઝરાયેલના હવાઈ હુમલામાં હિઝબુલ્લાહના નેતા હસન નસરૂલ્લાહના મોત બાદ ઈરાનમાં ખળભળાટ મચ્યો છે. આ ઘટના બાદ ઈરાન સંપૂર્ણ રીતે નર્વસ થતાં ૨ દિવસ પહેલા ઈઝરાયેલ પર ૨૦૦ મિસાઈલ છોડી હતી. ૨૭ સપ્ટેમ્બરે હિઝબુલ્લાહના નેતા હસન નસરૂલ્લાહ ઈઝરાયેલના હુમલામાં માર્યો ગયો હતો. નસરૂલ્લાહના મોત બાદ વિસ્તારમાં તણાવ સતત વધી રહ્યો છે. આ બધાની વચ્ચે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યો છે કે નસરૂલ્લાહના મૃત્યુ બાદ ઈરાક સહિત ઘણા દેશોમાં માતા-પિતા તેમના નવજાત બાળકોનું નામ નસરૂલ્લાહ રાખી રહ્યા છે. નસરૂલ્લાહના મોતને પગલે મધ્ય પૂર્વના અન્ય દેશોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. બગદાદ સહિત ઈરાકના કેટલાક ભાગોમાં મોટા પાયે દેખાવો થયા. વિશ્વભરમાં ઈસ્લામના અનુયાયીઓ નસરૂલ્લાહના મૃત્યુ પર ઈઝરાયેલને દોષી બતાવી રહ્યા છે. જો કે, હવે ઈરાકમાં ૧૦૦ નવજાત બાળકોના નામ હિઝબુલ્લાહના ચીફ હસન નસરૂલ્લાહના નામ પર રાખવામાં આવ્યા છે. હિઝબુલ્લાહના વડા હસન નસરૂલ્લાહને ઘણા અરબ દેશોમાં ઈઝરાયેલ અને પશ્ચિમી પ્રભાવો સામે પ્રતિકારના પ્રતીકના રૂપમાં જોવે છે. એટલા માટે ઈરાકી પ્રધાનમંત્રી મોહમ્મદ શિયા અલ-સુદાનીએ હસન નસરૂલ્લાહને 'ન્યાયના માર્ગ ઉપર શહીદ' ગણાવ્યા હતા. તેમણે ઈઝરાયેલના હવાઈ હુમલામાં નસરૂલ્લાહની હત્યાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન પણ ગણાવ્યું હતું. ઈઝરાયેલના હવાઈ હુમલામાં જૂથના અગાઉના નેતા અબ્બાસ અલ-મુસાવીની હત્યા



બાદ નસરૂલ્લાહે ૧૯૯૨થી આતંકવાદી જૂથના વડા તરીકેનો પદભાર સંભાળ્યો હતો. નસરૂલ્લાહના નેતૃત્વમાં હિઝબુલ્લાહ લેબેનોનમાં એક રાજકીય તાકાત તરીકે વિકસ્યું અને મધ્ય પૂર્વના ભૌગોલિક રાજકારણમાં એક મુખ્ય ખેલાડી તરીકે ઉભરી આવ્યું, જેમાં ઈરાને મુખ્ય ભૂમિકા ભજવી હતી. હિઝબુલ્લાહે ઈઝરાયેલ વિરૂદ્ધ પોતાના હુમલાઓ વધારવા માટે ઈરાક અને યમનમાં હમાસ, હૌથી અને અન્ય સંગઠનોને તેની મિસાઈલો અને રોકેટ પૂરા પાડ્યા હતા. હવાઈ હુમલામાં નસરૂલ્લાહ માર્યા ગયા બાદ ઈઝરાયેલે લેબેનોનમાં સીમિત જમીન આક્રમણ શરૂ કર્યુ. લેબેનીઝ સરકાર અનુસાર લગભગ એક વર્ષ સુધી ચાલેલી લડાઈમાં ૧,૯૦૦થી વધુ લોકો માર્યા ગયા છે અને ૯,૦૦૦થી વધુ ઘાયલ થયા છે. જેમાં મોટાભાગનાના મોત છેલ્લા બે અઠવાડિયામાં થયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# જેલોમાં જાતિ આધારિત ભેદભાવનું કલંક અને સુપ્રીમકોર્ટનો ચુકાદો

આઝાદી અને આધુનિકતાના આટલા વર્ષો બાદ પણ આપણી જેલોમાં જાતિ આધારિત ભેદભાવ ચાલી રહ્યો હતો અને તેને અટકાવવા માટે અત્યાર સુધી કેમ કોઈ આગળ ન હતું આવ્યું એ આઘાત અને આશ્ચર્યની બાબત છે. એટલે આ ભેદભાવ સમાપ્ત કરવા અંગેના સુપ્રીમકોર્ટના ચુકાદાને જેટલો આવકારીએ એટલો ઓછો છે કેમ કે આ શરમજનક બાબતે આપણે ખરેખર ખૂબ જ મોડાં છીએ બીજી તરફ આ અંગે અદાલતમાં દાદ માંગનાર અરજીકર્તાની પીઠ પણ થાબડવી જોઈએ કે એણે આ મુદ્દો દેશના ધ્યાન પર મૂક્યો એટલું જ નહીં પણ સદીઓથી ચાલી આવતી આ શરમજનક કલંકિત પ્રથાને નાબુદ કરવા માટે ન્યાય માંગ્યો...અને અદાલતે પણ આ ચોંકાવનારી હકીકતને જાણ્યા બાદ તેની નાબુદીનો ઐતિહાસિક ચુકાદો આપ્યો. જેલ મેન્યુલમાં જ રહેલા આ અંગેના પ્રાવધાનોને ગેરબંધારણીય ગણાવીને સર્વોચ્ચ અદાલતે જેલોમાં જાતિ આધારિત ભેદભાવની પ્રથાને જ સમાપ્ત કરી દીધી અને તેણે કેન્દ્ર સરકાર તેમજ તમામ રાજ્ય સરકારોને સ્પષ્ટ આદેશ આપ્યો કે જેલોમાં રહેલા કેદીઓને જાતિના આધારે કામ કે નિવાસની સુવિધા આપવામાં ન આવે... સુપ્રીમકોર્ટે માન્યું કે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે જાતિના આધારે કરાતો ભેદભાવ સામંતવાદી આપખુદ શાસનનો અવશેષ છે ત્યારે બંધારણ મુજબ તમામ કેદીઓ સાથે સમાન વ્યવહાર જ કરાવો જોઈએ..જાતિ, લિંગ કે વિકલાંગતાના આધારે જેલોમાં ચાલી રહેલો ભેદભાવ તદ્દન ગેરકાયદેસર છે...એ ખરેખર ખૂબ જ નવાઈની વાત છે કે જેલમાં અત્યાર સુધી ભેદભાવની જોગવાઈ ચાલતી હતી.

સુપ્રીમકોર્ટે પોતાના ચુકાદામાં એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ આ ચુકાદાના ત્રણ મહિના સુધીમાં પોતાના જેલ નિયમો-કાયદામાં સુધારા કરવાના રહેશે...તેમજ કેન્દ્ર સરકારની એ પહેલી જવાબદારી હોવી જોઈએ કે તે જેલ મેન્યુઅલમાં સુધારા કરવાની સાથોસાથ આદર્શ જેલ સુધાર સેવા અધિનિયમ-૨૦૧૩માં પણ સંશોધન કરીને તેમાં રહેલા જાતિ આધારિત ભેદભાવને દૂર કરે. ચોંકાવનારી બાબત તો એ છે કે કાચાકામના તેમજ પાકા કામના દોષિત ઠરાવાયેલા કેદીઓના રજિસ્ટરમાં જાતિની કોલમ હોય છે અને માત્ર જેલ સત્તાવાળાઓ જ નહીં પણ કેદીઓ પોતે પણ એક બીજાની જાતિ જોઈને વ્યવહાર કરે છે...!!! આ જાતિઓ જોઈને જ કેદીઓને કામ આપવા અથવા લેવામાં આવે છે...પણ હવે તો જેલોમાં જાતિ આધારિત કોઈ પણ કોલમને જ રદ કરવી જોઈએ. આગામી સમયમાં હવે ખુદ જેલ સત્તાવાળાઓએ જ એ જોવું પડશે કે જેલોમાં જાતિવાદી પ્રથાનો અંત આવે...સાફ-સફાઈનું કામ ફક્ત ચોક્કસ જાતિના જ લોકોને આપવામાં ન આવે પણ દરેક કામ દરેક કેદી પાસે કરાવવામાં આવે...અમુક જાતિના લોકો જ કામ કરે, અમુક જાતિના લોકો આરામ કરે એ અસમાનતા પણ દૂર થવી જોઈએ. ખરેખર તો પછાત જાતિના નેતાઓ પણ આ ભેદભાવ અંગે કેમ અત્યાર સુધી જાગૃત નથી થયા એ પણ એક આશ્ચર્યની બાબત છે પરંતુ હવે જાગ્યા ત્યાંથી સવારની જેમ આ નેતાઓ કે જાગૃત નાગરિકોની પણ જવાબદારી છે કે તેઓ આ બાબતે હવે પછી જેલોમાં કોઈ ભેદભાવ ન થાય એનું ધ્યાન રાખે.

આપણને હજીયે એ સવાલ થઈ રહ્યો છે કે જેલોમાં પ્રવર્તતી આ મોટી કલંકિત સમસ્યા પરત્વે અત્યાર સુધી કોઈનું ધ્યાન કેમ ન ગયું ? સાથોસાથ એ પણ સવાલ થાય કે શું આજે પણ ભારતમાં એવા ક્ષેત્રો છે કે જ્યાં અઘોષિત અને જાતિ આધારિત ભેદભાવની કુપ્રથા ચાલી રહી છે ? આપણે ત્યાં ગુજરાતમાં છેલ્લા વર્ષોમાં માથે મેણું ઉપાડવાની પ્રથા ચાલુ હોવાના કિસ્સા પ્રકાશમાં આવતા શરમજનક ભાવના જન્મી હતી. પરંતુ આ સમગ્ર બાબતને જોતા સરવાળે એવું લાગે છે કે હજી પણ વંચિત અને પછાત સમાજોનું પ્રતિનિધિત્વ કરતા લોકોએ વધુ સજાગ અને સક્રિય બનવાની જરૂર છે. આપણી જેલોમાં જે અત્યાર સુધી શોષણ થતું આવ્યું હતું શું એમની વ્યથા કે અવાજ ઉઠાવનારૂં કોઈ ન હતું ? સરકારો પણ જેલ સુવિધારણા અને કેદી સુધારણાની મોટી મોટી વાતો કરે છે...કમિટીઓ નીમે છે તો તેમને પણ આ કુપ્રથા કેમ અત્યાર સુધી ન દેખાઈ ? સરકારોએ હવે જેલોમાં ગરીબ, પછાત, આદિવાસી, લઘુમતી વર્ગોના કેદીઓની શું સ્થિતિ છે એ અંગે નવેસરથી અહેવાલ તૈયાર કરાવવો જોઈએ અને એમાં એ સુનિશ્ચિત કરવું જોઈએ કે જેલોમાં તમામ સાથે સમાન વ્યવહાર થઈ રહ્યો છે કે નહીં ? અને જ્યાં પણ સમાનતાનો વ્યવહાર થતો ન હોય, અમાનવીય વર્તણૂક કરાતી હોય ત્યાંના જવાબદાર સત્તાવાળાઓ વિરૂદ્ધ આકરી કાનૂની કાર્યવાહી કરાવી જોઈએ.

# હરિયાણા ચૂંટણીમાં ગૌ રક્ષકોનું ભાજપને બિનશરતી સમર્થન કેમ નહીં

## ગૌ રક્ષકો એ પક્ષોના ઉમેદવારો માટે પ્રચાર કરી રહ્યા છે, જે મતના બદલામાં એમની કામગીરીને ટેકો આપે

હરિયાણાના ગુરૂગ્રામમાં બાદશાહપુર વિધાનસભા સીટ પરના બે ચૂંટણી ઉમેદવારોના કેમ્પમાંથી આવતા ફોન કોલને લીધે સોનુ જાટનો ફોન આખો દિવસ રણકી રહ્યો હતો.

એક કોલ પર તે ખાતરી આપતા કહી રહ્યો હતો કે, "ચિંતા ન કરો, બહેન, વિસ્તારના કોઈપણ ગૌ રક્ષકોને પૂછી લો - એ બધા જ તમને કહેશે કે તેઓ ફક્ત તેને જ મત આપશે જેને સોનુ તેમને મત આપવા કહેશે."

શનિવારે હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલા તેણે જણાવ્યું હતું કે, "ચૂંટણીમાં કયા ઉમેદવારને સમર્થન આપવું તે નક્કી કરવા માટે અમે રોજેરોજ બેઠકો કરી રહ્યા છીએ."

૨૯ વર્ષીય સોનુ જાટ, હરિયાણાના ગુડગાંવ જિલ્લામાં સક્રિય કેટલાય ગૌ રક્ષકો જૂથોમાંનું તે એક એવા અખિલ ભારતીય બજરંગ વાહિનીના વડા છે.

આ જૂથોમાંના યુવાનોને જ્યારે જ્યારે એવું લાગે છે કે, ગૌની તસ્કરી થઈ રહી છે ત્યારે ત્યારે તેઓ તસ્કરોનો પીછો કરીને તેમને પકડી પાડીને તેમની ઉપર હિંસાનો પ્રયોગ કરે છે. ૨૦૧૪માં હરિયાણામાં જ્યારથી પહેલીવાર ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી ત્યારથી રાજ્યમાં ગૌ રક્ષકો દ્વારા ઉત્પીડન, હુમલો અને હત્યાની ઘટનાઓ બનવા પામી છે. આ જૂથોથી પીડિત મોટાભાગે મુસલમાનો જ છે.

ભાજપની રાજ્ય સરકારે પોલીસની 'ગૌ ટાસ્ક ફોર્સ' પણ બનાવી છે જે આ જૂથોને હિંસા કરવા માટેનું સમર્થન પૂરૂં પાડીને અને તેમની સાથે સંકલીત થઈને કામ કરે છે. રાજ્યની ભાજપ સરકાર હેઠળ આવા જૂથોને ખુલ્લું મેદાન મળી ગયું હોવા છતાં, આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં આ ગૌ જાગ્રત જૂથોએ પક્ષને કોઇ બિનશરતી સમર્થન આપ્યું નથી.

ઉલ્ટાનું હવે તેઓ વ્યૂહાત્મક દબાણ જૂથ તરીકે કામ કરી રહ્યા છે અને મતના બદલામાં જે તેમની અતિસતર્કતાનું સમર્થનના કરે, તેવા ઉમેદવારો માટે પ્રચાર કરી રહ્યા છે.

**તેમના મહત્વમાં ઘટાડો થવો**

આ જૂથોના સભ્યોએ સ્ક્રોલને જણાવ્યું કે, તેઓ ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ ભાજપની સાથે રહ્યાં હતા. જો કે, હિન્દુત્વ પાર્ટીની સરકાર તેમની અપેક્ષાઓ પૂરી કરી શકી નથી.

જાટે કહ્યું, "ભાજપ સરકાર અમારી સાથે રહી છે ખરી પરંતુ તેણે અમને પૂરતો સાથ આપ્યો નથી." ગૌ રક્ષા દળ, ફરીદાબાદના સભ્ય પવન કુમારે જણાવ્યું હતું કે, અમારી એક મુખ્ય અધૂરી માગણી એ રહી છે કે દેશી ગાયોને 'રાષ્ટ્રીય માતા' તરીકે ઘોષિત કરવામાં આવે.

૩૧ વર્ષના અનુજ અંબાવતે જાટની વાતને સમર્થન આપતા ભારપૂર્વક જણાવ્યું કે, "જો અમારી સામે ફોજદારી કેસ નોંધવામાં આવે છે, તો ભાજપ અમારૂં સમર્થન કરતું નથી." ગુરૂગ્રામ જિલ્લાના ઘાટા ગામના રહેવાસી અનુજ અંબાવતે પોતાને ત્યજી દેવાયેલી ગાયો માટેના ગૌશાળામાં અંશકાલિક ગૌ રક્ષક અને પૂર્ણ-સમયના ગૌ સેવક સ્વયંસેવક તરીકે ગણાવ્યા હતા. તેમણે ફરિયાદના સૂરમા જણાવ્યું હતું કે, જે ગૌ રક્ષકો ગાયના તસ્કરોનો પીછો કરીને તેમને પકડે છે, પોલીસ આ ગૌ રક્ષકો સામે પીછો કરવા બદલ ફોજદારી કેસ નોંધી રહી છે.

ગૌ રક્ષાના આ જાગ્રત લોકો હરિયાણાના સૌથી નામચીન ગાય રક્ષક મોનુ માનેસરને રાજ્ય દ્વારા કરવામાં આવેલા 'અન્યાય' તરીકે વર્ણાવી તેને ટાંક્યું હતુ. માનેસરની ગત વર્ષે સપ્ટેમ્બરમાં ધિક્કારના ભાષણ સંબંધિત કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. જોકે તે કેસમાં તો તેને જામીન મળી ગયા હતા. પરંતુ ગાયના રક્ષકોના જૂથ દ્વારા ફેબ્રુઆરીમાં કરાયેલી બે મુસ્લિમ પુરૂષોની હત્યાના આરોપી તરીકે તેને જેલમાં રહેવું પડ્યું હતું.



ગૌ રક્ષા દળ ગુરૂગ્રામ એક જાગ્રત જૂથના વડા એવા ૨૭ વર્ષીય સત્યપાલ ઠાકરન એ સવાલ કર્યો કે, "જો આ સરકાર મોનુને સમર્થન ન આપતી હોય તો અમે તેની ઉપર કેવી રીતે ભરોસો મુકી શકીએ ?"

અંબાવતે જણાવ્યું હતું કે થોડા વર્ષો પહેલા, તેમના એક સાથી જાગ્રત ગૌ રક્ષકને, કેટલાક કથિત ગૌ તસ્કરોનો પીછો કરતી વખતે, અકસ્માત થયો હતો જેના કારણે તેનો હાથ કાપવો પડ્યો હતો. પરંતુ સરકારે તેને કોઈ સહયોગ કર્યો ન હતો." ઠાકરાને જણાવ્યું હતું કે, ગૌ રક્ષા ફરજ દરમિયાન જીવ ગુમાવનારા જાગ્રત રક્ષકોને 'શહીદ'નો દરજ્જો મળવો જોઈએ અને તેમના પરિવારોને સરકાર દ્વારા આર્થિક સહાય આપવામાં આવવી જોઇએ. ગૌ રક્ષકોમાં બીજી એક સામાન્ય ફરિયાદ હતી કે, તેઓને ગૌ રક્ષા માટેના કામમાં થતો આર્થિક ખર્ચ જાતે ઉઠાવવો પડતો હતો. ઠાકરાને જણાવ્યું હતું કે, હરિયાણા સરકાર તેના વાયદા મુજબ, ઘાયલ પશુઓ માટે, ગૌ રક્ષક જૂથોને વધુ એમ્બ્યુલન્સ અને રાત્રિ પેટ્રોલિંગ માટે વાહનો પ્રદાન કરવામાં નિષ્ફળ રહી છે. જાટે એમ પણ ઉમેર્યું હતું કે, સરકારે રસ્તાઓ પર રખડતા ઢોરની સંભાળ લેવી જોઈએ અને તેમને ગૌશાળામાં રાખવા જોઈએ. ગૌ જાગ્રતોએ એવો પણ દાવો કર્યો હતો કે ભાજપ રાજ્ય સરકાર રાજ્યમાં ગૌહત્યા રોકવામાં નિષ્ફળ રહી છે. ઠાકરાને જણાવ્યું હતું કે, "૨૦૦૫ અને ૨૦૧૪ની વચ્ચે રાજ્યમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સરકારના સમયથી, નૂહમાં દરરોજ ૧,૦૦૦થી ૧,૫૦૦ ગાયોની કતલ કરવામાં આવી હતી. જે આજદિન સુધી ચાલુ છે." હરિયાણામાં ગુરૂગ્રામનીમાં પાસે આવેલુ નૂહ એકમાત્ર મુસ્લિમ બહુમતી ધરાવતો જિલ્લો છે, જ્યાં તેની વસ્તીના લગભગ ૮૦% મુસ્લિમો છે. આ નૂહ જિલ્લાને ગૌ રક્ષકો ઘણીવાર નિશાન બનાવે છે.

અંબાવતે કહ્યું કે, "પોલીસ ગુનેગારોને પકડી શકતી નથી તેથી આ પ્રકારના ગુનાઓ ચાલુ રહે છે. અમને આવી બાબતોને પોતાના હાથમાં લેવાની ફરજ પડી છે કારણ કે રાજ્ય અમને મદદ કરી રહ્યું નથી." ગુરૂગ્રામની બાની મંદિર ગૌશાળામાં ૬૩ વર્ષીય સ્વયંસેવક રોહતાશે આરોપ લગાવ્યો કે, "કેટલાક સરકારી અધિકારીઓની જાણકારી અને ભાગીદારીથી પશુઓની તસ્કરી અને કતલના ગેરકાયદેસર કૃત્યો થાય છે. સરકારે કાયદાનો ભંગ કરનારાઓને ઝડપથી દોષિત ઠેરવવા જોઈએ પણ તેને બદલે, આવા અપરાધીઓ જામીન પર બહાર આવતા રહે છે અને પશુઓની તસ્કરી અને કતલ કરવાનું ચાલુ રાખે છે."

**ચૂંટણી માટે નવીન વ્યૂહરચના**

રાજ્યની ભાજપ સરકાર તરફથી મળેલી નિરાશાને કારણે, રાજ્યમાં ગાયના જાગ્રત જૂથોએ સામૂહિક રીતે ભાજપને આ વખતે તેમનું સમર્થન ન કરવાનો નિર્ણય લીધો છે. જાટે તેમની વ્યૂહરચના સમજાવતા કહ્યું : "અમે કયા ઉમેદવારને સમર્થન આપવું તે નક્કી કરવા માટે બેઠક-દર-સીટ વિશ્લેષણ કરી રહ્યા છીએ. જે પણ અમારી સાથે ઊભા રહેશે તેને અમારું સંપૂર્ણ સમર્થન મળશે, પછી ભલે તે કોઈ પણ પક્ષમાંથી હોય." અંબાવતે સ્વીકાર્યું કે, "બીજેપી એકમાત્ર એવી પાર્ટી છે જે થોડા ઓછા પ્રમાણમાં પણ અમારી તરફ ધ્યાન પૂરું પાડે છે. પરંતુ જો કૉંગ્રેસના ઉમેદવાર અમને સમર્થન આપે છે, તો અમે તેમને જ મત આપીશું." ભાજપ પ્રત્યેનો આક્રોશ ફરિદાબાદ એનઆઈટી મતવિસ્તારમાંથી સામે આવ્યો હતો. અહીંની બેઠક પર ગૌ રક્ષા બજરંગ દળના સ્થાપક અને રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગયા વર્ષે નૂહ સાંપ્રદાયિક હિંસાના આરોપી બિટ્ટુ બજરંગીએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવીને ગયા મહિને મતવિસ્તારમાં પ્રચાર શરૂ કર્યો હતો. જો કે, ૨૮ સપ્ટેમ્બરે, ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન આદિત્યનાથની હાજરીમાં ફરિદાબાદમાં ભાજપની ચૂંટણી રેલીમાં, બજરંગીએ ભાજપના ઉમેદવાર સતીશ ફગનાને સમર્થન આપીને પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું હતું.

સ્ક્રોલે જે ગૌ રક્ષક સાથે વાત કરી છે તેમની પાસે બજરંગીની ક્રિયાઓને સમજાવવા માટે વિવિધ સિદ્ધાંતો છે. જટે હસતાં હસતાં કહ્યું, "બિટ્ટુએ એક મુદ્દો બનાવવા માટે નામાંકન ભર્યું હતુ, અમે ક્યારેય ભાજપ પાસે ટિકિટ માંગી ન હતી." ઠાકરાને દાવો કર્યો હતો કે, બજરંગી વિરુદ્ધ ફોજદારી કેસ ચલાવવાની ધમકીઓ આપીને તેનું નામાંકન પરત ખેંચી લેવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. ફરીદાબાદ NIT સિવાય, એવી કેટલીક અન્ય બેઠકો છે જેમાં ગાયના જાગ્રતોએ સામૂહિક રીતે એવા ઉમેદવારોને સમર્થન આપવાનું નક્કી કર્યું છે કે, જેમણે ગાયના જાગ્રત લોકો માટે તબીબી સહાય અને મતવિસ્તારમાં તેમના રાત્રિ પેટ્રોલિંગ માટે વાહનોની જોગવાઈની તેમની માંગણીઓ માટે પ્રતિબદ્ધ છે. ઠાકરાને જણાવ્યું હતું કે, ગાયના જાગ્રત મતો ગુડગાંવ, સોનેપત અને પલવલ બેઠકો પર ભાજપના ઉમેદવારો સાથે છે અને બલ્લબગઢ અને રોહતક બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો માટે છે અને બાદશાહપુર બેઠક પર અપક્ષ ઉમેદવાર સાથે છે. આ વ્યૂહરચના ૨૦૨૨માં વિકસાવવામાં આવી હતી અને ઘણી પંચાયત ચૂંટણીઓમાં સફળતાપૂર્વક તૈનાત કરવામાં આવી છે. ઠાકરાને જણાવ્યું હતું. "અમે દરેક સીટ પર લગભગ ૨૦૦૦-૨૫૦૦ મતો પર પ્રભાવ ધરાવીએ છીએ." જાટે કહ્યું કે, "ચૂંટણીની ટિકિટ આપતા પહેલા પક્ષોએ અમારી સલાહ લેવી જોઈતી હતી."

**ટિકિટમાં વિભાજન**

જો કે, મે મહિનામાં હરિયાણામાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં, ગૌ જાગ્રત જૂથોએ એકસરખી રીતે ભાજપને મત આપ્યો હતો. અંબાવતે કહ્યું, "અમે સામાન્ય ચૂંટણીને લઈને વધુ ઉત્સાહિત હતા. અમે બધાએ ભાજપને મત આપ્યો અને અમારા સમુદાયમાંથી બને તેટલા લોકો મતદાન કરવા માટે લઇ ગયા હતા."

આ મુખ્યત્વે આ જૂથોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાને કારણે હતું. રોહતાશે સ્વીકાર્યું કે, "હું મોદી ભક્ત છું. મને ભાજપથી કોઇ મતલબ નથી. હું અન્ય વિદેશી નેતાઓમાં મોદીના કદ અને કાશ્મીરમાં ઘૂસણખોરો સામે કાર્યવાહી કરવા માટે ભારતીય સેનાને આપવામાં આવેલી સ્વતંત્રતાથી પ્રભાવિત થયો છું." જાટે ફક્ત એટલું જ કહ્યું કે "અમિત શાહ અને મોદી અમારી સાથે છે." અખિલ ભારતીય બજરંગ વાહિનીમાં જાટના કેટલાક સાથી જાગ્રત લોકોએ કહ્યું કે, "હરિયાણામાં તેમના હિતોનું ધ્યાન રાખનારા મજબૂત હિન્દુત્વવાદી નેતાનો અભાવ છે. અમારા રાજ્યમાં મોદીજી, અમિત શાહજી, યોગી આદિત્યનાથજી, કે.રાજાસિંહજી જેવા કોઈ નેતા નથી." તેલંગાણાના ભાજપના ધારાસભ્ય, ટી.રાજા સિંહ સાંપ્રદાયિક અને ઈસ્લામ વિરુદ્ધ ટિપ્પણી કરવાનો ઈતિહાસ ધરાવે છે. તેમની સામે સૌથી વધુ ફોજદારી કેસ પેન્ડિંગ છે. રોહતાશે સામાન્ય અને વિધાનસભા ચૂંટણી વચ્ચેના તફાવત પર પણ ધ્યાન દોરતા કહ્યું. "વિધાનસભા ચૂંટણી માટે, અમે વધુ તાત્કાલિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. જો અમને કોઈ સમસ્યા હોય, તો અમે જાણતા હોય તેવા સ્થાનિક વ્યક્તિ પાસે જવા માટે સક્ષમ બનવા માંગીએ છીએ."

**-વિનીતા ભલ્લા**

(સૌ.: સ્ક્રોલ.ઈન)

# નવરાત્રીમાં ગરબા કાર્યક્રમોથી દૂર રહેવા મુસ્લિમ આલીમનો સમાજને અનુરોધ

## રતલામ શહેરમાં ઘણા બધા ગરબા આયોજકોએ બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવતા બેનર ગરબાના પ્રવેશ દ્વાર પર મૂક્યા, દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર પણ આવા પ્રકારના પોસ્ટર મૂકાયા

(એજન્સી) રતલામ, તા.૬

મધ્યપ્રદેશના રતલામ શહેરના જાણીતા મુસ્લિમ આલીમે નવરાત્રી દરમિયાન ગરબાના કાર્યક્રમોથી દૂર રહવા માટે મુસ્લિમ સમાજને અપીલ કરી છે અને કહ્યું છે કે, આવા કાર્યક્રમોમાં હાજરી આપણા મઝહબથી વિરૂદ્ધ છે. શહેર કાઝી સૈયદ અહેમદ અલીએ સમાજને લેખીત સંદેશો આપ્યો છે અને કહ્યું છે કે, હું મુસ્લિમ યુવાનો તેમજ મા-બહેનો અને દિકરીઓને વિનંતી કરૂ છું કે, રાસ ગરબાના કાર્યક્રમોમાં ન જાય અને તેનો જુએ નહીં તેના બદલે પરિસ્થિતીને ધ્યાનમાં રાખી ઘરે જ રહેવાની એમને અપીલ કરૂં છું. ગરબાઓમાં હાજરી આપવા પર ઈસ્લામ પ્રતિબંધ મૂકે છે. એટલે લોકોએ આપણી શ્રદ્ધાની વિરૂદ્ધના કાર્યક્રમોથી દૂર રહેવું જોઈએ. રતલામમાં અનેક ગરબા આયોજકોએ બીનહિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કર્યો છે અને દરેક સ્થળે તથા શહેરના દરેક એંટ્રી પોઈંટ પર નિર્ણયની જાણ કરતા બેનર મૂકવામાં આવ્યા છે. DSP અમિત કુમારે જણાવ્યું હતું કે, મહિલા પોલીસ કર્મીઓ સ્કૂટર પર ગરબાના સ્થળોનું પેટ્રોલિંગ કરશે. આવી દરેક ટીમમાં ૨૫ મહિલા પોલીસ હશે જે સ્કૂટર પર જઈને સાંજના સાતથી રાતના એક સુધી ગરબાના પંડાલો પર નજર રાખશે.

# મહિલા T20 વિશ્વકપ : પાકિસ્તાનને ૬ વિકેટે સજ્જડ પરાજય આપતું ભારત

## ● ભારતની શાનદાર બોલિંગથી પાકિસ્તાન ૨૦ ઓવરમાં ૮ વિકેટે માત્ર ૧૦૫ રન કરી શક્યું ● ભારતે ચાર વિકેટ ગુમાવી ૧૮.૫ ઓવરમાં ટાર્ગેટ પૂરો કરી વિજય મેળવ્યો

(એજન્સી) દુબઈ, તા.૬

મહિલા T20 વિશ્વકપના આજના ખૂબ જ નિર્ણયક મુકાબલામાં ભારતે શાનદાર બોલિંગની મદદથી છ વિકેટે વિજય હાંસિલ કર્યો હતો. પાકિસ્તાન ૨૦ ઓવરમાં ૮ વિકેટે માત્ર ૧૦૫ રન કરી શક્યું હતું. ભારતે ૧૮.૫ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને વિજયનો લક્ષ્યાંક સિદ્ધ કરી લીધો હતો. પાકિસ્તાન તરફે સૌથી વધુ નીદા દારે ૨૮ રન કર્યા હતા, એ સિવાય કોઈ ખેલાડી ટકી શકી નહોતી. ભારત તરફથી અરૂંધતી રેડ્ડીએ ૩ વિકેટ લીધી હતી, શ્રેયંકા પાટીલે ૨ વિકેટ લીધી હતી. ભારત તરફથી જેમીમાએ ૨૮ બોલમાં ૨૩ રન અને સુકાની હરમનાપ્રીત કૌરે ૨૪ બોલમાં ૨૯ રન કર્યા હતા.

### હવે સુરક્ષા કવચને ભેદવું અસંભવ

# ભારતે પોખરણ ખાતે લોન્ચ કરી VSHORADS મિસાઈલ

## અદ્યતન સ્મોલ-સાઈઝ વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમના ત્રણ સફળ પરીક્ષણો કર્યા હતા

(એજન્સી) પોખરણ, તા.૬

ભારતે રાજસ્થાનમાં પોખરણ ફાયરિંગ રેન્જ ખાતે નવી પેઢીના તકનીકી રીતે અદ્યતન સ્મોલ-સાઈઝ વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ (VSHORADS)ના ત્રણ સફળ પરીક્ષણો કર્યા હતા. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ પરીક્ષણો ૩ અને ૪ ઓક્ટોબરના રોજ હાઈ-સ્પીડ લક્ષ્યો પર કરવામાં આવ્યા હતા, જેમાં મહત્તમ રેન્જ અને મહત્તમ ઊંચાઈના ઈન્ટરસેપ્શનના ખૂબ જ મહત્વપૂર્ણ પરિમાણો દર્શાવવામાં આવ્યા હતા. રક્ષા મંત્રાલયે જણાવ્યું હતું કે, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે નવી પેઢીના તકનીકી રીતે અદ્યતન VSHORADS ની ત્રણ ટ્રાયલ સફળતાપૂર્વક હાથ ધરી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે VSHORADS મિસાઈલોનું વિકાસ કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને બે પ્રોડક્શન એજન્સીઓ ડેવલપમેન્ટ કમ પ્રોડક્શન પાર્ટનર (DCPP) મોડમાં કાર્યરત છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે, શનિવારે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન અને ભારતીય સેનાને મિસાઈલ સિસ્ટમના સફળ પરીક્ષણ માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ આ નવી મિસાઈલ સશસ્ત્ર દળોને હવાઈ ખતરા સામે તકનીકી રીતે વધુ કાર્યક્ષમ બનાવશે. ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના સચિવ ડૉ. સમીર વી. કામત અને DRDOના અધ્યક્ષે પણ DRDO ટીમ, ઉદ્યોગ ભાગીદારો અને વપરાશકર્તાઓને સફળ ફલાઈટ પરીક્ષણો બદલ અભિનંદન આપ્યા હતા. VSHORADS એ માનવ-વહન કરતી હવાઈ સંરક્ષણ પ્રણાલી છે, જે અન્ય DRDO પ્રયોગશાળાઓ અને ભારતીય ઉદ્યોગ ભાગીદારોના સહયોગથી સંશોધન કેન્દ્ર ઈમરત (RCI) દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત કરવામાં આવી છે.

**બૈરૂત પર ઈઝરાયેલનું સતત ભીષણ હવાઈ આક્રમણ, હિઝબુલ્લાહના ૪૦૦થી વધુ લડાકુને મારી નાખ્યા હોવાનો દાવો : લેબેનોન પર ચારે તરફ વધુને વધુ વિસ્તારોમાં ઈઝરાયેલી સેનાનો બોમ્બમારો : એક પછી એક ભયાનક હુમલાઓથી આખું બૈરૂત અને દક્ષિણ વિસ્તાર હચમચી ઉઠ્યા**

### બિહારમાં ધ્રૂજાવી દેતી ઘટના

# નદીમાં ન્હાવા પડેલા એક જ પરિવારના સાત બાળકો ડૂબ્યા

(એજન્સી) પટણા, તા.૬

બિહારમાં તુમ્બા ગામની નદીમાં ન્હાવા પડેલા બાળકો ડૂબી જતાં પાંચના મોત નીપજ્યા છે. તુમ્બા ગામની નદીમાં એક જ પરિવારના સાત બાળકો ન્હાવા પડ્યા હતા, જેમાંથી પાંચના મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે અન્ય બેની શોધખોળ ચાલુ છે. આ અકસ્માતના પગલે સમગ્ર ગામમાં શોકનું મોજું પ્રસરી ગયું છે. વાસ્તવમાં, રવિવાર સવારે કૃષ્ણ ગોંડના ચાર બાળકો અને તેની બહેનની પુત્રી સહિત સાત બાળકો ન્હાવા માટે સોન નદીમાં ગયા હતા. નાહતી વખતે અચાનક બધા બાળકો ઊંડા પાણીમાં જતાં રહેતાં ડૂબવા લાગ્યા હતાં. સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પાંચ બાળકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા, પરંતુ બે બાળકો હજુ પણ ગુમ છે. પ્રત્યક્ષદર્શી ગોલુ કુમારે જણાવ્યું કે, "અમે સોન નદીમાં ન્હાવા ગયા હતા. નહાતી વખતે એક બાળક ડૂબવા લાગ્યું. તેને બચાવવા અમે બધાએ પાણીમાં ઝંપલાવ્યું હતું, પરંતુ અમે પણ ડૂબવા લાગ્યા હતાં, કોઈ રીતે અમે બચીને બહાર આવ્યા. જો કે પાંચ બાળકોને બચાવી શક્યા ન હતા." અકસ્માતની માહિતી મળતા જ પોલીસ અને વહીવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રોહતાસ પોલીસ સ્ટેશનના વડાએ જણાવ્યું કે, માહિતી મળતાં જ તેઓ તરત જ ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા અને પાંચ બાળકોના મૃતદેહ બહાર કાઢ્યા હતાં. ડાઈવર્સ અને એસડીઆરએફની ટીમ બે બાળકોને શોધી રહી છે. તેમણે કહ્યું, "તમામ બાળકોની ઉંમર ૮-૧૨ વર્ષની વચ્ચે હતી. બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સાસારામ સદર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે." સ્થાનિક પ્રશાસને બચાવ કાર્યમાં ઝડપ લાવવા અને ગુમ થયેલા બાળકોની શોધ ચાલુ રાખવાની ખાતરી આપી છે. વહીવટી તંત્રે પણ પરિવારને શક્ય તમામ મદદ કરવાનો પ્રયાસ કર્યો છે. ઉલ્લેખનીય છે, સોન નદીમાં અગાઉ પણ ન્હાવા ગયેલા લોકો સાથે આ પ્રકારની ઘટનાઓ બની છે. જેનો ભોગ આ વખતે કુમળા બાળકો બન્યા છે. વહીવટીતંત્ર અને સ્થાનિક લોકોએ તુરંત બચાવ કામગીરી હાથ ધરી હોવા છતાં પાંચ નિર્દોષ બાળકોએ જીવ ગુમાવ્યા હતા.

## સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પાંચ બાળકોના મૃતદેહ બહાર કાઢ્યા, બે બાળકો ગુમ

### કાશ્મીરના કુપવાડામાં બે આતંકી ઠાર

# સુરક્ષા દળોએ ઘૂસણખોરીના પ્રયાસને બનાવ્યો નિષ્ફળ

(એજન્સી) જમ્મુ, તા.૬

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લામાં LOCને અડીને આવેલા ગુગલધર વિસ્તારમાં આજે શનિવારે ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચેના ગોળીબારમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. ત્રણથી ચાર આતંકવાદીઓ હોવાની આશંકા છે. આવી સ્થિતિમાં હજુ પણ ફાયરિંગ ચાલુ છે. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે. ભારતીય સેનાએ કહ્યું છે કે, સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. આર્મીના શ્રીનગર સ્થિત ચિનાર કોર્પ્સે ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સૈનિકોએ ગુગલધરમાં શંકાસ્પદ ગતિવિધિઓ જોયા અને ઘૂસણખોરોને પડકાર્યા, જેના કારણે ગોળીબાર થયો. ઓપરેશન હજુ પણ ચાલુ છે અને તેનું નેતૃત્વ જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સેનાની સંયુક્ત ટીમ કરી રહી છે. જમ્મુ અને કાશ્મીરના કુપવાડામાં શુક્રવારે નિયંત્રણ રેખા (LOC) પાસે લેન્ડમાઈન બ્લાસ્ટમાં ભારતીય સેનાના બે જવાનો ઘાયલ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ''ઉત્તર કાશ્મીર જિલ્લાના ત્રેહગામ વિસ્તારમાં LOC પર ગુગલધરમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે વહેલી સવારે લેન્ડમાઈન વિસ્ફોટમાં સેનાના બે સૈનિકો ઘાયલ થયા હતા. બંને સૈનિકોને ડ્રગમુલ્લા સ્થિત આર્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત સ્થિર છે.''

**હદીસ બોધ**

દરેક વ્યક્તિને તેનો હક આપો.
- હદીસ બોધ

**બોધ વચન**

રાજનીતિમાં આગળ વધેલા લોકો મોટેભાગે મૂર્ખ હોય છે.
- ફ્રોઈડ

**આજની આરસી**

૭ ઓક્ટોબર સોમવાર ૨૦૨૪
૩ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો સુદ ચોથ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૧૪
ખત્મે ઝવાલ ૧૨-૨૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૨

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**मैं तुझको तुझसे जयादा और सबसे जयादा चाहुंगा**
**मगर शर्त ये है के अपने अंदर मेरी जुस्तजू पैदा कर**

અલ્લાહ તેના બંદાને કહે છે કે હું તને તારી જાતથી અને અન્યોથી પણ વધુ પ્રેમ કરીશ, હંમેશા તારા પર મારી મહેરબાની રહેશે. શરત એ છે કે તારે મને પામવા માટે દિલમાં એક તલબ હોવી જોઈએ. ખુદાની અવિરત બંદગી, ઈબાદતનો સદેશ છે. ઉર્દૂમાં જેને સોઝ----passion કહે છે તે, ખુદા માટે લગન હોવી જોઈએ.

- (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

### ગાંગુલીએ શેર કર્યો કિસ્સો, કહ્યું; સચિન જોતો રહ્યો

# સેહવાગને ડ્રેસિંગ રૂમમાં કોણે માર્યો હતો મુક્કો ?

## કોચ જોન રાઈટે વીરેન્દ્ર સેહવાગને મુક્કો માર્યો હતો

મુંબઈ, તા.૬

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગની ગણતરી અત્યાર સુધીના સૌથી વિસ્ફોટક બેટરોમાં થાય છે. એકવાર જોખમ લેવાની તેની આદતથી ભારતીય ટીમના કોચ તેના પર એટલા ગુસ્સે થયા કે તેમણે તેને મુક્કો મારી દીધો હતો. પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ એક કિસ્સો સંભળાવતા કહ્યું હતું કે, સેહવાગની જોખમ લેવાની અને કોઈની વાત ન સાંભળવાની આદતને કારણે ટીમના પૂર્વ કોચ જોન રાઈટ એક સમયે તેના પર ગુસ્સે થયા હતા. સૌરવ ગાંગુલીએ કહ્યું કે, 'એકવાર અમારી શ્રીલંકા સામે એજબેસ્ટરમાં મેચ હતી. ટીમ સામે ૨૧૦ રનનો લક્ષ્ય રાખવામાં આવ્યો હતો. વીરેન્દ્ર સેહવાગે ઘણાં શાનદાર શોટ ફટકાર્યા હતા અને અમે આ મેચ જીતી ગયા હતા. મેચ પૂરી થયા બાદ જયારે હું બધાને અભિનંદન આપવા ડ્રેસિંગ રૂમમાં ગયો તો ત્યાં સંપૂર્ણ મૌન હતું. હું અનિલ કુંબલે પાસે ગયો અને પૂછ્યું કે શું થયું. તેણે મને બહાર લાવીને કહ્યું, જોન રાઈટે વીરેન્દ્ર સેહવાગને મુક્કો માર્યો છે. ત્યારે મેં અનિલને પૂછ્યું કે, હકીકતમાં મુક્કો માર્યો કે પછી આ એક મજાક હતી. તેના જવાબમાં અનિલ કુંબલેએ કહ્યું, 'વીરેન્દ્ર સેહવાગ ડ્રેસિંગ રૂમમાં આવ્યો ત્યારે જોન રાઈટે તેનો કોલર પકડીને તેને ખૂણામાં ધક્કો મારીને પછી તેને જોરથી મુક્કો માર્યો અને તેણે સહેવાગને કહ્યું, હવે તું ફરીથી ભારત માટે નહીં રમી શકે, કારણ કે તે મારેલા એક શોટને કારણે ભારત હારી શક્યું હોત. ત્યારબાદ હું જહોન રાઈટ પાસે ગયો અને તેને પૂછ્યું, શું તમે સેહવાગને મુક્કો માર્યો હતો. તેણે કહ્યું, હા મેં માર્યો હતો, મેં પૂછ્યું કે શું સેહવાગે તમને વળતો પ્રહાર કર્યો... જવાબ ના હતો.' ટીમ બસમાં બધા ખેલાડીઓ આવી ગયા હતા, પરંતુ સેહવાગ સૌથી છેલ્લે ચઢ્યો હતો. મેં તેને બોલાવીને મારી પાસે બેસાડ્યો અને તેને પૂછ્યું, શું જોન રાઈટે તને મુક્કો માર્યો હતો? સેહવાગે કહ્યું, 'અરે જવા દોને દાદા, આવું તો થતું રહે છે, હું બહુ ખરાબ શોટ રમ્યો હતો. તેને લઈને તે ગુસ્સામાં હતો અને મને મુક્કો માર્યો હતો, જો કે પછી અમે બંને એકબીજાને હાથ મિલાવ્યા હતા.' આ પછી જ્યારે હું હોટેલમાં પાછો ફર્યો ત્યારે હું સચિન તેંડુલકરને મળ્યો હતો અને મેં તેને પૂછ્યું કે, 'શું તે જહોન રાઈટે સેહવાગને મુક્કો મારવાની વાત સાંભળી ?' તેણે જવાબ આપતા કહ્યું, 'અરે હા, જ્યારે જહોને સેહવાગને મુક્કો માર્યો, ત્યારે હું ખૂણામાં ઊભો હતો અને મારી ચાની મજા માણી રહ્યો હતો.'

# રોહિત શર્મા જેવા બહાદુર બનીને રમો પાકિસ્તાનના નવા કેપ્ટનને અપાતી સલાહ

## ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં ભારતીય બેટરોની જેમ આક્રમક રમત જરૂરી, પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરોનું મંતવ્ય




કરાચી, તા.૬

પાકિસ્તાનની ક્રિકેટ ટીમના સતત નીચે ઊતરી રહેલા દેખાવથી પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરો ચિંતામાં મૂકાયા છે અને એક પૂર્વ બેટધર બાસિત અલીએ તો રોહિત શર્માની જેમ બહાદુર બનવાની સલાહ આપી દીધી છે.

મુલ્તાન શહેરમાં તા. ૭ સોમવારથી પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચેની પહેલી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ પહેલા ઘરઆંગણે ટીમનો બાંગ્લાદેશ જેવી નબળી ટીમ સામે બંને ટેસ્ટમાં કારમો પરાજય થયો હતો. પૂર્વ ક્રિકેટર બાસિત અલીએ પાકિસ્તાનના કેપ્ટન શાન મસુદને રોહિત શર્માની જેમ બહાદુર બનવા અને ટેસ્ટમાં કાઉન્ટરની નીતિ અપનાવવા સલાહ આપી છે. રોહિત જેમ કરે છે તેમ ટેસ્ટ પહેલાં જ પાકિસ્તાનની ઈલેવન જાહેર કરી દેવી જોઈએ એવું કહીને બાસિત અલીએ મસુદને સલાહ આપી હતી કે, પીચ જોઈને મેચની સવારે જ ઈલેવન નક્કી કરી દેવી જોઈએ એટલું જ નહીં શાન મસુદે કાઉન્ટર અટેકની નીતિ અપનાવવી જરૂરી છે. જે ખેલાડીઓ એમની પાસે છે એ એમને એક વિજેતા બનાવવાની જવાબદારી મસુદે નિભાવવાની છે. બાસિતે કહ્યું કે, શાન મસુદ સાહબ, અગર આપ ચાહતે હૈં કી રોહિત કે જૈસે બહાદુર બને, કપ્તાની મેં તો ફેસલે કરો. જો તમે સાહસિક નિર્ણય લેશો તો જ જીતવાના છો. તમારી પાસે કોહલી કે પંત નથી અને જાડેજા તથા બુમરાહ પણ નથી એટલે તમારે ખેલાડીઓનો નૈતિક જુસ્સો વધારવો પડશે.

# તમિલનાડુમાં દલિતની સ્મશાન યાત્રા જુદા રસ્તા પર લઈ જવાના હઠાગ્રહની ઘટનામાં પોલીસની જ ભૂંડી ભૂમિકા

## તિરૂવન્નામલાઈ વિસ્તારના રહેવાસીઓ કહે છે કે રસ્તો બદલવા માટે દાદાગીરી કરી રહેલા સવર્ણ સમાજના લોકોને પોલીસે જ પૂરો સાથ આપ્યો હતો અને મરનાર દલિત મહિલાની અંતિમયાત્રાને ચોક્કસ જાતિ માટે નક્કી કરાયેલા માર્ગ પરથી જ લઈ જવાની ફરજ પાડી હતી

(એજન્સી) ચેન્નાઈ, તા.૬

ભારતીય લોકશાહી પરિપક્વ બની છે અને સાત દાયકાથી વધુ સમય થઈ ગયો છે છતાં આપણા દેશમાં દલિતો સાથે કેવો ભયંકર પ્રકારનો વ્યવહાર અછૂત પ્રકારનો થઈ રહ્યો છે. તેના કિસ્સા અવારનવાર આવતા રહે છે પણ તામિલનાડુમાં જે ઘટના બની છે એ તો અત્યંત ચોંકાવી દેનારી છે કેમકે એક દલિત મહિલાની સ્મશાન યાત્રાને ચોક્કસ રસ્તા ઉપરથી જે દલિતો માટે નક્કી કરવામાં આવ્યો છે તેના પરથી જ લઈ જવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો અને સવર્ણ લોકો એમની માગણીમાં સફળ પણ થઈ ગયા હતા તેનું એવું કારણ બહાર આવ્યું છે કે પોલીસે જ સવર્ણ સમાજના લોકોને સમર્થન આપ્યું હતું અને દલિતોની વાત માની નહોતી એવું જાહેર થયું છે. તમિલનાડુના તિરૂવન્નામલાઈ જિલ્લાની આ ઘટના છે જ્યાં દલિત મહિલાની સ્મશાન યાત્રાને જાહેર માર્ગ પરથી નીકળવા દેવાઈ નહોતી એવો આક્ષેપ થયો છે. એવો ગંભીર આક્ષેપ પણ થયો છે કે ચોક્કસ દલિત જાતિ માટે એક અલગ રસ્તો નક્કી કરવામાં આવ્યો છે તેના પરથી જ સમશાન યાત્રા લઈ જવા માટે ખુદ ડીએસપી દ્વારા પણ મરનાર મહિલાના પરિવારજનો પર દબાણ કરવામાં આવ્યું હતું. ડીએમકેના સાથી પક્ષ વીસીકે દ્વારા સત્યશોધક ટીમ પણ મોકલવામાં આવી હતી અને તેનો રિપોર્ટ દર્શાવે છે કે સ્થાનિક ડીએમકે નેતાએ પણ પોલીસની સાથે મળીને સવર્ણ સમાજના લોકોને સાથ આપ્યો હતો. આ સ્થાનિક નેતા રાજ્યના જાહેર બાંધકામ મંત્રી એવી વેલુની નજીક હોવાનું બહાર આવ્યું છે.

જાણવા મળ્યા મુજબ તિરૂવન્નામલાઈ જિલ્લામાં મોથકકલ ગામે આ ઘટના બની હતી જ્યાં ૭૦ વર્ષીય એક દલિત મહિલાનું અવસાન થયા બાદ ગામમાં તેના અંતિમ સંસ્કાર કરવાની પરિવારજનોની ઈચ્છા હતી. એટલે બાજુના ગામમાં તેની દીકરી પાસે રહેતી વૃદ્ધાનું મૃતદેહ મોથકકલ ગામ લાવવામાં આવ્યો હતો અને અંતિમયાત્રા જાહેર માર્ગ પરથી લઈ જવા માટે પોલીસ રક્ષણની માગણી કરવામાં આવી હતી. કેમ કે આ અને આસપાસના અનેક ગામોમાં દલિતો માટે અલગ કબ્રસ્તાન છે. અલગ સ્મશાન છે અને એમને જવા માટેના પણ અલગ માર્ગ નક્કી કરવામાં આવેલા છે. મદ્રાસ હાઈકોર્ટે આ પ્રકારની પદ્ધતિ બંધ કરવા માટે આદેશ આપ્યા છતાં આવી પદ્ધતિ હજી આ ગામોમાં ચાલુ છે. મહિલાના સ્વજન રાજાએ જણાવ્યું હતું કે સવર્ણ સમાજના લોકોએ જાહેર માર્ગ પરથી નીકળવાની મનાઈ કરી હતી. આથી પોલીસને જાણ કરતા રૂરલ ડીએસપી મુરૂગન સ્થળ પર આવ્યા હતા. એ પછી ડીએસપી દ્વારા બંધારણમાં કોઈ જોગવાઈ નથી છતાં જાહેર માર્ગ પરથી નીકળવાની મંજૂરી આપી હતી અને થોડીવારમાં હજી એ ડીએસપી ફરી ગયા હતા અને પંચાયતના પ્રમુખ અને અન્ય સાથેની વાતચીત બાદ ડીએસપીએ જે અલગ ફૂટપાથ ચાલવા માટે નક્કી કરેલી છે ત્યાંથી જ પસાર થવા માટેનો ડીએસપી દ્વારા પણ સવર્ણોને સમર્થન આપવામાં આવ્યું હતું. જે બંધારણની કલમથી બિલકુલ વિરૂદ્ધ હતું એવું રાજાનું કહેવું છે. જોકે આ ફૂટપાથ જ્યાંથી નીકળવાનું હતું એ ખોદી નાખવામાં આવી હોવાથી અમે મુદ્દે અને વાહનમાં મૂકીને જાહેર માર્ગ ઉપરથી નીકળ્યા હતા ત્યારે મોટી સંખ્યામાં પોલીસ કાફલો રસ્તા પર ગોઠવી દેવાયો હતો અને સ્મશાન યાત્રા નીકળવા દેવાઈ નહોતી અમને પોલીસ આવું કરશે તેની ધારણા જ નહોતી. મદ્રાસ હાઈકોર્ટના એડવોકેટ અને આ મુદ્દાઓ ઉપર લડત ચલાવી રહેલા ગૌતમ સુરેશે જણાવ્યું હતું કે જ્યારે બીજી વખત મહિલાના પરિવારે જાહેર માર્ગનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે વર્ણના હિન્દુઓએ આ પરિવાર પર હુમલો કરવાનો પણ પ્રયાસ કર્યો હતો અને પોલીસે તો ઘણી દલિત મહિલાઓને ગાળો પણ દીધી હતી અને સવારના હિન્દુઓને જ ખુલ્લેઆમ ટેકો આપ્યો હતો. અત્યારે ડીએમકેના સાથી પક્ષનો રિપોર્ટ પણ વિચારણા હેઠળ છે જેમાં આ ઘટનાની સિલસિલાબંધ વિગતો આપવામાં આવી છે પરંતુ વનની ચાર જાતિનું અહી વર્કશોપ હોવાથી હજી સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

# અમેઠીના દલિત પરિવારની શરમજનક હત્યા : પિતા કહે છે કે પુત્રના હત્યારાએ પણ એવું જ ભાગ્ય ભોગવવું પડશે



(એજન્સી) લખનઉ, તા.૬

સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલમાં જણાવ્યા મુજબ, ઉત્તર પ્રદેશના અમેઠીમાં એક ક્રૂર હત્યામાં પોતાના પરિવારના ચાર સભ્યોને ગુમાવનાર રામ ગોપાલે શુક્રવારના રોજ કહ્યું હતું કે, તેમના પુત્રના હત્યારાને પણ એ જ ભાવિ મળવું જોઈએ. સરકારી શાળાના શિક્ષક સુનિલ કુમાર, તેમની ૩૨ વર્ષીય પત્ની પૂનમ અને તેમની પુત્રીઓ દ્રષ્ટિ અને સુની, ૬ અને ૧ વર્ષની વયના ને એક અજાણ્યા શૂટરે ગોળી મારી હતી. રામ ગોપાલની પુત્રવધૂ પૂનમ દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,૧૯ હેઠળ અગાઉ તેની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હોવાનું જાણવા મળતાં ચંદન વર્મા હાલમાં દલિત પરિવારની હત્યાનો મુખ્ય શંકાસ્પદ આરોપી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પૂનમે ચંદન વર્મા વિરૂદ્ધ તેને હેરાન કરવા માટે ફરિયાદ નોંધાવી હતી. અમેઠીના પોલીસ અધિક્ષક અનૂપ કુમાર સિંઘે ગુરૂવારે જણાવ્યું હતું કે, પોલીસ હજુ સુધી એ નક્કી કરી શકી નથી કે બંને કેસ એકબીજા સાથે જોડાયેલા છે કે કેમ, પૂનમે તેની ફરિયાદમાં જણાવ્યું હતું કે, જો મને અથવા મારા પરિવારને કંઈ થાય છે, તો તેના માટે વર્મા જવાબદાર હોવા જોઈએ. ડોક્ટરોની ત્રણ સભ્યોની ટીમે વીડિયોગ્રાફી હેઠળ અમેઠીમાં મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું અને આ કેસની તપાસ માટે પાંચ પોલીસ ટીમો તૈનાત કરવામાં આવી છે. શોકગ્રસ્ત પિતા, રામ ગોપાલ ચારેય મૃતદેહોને રાયબરેલીના ઉંચાહરમાં તેમના વતન ગામ સુદામાપુર લઈ ગયા છે. રામ ગોપાલે શુક્રવારના રોજ શબગૃહની બહાર પત્રકારો સાથે વાત કરી અને કહ્યું, મારો પુત્ર જે રીતે ગયો છે, તેઓએ (હત્યારાઓએ) એ જ રીતે જવું જોઈએ.તેમણે ઘરના એકમાત્ર રોટલા નિર્માતા હોવા અંગે પણ પોતાની ચિંતા વ્યક્ત કરી, મારો પુત્ર ગયો હોવાથી, મારી પાસે ઘરની સંભાળ રાખવા માટે કોઈ બાકી નથી. મારી ઉંમર ૬૦ વર્ષથી વધુ છે અને મારો વધુ એક પુત્ર છે, જે અલગ રહે છે. જો તેને નોકરી મળી શકે તો સારું રહેશે. તેણે એવો પણ દાવો કર્યો હતો કે,તે જાણતો નથી કે ચંદન વર્મા કોણ છે અથવા તેની જાતિ શું છે, જો કે તેને યાદ છે કે પૂનમે તેની સામે ફરિયાદ નોંધાવી હતી. રામ ગોપાલે કહ્યું, જો કોઈ કાર્યવાહી કરવામાં આવી હોત, તો આજે આ બન્યું ન હોત.

ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથે એક પોસ્ટમાં શોક વ્યક્ત કર્યો અને કહ્યું, આજે અમેઠી જિલ્લામાં બનેલી ઘટના અત્યંત નિંદનીય અને અક્ષમ્ય છે. ઉત્તર પ્રદેશ સરકાર દુખની આ ઘડીમાં પીડિત પરિવારની સાથે છે.આ ઘટનાના દોષિતોને કોઈપણ કિંમતે છોડવામાં આવશે નહીં, તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# મલેશિયામાં રમાનાર સુલતાન ઓફ જોહર કપ માટે ભારતીય જુનિયર હોકી ટીમ જાહેર, સુકાની તરીકે આમીર અલી અને કોચ તરીકે નવી ઈનિંગ શરૂ કરશે પૂર્વ ગોલકીપર પી.આર. શ્રીજેશ




નવી દિલ્હી, તા.૬

મલેશિયામાં રમાનાર સુલતાન ઓફ જોહર કપની બારમી આવૃત્તિમાં ભાગ લેવા માટે ભારતની ૧૮ સભ્યોની જુનિયર હોકી ટીમની જાહેરાત કરવામાં આવી છે જેના સુકાની તરીકે આમિર અલી રહેશે અને ઉપસુકાની તરીકે રોહિતનું નામ જાહેર કરવામાં આવ્યું છે. ભારતના શાનદાર પૂર્વ ગોલકી પર પી.આર. શ્રીજેશ જુનિયર હોકી ટીમના હેડ કોચ તરીકે સેવા આપશે

## ૧૮ સભ્યોની જુનિયર હોકી ટીમ જાહેર થઈ અને તેના હેડ કોચ તરીકે પોતાની નવી કામગીરીનો ભારતનો પૂર્વ ગોલકીપર પ્રારંભ કરશે

અને આ રીતે આ ટુર્નામિન્ટથી એમની આ નવી ઈનિંગનો પ્રારંભ થશે.

૧૯ ઓક્ટોબરે ભારતનો પહેલો મુકાબલો જાપાન સાથે થશે એ પછી ૨૦ ઓક્ટોબર ગ્રેટ બ્રિટન સાથે અને ૨૨ ઓક્ટોબરે મલેશિયા સાથે તથા ૨૩ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સાથે અને ૨૫ ઓક્ટોબરે ન્યુઝીલેન્ડ સાથે ભારતીય ટીમની ટક્કર થશે. ટુર્નામિન્ટની બે ટોચની ટીમો વચ્ચેનો ફાઈનલ ૨૬ ઓક્ટોબરે રમાશે.

ડિફેન્ડર આમીર અલી અને ફોરવર્ડ ગુર્જિત સિંઘ ભારતની સિનિયર હોકી ટીમના સભ્ય પણ છે. સિનિયર હોકી ટીમે ચાઈનાના મોકી ખાતે રમાયેલી એશિયન ચેમ્પિયનશિપ ટ્રોફીમાં વિજેતા પદ જાળવી રાખ્યું હતું એ ટીમમાં પણ આમીર અલી અને ગુરૂજોત હતા. કેપ્ટન આમિર અલીએ જણાવ્યું હતું કે આપણી રમતના કેલેન્ડર વર્ષમાં સુલતાન ઓફ જોહર કપ એ મહત્ત્વની ટુર્નામેન્ટ છે અને આ ટુર્નામેન્ટને કારણે આ વર્ષે નવેમ્બરમાં મસ્કત ખાતે રમનાર મેન્સ જુનિયર એશિયા કપ માટેની આપણી ટીમની તૈયારીઓનો પણ ખ્યાલ આવી જશે અને અભ્યાસ થઈ જશે. તેમના તમામ ખેલાડીઓ રમવા માટે થનગની રહ્યા છે એટલે મલેશિયામાં શાનદાર હોકી જોવા મળશે. વોઈસ કેપ્ટન રોહિતે પણ ખૂબ ઉત્સાહ સાથે આનંદ વ્યક્ત કર્યો હતો કે આપણી ભારતીય ટીમના દંતકથા સમાન મહાન ખેલાડી પીઆર શ્રીજેશ અમારા હેડ કોચ તરીકે છે એટલે આખી ટીમ ખૂબ જ ઉત્સાહ સાથે મેદાનમાં ઊતરવા માટે થનગની રહ્યા છે અને અમને એમની પહેલી જ સ્પર્ધામાં ગૌરવ થાય તેવો દેખાવ કરવાની આખી ટીમની ઈચ્છા છે.

ટીમ આ મુજબ છે, ગોલકીપર વિક્રમજીત સિંઘ અને અલી ખાન

**ડિફેન્ડર :** આમીર અલી, તાલેમ પ્રિયોબાર્તા, શરદાનંદ તિવારી, સુખવિન્દર, અનમોલ એક્કા અને રોહિત (વીસી)

**મીડ ફિલ્ડર,** અંકિત પાલ, મન મીત સિંઘ, રોશન કુજુર, મુકેશ ટોપ્પો અને ચંદન યાદવ

**ફોરવર્ડસ,** ગુર્જિત સિંગ, સૌરભ આનંદ કુશવાહા, દિલરાજ સિંગ, અર્શદીપ સિંઘ, મોહમ્મદ કોનેન દાદ.

# ફતેહપુરમાં જ્યારે ખુરશી પર બેઠેલા દલિત પ્રધાન માન આપવા માટે ઊભા ન થયા ત્યારે તેમને લાતો અને મુક્કાથી માર મારવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં એક દલિત મંત્રી દબંગના માનમાં ખુરશી પરથી ન ઉઠવા બદલ ભારે કિંમત ચૂકવવી પડી હતી. વાસ્તવમાં, ઘરની સામેથી પસાર થઈ રહેલા દબંગે દલિત મંત્રીને ખુરશી પર બેઠેલા જોઈને ગુસ્સે થઈ ગયા અને તેમને લાતો અને મુક્કાથી જોરથી માર્યા. સ્થાનિક પોલીસ સ્ટેશને આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



આ મામલો વિજયપુર બ્લોકના કિશનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના એકદલા ગ્રામ પંચાયતનો છે. ગામના વર્તમાન પ્રધાન કમલેશ સોનકર છે. તેઓ દલિત સમુદાયમાંથી આવે છે. પોલીસને આપેલ ફરિયાદ પત્રામાં પ્રધાને જણાવ્યું કે ગુરૂવારે રાત્રે લગભગ ૮ વાગે પ્રધાન કમલેશ તેના દરવાજાની સામે ખુરશી પર બેઠો હતો. આ દરમિયાન પોલીસ સ્ટેશન વિસ્તારના સરોલી ગામનો રહેવાસી વિપિન સિંહ પ્રધાનના ઘરની સામેથી પસાર થઈ રહ્યો હતો. કમલેશને ખુરશી પર બેઠેલા જોઈને બદમાશો વિપિન ઉશ્કેરાઈ ગયો હતો અને તેમને જાતિવાચક શબ્દોનો ઉપયોગ કરીને અપશબ્દો બોલવા લાગ્યો હતો. તેણે એમ પણ કહ્યું કે, મારી સામે ખુરશી પર બેસવાની તારી હિંમત કેવી રીતે થઈ. આરોપ છે કે જ્યારે પ્રધાને વિરોધ કર્યો તો તેમને લાત અને મુક્કા માર્યા અને ખુરશી પરથી ફેંકી દીધા. બોલાચાલી દરમિયાન અવાજ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. આ જોઈને આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપીને ભાગી ગયા હતા. પોલીસ સ્ટેશનના પ્રભારી હેમંત કુમાર મિશ્રાએ જણાવ્યું કે, મારપીટની ફરિયાદ મળી છે. આરોપીઓ સામે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલે તપાસ કરવામાં આવી રહી છે.

# વિશ્વવિખ્યાત શુમાકર પરિવારમાં વિખવાદ જાગ્યો

## પથારીવશ મહાન રેસ ડ્રાઈવર માઈકલના ભાઈ રાલ્ફ શુમાકરે મિલકત વેચવા કાઢતા પૂર્વ પત્ની કોરા સખ્ત નારાજ



નવી દિલ્હી, તા.૬

વિશ્વવિખ્યાત શુમેકર પરિવારમાં મિલકત વેચાણને લઈને ભારે વિવાદ ઊભો થવા પામ્યો છે. લાંબા સમયથી પથારીવશ રહેલા ચેમ્પિયન F-1 ડ્રાઈવર માઈકલ શુમેકરના ભાઈ રાલ્ફ શુમાકરે એમનું ભવ્ય નિવાસસ્થાન ૫૦ લાખ ડોલરમાં વેચવા કાઢ્યું છે. તેના કારણે તેની એટલે કે રાલ્ફની પૂર્વ પત્ની કોરા સખ્ત નારાજ થઈ ગઈ છે અને વિરોધ કરાયો છે. રાલ્ફ અને કોરાના ૨૦૧૫માં છૂટાછેડા થઈ ગયા હતા કેમકે રાલ્ફે પોતાને સજાતીય સંબંધોનો આદિ ગણાવ્યો હતો. લગ્ન પહેલાં પતિ-પત્ની અને એમનો પુત્ર ડેવિડ ઓસ્ટ્રિયાના હોલવાંગ વિસ્તારના પાંચ બેડરૂમના વિલામાં રહેતા હતા. રાલ્ફ દ્વારા વિલા વેચવાની જાહેરાત અપાયા બાદ કોરાએ વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, આ ઘણું શરમજનક છે. અગાઉ પણ તેણે મકાન વેચવાની કોશિશ કરી હતી અને મીડિયામાં મને ખરાબ ચિતરવાનો પ્રયાસ કર્યો હતો. સાત વખતના વિશ્વ ચેમ્પિયન માઈકલ શુમાકરને આલ્પસની પર્વતમાળામાં સ્કિઈંગ કરતી વખતે ખડક સાથે અથડાવાથી માથામાં ગંભીર ઈજા થઈ હતી ત્યારથી પથારીવશ છે અને બોલી શકતો નથી.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે. દેણદાર/સહ-દેણદારો/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

| લોન એકાઉન્ટ નંબર | દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ | ગીરો મિલકતની વિગતો | ડિમાન્ડ નોટિસ | | તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | | | તારીખ | બાકી રકમ (રૂપિયા) | |
| 34718586 | ૧. દર્શન તાલવિયા, ૨. હરી કૃષ્ણા કોર્પોરેશન, ૩. વિરલ દર્શનકુમાર તાલવિયા | મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા દુકાન નં.૧૨૧ પહેલા માળ, ક્ષેત્રફળ ૨૪.૬૩ ચો.મી. (કાર્પેટ એરિયા રેરા મુજબ) અને ક્ષેત્રફળ ૪૮૬ ચો.ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) (બિનવહેંચાયેલ હિસ્સાની જમીનનું ક્ષેત્રફળ ૧૬.૩૧ ચો.મી.) સ્કીમ નામે 'ગણેશ ઈમ્પિરિયલ' તરીકે જાણીતી સ્થિત અત્રે જમીન સર્વે નં૭૮૦/૨, ફાઈનલ પ્લોટ નં.૩૫/૧ ટીપીએસ નં.૧૧૪ મોજે વસ્ત્રાલ, તા. વટવા, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૧૨ (નિકોલ), ગુજરાત-૩૮૨૪૧૮, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : પગથિયા, પશ્ચિમ : ૧૮ મી. ટીપીએસ રોડ, ઉત્તર : દુકાન નં.૧૨૦, દક્ષિણ : રસ્તો** | 26.07.2023 | Rs. 19,55,733.89/- | 02.10.2024 ભૌતિક કબજો |
| 33368458 | ૧. નારણજી વિરમજી વાઘેલા, ૨. મીખીબેન ઠાકોર, ૩. વિરામા ઠાકોર | સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ગામતળ મિલકત (ઘર) નં.૭૨૩, ક્ષેત્રફળ લગભગ ૬૦૫ ચો.ફૂટ બાંધકામ સાથે, સ્થિત જમીન મોજે/ગામ : જેથલજ, તા. કલોલ અને જિ. ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧, અને નીચે મુજબ ખૂંટ : **પૂર્વ : પબ્લિક રોડ, પશ્ચિમ : નવેરી ઘોડી, ઉત્તર : ઠાકોર બલદેવ શાકરજીનું ઘર નં.૭૨૪, દક્ષિણ : ઠાકોર શિવાજી બીજાજીનું ઘર નં.૭૨૨** | 14.10.2023 | Rs. 3,03,566.49/- | 02.10.2024 ભૌતિક કબજો |

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના **ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૦૨.૧૦.૨૦૨૪
સ્થળ : ગુજરાત

# પંજાબના AAP નેતાને જલાલાબાદમાં અકાલી નેતા સાથેની દલીલ દરમિયાન ગોળી વાગી જતાં હોસ્પિટલમાં દાખલ

## AAP પંજાબના વરિષ્ઠ પ્રવક્તા નીલ ગર્ગે જલાલાબાદમાં પાર્ટીના સરપંચ ઉમેદવાર પર થયેલા ઘાતક હુમલાની નિંદા કરી

(એજન્સી) તા.૬

પંજાબમાં AAP નેતા ફાઝિલ્કા જિલ્લામાં શિરોમણી અકાલી દળના નેતા સાથેની દલીલ દરમિયાન ગોળી વાગતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. આમ આદમી પાર્ટી (AAP) નેતા મનદીપ સિંહ બ્રાર પંજાબના ફાઝિલ્કા જિલ્લામાં ગોળીબારની ઘટનામાં ઘાયલ થયા હતા, જેમાં કથિત રીતે પ્રતિસ્પર્ધી પક્ષ શિરોમણી અકાલી દળ (SAD)ના સભ્ય સામેલ હતા. બ્રારને ગોળી વાગી હતી અને તેની ગંભીર હાલતને કારણે લુધિયાણાના મેડિકલ સેન્ટરમાં રિફર કરવામાં આવતાં પહેલા જલાલાબાદની સરકારી હોસ્પિટલમાં તેમની સારવાર કરવામાં આવી હતી. આ ગોળીબાર કથિત રીતે બ્લોક ડેવલપમેન્ટ એન્ડ પંચાયત ઓફિસર (BDPO)ની ઓફિસની બહાર ઉગ્ર દલીલ બાદ થયો હતો.

**'કમનસીબ હુમલો'**

પંજાબમાં AAPના વરિષ્ઠ પ્રવક્તા નીલ ગર્ગે જણાવ્યું હતું કે, "આપણી લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી. જલાલાબાદમાં સરપંચના ઉમેદવાર પર થયેલો દુર્ભાગ્યપૂર્ણ હુમલો ખૂબ જ ચિંતાજનક છે.



@AamAadmiParty બધા માટે શાંતિ, વિકાસ અને ન્યાયીપણામાં વિશ્વાસ રાખે છે. અમે ગુનાહિત માનસિકતા સામે મજબૂત ઊભા છીએ અને અધિકારીઓને ઝડપથી પગલાં લેવા વિનંતી કરીએ છીએ." શનિવારે જલાલાબાદ AAP ધારાસભ્ય જગદીપ કંબોજ ગોલ્ડીએ દાવો કર્યો હતો કે SAD નેતા વરદેવ સિંહ માનએ પાર્ટીના નેતા પર ગોળી ચલાવી હતી. અહેવાલો દર્શાવે છે કે પૂર્વ સાંસદ જોરા સિંહ માનના પુત્ર માન, એક શાળા સંબંધિત ફાઈલ વિશે પૂછપરછ કરવા BDPO ઑફિસની મુલાકાત લીધી હતી, પરંતુ તેમને સહાય કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. ઈન્કારને પગલે ઓફિસની બહાર તણાવ વધી ગયો હતો, જેના કારણે માન અને બ્રાર વચ્ચે બોલાચાલી થઈ હતી, જે દરમિયાન ગોળી ચલાવવામાં આવી હતી. ૧૫ ઓક્ટોબરે યોજાનારી પંચાયત ચૂંટણી માટે 'સરપંચ' પદ માટે ૫૨,૦૦૦થી વધુ અને 'પંચ' માટે ૧.૬૬ લાખથી વધુ નામાંકન પ્રાપ્ત થયા છે. ૧૩,૨૨૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી ૧૫ ઓક્ટોબરના રોજ યોજાશે. પંજાબ રાજ્ય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "સરપંચ માટે કુલ ૫૨,૮૨૫ નોમિનેશન પ્રાપ્ત થયા છે અને ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પંચો માટે ચૂંટણી પંચને ૧,૬૬,૩૩૮ નોમિનેશન પ્રાપ્ત થયા છે." પંજાબ રાજ્યના ચૂંટણી કમિશનર રાજ કમલ ચૌધરીએ જણાવ્યું હતું કે તમામ ડેપ્યુટી કમિશનરો પાસેથી માહિતી મેળવ્યા બાદ ચકાસણી પ્રક્રિયાની પૂર્ણતાને અલગથી ટેબ્યુલેટ કરવામાં આવશે. નામાંકન પરત ખેંચવાની છેલ્લી તારીખ ૭ ઓક્ટોબર છે. તે જ દિવસે મતદાન મથકો પર મતોની ગણતરી કરવામાં આવશે.

# પ્રથમ મતની ગણતરી થાય તે પહેલાં જ J&Kને પાંચ ધારાસભ્યો મળી ગયા; વિપક્ષ લાલઘૂમ

## J&Kમાં પ્રથમ વખત પાંચ નામાંકિત સભ્યો સરકારની રચનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, કોંગ્રેસે સભ્યોને નોમિનેટ કરવાના પગલાનો સખત વિરોધ કર્યો છે અને ભાજપ પર ચૂંટણી પરિણામો સાથે ચેડાં કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે

(એજન્સી) તા.૬

જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના પરિણામો ૮ ઓક્ટોબરના રોજ જાહેર થવાના હોવાથી કોંગ્રેસે નવી સરકારની રચના પહેલા વિધાનસભામાં પાંચ સભ્યોના નામાંકન સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. કોંગ્રેસના નેતાઓએ કથિત પગલાને લોકશાહી સિદ્ધાંતો અને બંધારણ પર હુમલો ગણાવ્યો હતો અને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાને પાંચ પ્રતિનિધિઓના નામાંકનને મંજૂરી આપવાથી દૂર રહેવા હાકલ કરી હતી. જમ્મુ અને કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ સમિતિ (JKPCC)ના વરિષ્ઠ ઉપાધ્યક્ષ રવિન્દર શર્માએ કહ્યું, "અમે જમ્મુ અને કાશ્મીરમાં સરકારની રચના પહેલા લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા પાંચ ધારાસભ્યોની નિમણૂકનો વિરોધ કરીએ છીએ. આવું કોઈપણ પગલું લોકશાહી લોકોના આદેશ અને બંધારણના મૂળભૂત સિદ્ધાંતો પર હુમલો છે." કોંગ્રેસે એમ કહીને નવી સરકાર બન્યા પછી જ નામાંકન કરવાની હાકલ કરી હતી કે અન્ય કોઈ અભિગમ લોકોના જનાદેશ સાથે વિશ્વાસઘાત હશે. નામાંકન, ગૃહ મંત્રાલય દ્વારા સલાહ આપવામાં આવે છે અને ઉપરાજ્યપાલ દ્વારા મંજૂર કરવામાં આવે છે, તે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯માં કરવામાં આવેલા સુધારાનો એક ભાગ છે. ૨૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ કરવામાં આવેલ તાજેતરના સુધારા આ પ્રક્રિયાને સક્ષમ કરે છે, જે વિધાનસભાને ૯૫ સભ્યો સુધી વિસ્તરણ કરે છે જેણે બહુમતીનો આંકડો વધારીને ૪૮ બેઠકો સુધી પહોંચાડ્યો.



શર્માએ વચન આપ્યું હતું કે કોંગ્રેસ 'એડીચોટીનું જોર' લગાવીને લડશે અને તેને સત્તાધારી ભાજપ દ્વારા ચૂંટણીને તેમની તરફેણમાં રમવાની બિડ ગણાવી હતી. તેમણે ઉમેર્યું, 'આ ભાજપની સરકાર બનાવવા માટેના સાધનોનો અભાવ હોવા છતાં સંખ્યાઓની હેરાફેરી કરવા માટેની ભયાવહતા દર્શાવે છે,.' જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ હેઠળ, લેફ્ટનન્ટ ગવર્નરને કાશ્મીરી પંડિતો (KPs) અને પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર (PoJK)ના શરણાર્થીઓના પ્રતિનિધિત્વ સહિત પાંચ સભ્યોની નિમણૂક કરવાની સત્તા છે. જો કે, શર્માએ દલીલ કરી હતી કે લેફ્ટનન્ટ ગવર્નરે માત્ર મંત્રીમંડળની સલાહના આધારે જ કાર્ય કરવું જોઈએ, જે ચૂંટણી પછી રચાશે. શર્માએ ઉમેર્યું, 'ચૂંટણી પછી બહુમતી અથવા લઘુમતી દરજ્જાને બદલવા માટે નોમિનેશનની જોગવાઈનો દુરુપયોગ નુકસાનકારક રહેશે,' સરકારની રચના પહેલા આવા નામાંકનને 'ગેરબંધારણીય' ગણાવ્યા. તેમણે પુનરોચ્ચાર કર્યો કે કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ (NC) ગઠબંધન બહુમતી જીતે તેવી અપેક્ષા છે અને અકાળ નામાંકન ચૂંટણીના પરિણામને નબળા પાડશે. શર્માએ PoJK શરણાર્થીઓ, KPs અને અન્ય લઘુમતીઓને વિધાનસભામાં પૂરતું પ્રતિનિધિત્વ આપવાના ભાજપના અધૂરા વચનોની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, 'ભાજપે વાજબી પ્રતિનિધિત્વનું વચન આપ્યું હતું, તેમ છતાં તેઓ તેમની અગાઉની આઠ પ્રતિબદ્ધતાની સરખામણીમાં PoJK સમુદાય માટે માત્ર એક બેઠકનો જ પ્રસ્તાવ મૂક્યો છે,.' તેમણે સિક્કિમ એસેમ્બલી મોડલનો ઉલ્લેખ કર્યો, જેમાં લઘુમતી પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાના વધુ સારા ઉદાહરણ તરીકે બૌદ્ધ મઠના સમુદાયો માટે બેઠકો અનામત છે.

# ઈમરાન ખાનની પાર્ટીએ સરકાર સામે પોતાનો વિરોધ ચાલુ રાખવાનું વચન આપ્યું

(એજન્સી) તા.૬

પાકિસ્તાનની રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ રવિવારે સતત બીજા દિવસે તંગ રહી હતી કારણ કે જેલમાં બંધ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટીએ વિરોધ નેતા અલી અમીન ગાંડાપુરના રહસ્યમય રીતે ગુમ થવા છતાં સરકાર સામે વિરોધ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પહેલા પાકિસ્તાનની રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થાની ગંભીર સ્થિતિ જોવા મળી હતી. જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના સમર્થકોએ ઈસ્લામાબાદમાં તેમના નેતાને જેલમાંથી મુક્ત કરવાની અને ન્યાયતંત્રની સ્વતંત્રતાની માગ સાથે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પ્રદર્શનકારીઓ પર ટીયર ગેસના શેલ છોડ્યા, તમામ હાઈવે બ્લોક કરી દીધા, મોબાઈલ સેવાઓ સ્થગિત કરી અને કલમ ૧૪૪ લાગુ કરી. PTIએ દાવો કર્યો છે કે, ઈસ્લામાબાદના કેપી હાઉસમાં રેન્જર્સના જવાનો બળજબરીથી ઘૂસ્યાને કેપીના મુખ્યમંત્રી અલી અમીન ગાંડાપુરની ધરપકડ કરી હતી. જેમાં પાર્ટીના વિરોધનો એક ભાગ બનવા માટે રાજધાની ગયા ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી.



આ દરમિયાન, PTI નેતા ઈમરાન ખાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને તેમના સમર્થકોની પ્રશંસા કરતા કહ્યું કે, 'મને આપણા બધા લોકો પર ગર્વ છે. વિશ્વાસ જાળવવી રાખવા માટે આપનો આભાર. તમે ગઈકાલે બહાર આવ્યા ત્યારે તમે અતૂટ હિંમત દર્શાવી અને અવિશ્વસનીય અવરોધોને પાર કરીને ડી ચોક તરફ આગળ વધવાનું ચાલુ રાખ્યું હતું.' તેમણે કહ્યું કે, 'તમે ફાસીવાદી સરકારની ગોળીબાર વચ્ચે સંઘર્ષ કર્યો, તમે કન્ટેનર, ખોદેલા હાઈવે અને ત્યાં મુકેલા લોખંડના ખીલાઓને પાર કરીને આગળ વધતા રહ્યા, તેમજ મહિલાઓ, વૃદ્ધો અને યુવાનોએ અથાક શક્તિ અને ધીરજ દર્શાવી હતી. ઈમરાને તેના સમર્થકોને અપીલ કરતા કહ્યું કે, 'બધાને ડી ચોક તરફ આગળ વધવા અને અલી અમીનના કાફલામાં સામિલ થવાનું આહ્વાન કરૂં છું. હું ખાસ કરીને કેપી, ઉત્તર પંજાબ અને ઈસ્લામાબાદના લોકોની પ્રશંસા કરવા માંગુ છું. તમારા નિશ્ચય અને પ્રતિબદ્ધતા સાથે તમે ગોળીબાર, હેલિકોપ્ટરમાંથી છોડવામાં આવતા રસાયણો, રાજમાર્ગો પર ખાડા સહિતના અવરોધોને પાર કર્યા છે.' તેમણે કહ્યું કે, 'હું પંજાબના લોકોને લાહોરના મિનાર-એ-પાકિસ્તાન તરફ જવા માટે પણ કહી રહ્યો છું. જો તેઓ ત્યાં ન પહોંચી શકે તો, તેમણે તેમના શહેરોમાં વિરોધ પ્રદર્શનમાં સામેલ થવું જોઈએ. આ સ્વતંત્રતા માટેની વાસ્તવિક લડાઈ છે, જેથી આપણે પોતાના દેશમાં બંધારણ અને કાયદાના શાસનની અંદર મુક્ત નાગરિક તરીકે જીવી શકીએ, જેમ કે આપણા સ્થાપક કાયદે આઝમ મોહમ્મદ અલી ઝીણાએ કર્યું હતું.'

PTIએ વિરોદ પ્રદર્શનની યોજના બનાવી છે, ત્યારે ઈસ્લામાબાદ પછી લાહોરમાં સેના તૈનાત કરાશે. PTI સમર્થકો અને પોલીસ વચ્ચેની હિંસક અથડામણના એક દિવસ બાદ શનિવારે ઈસ્લામાબાદમાં પરિસ્થિતિ તંગ રહી હતી, જ્યારે પાર્ટીએ નાકાબંધી અને કડક સુરક્ષા વચ્ચે લાહોરમાં તેનો વિરોધ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. આ દરમિયાન રાજધાની અને નજીકના રાવલપિંડીમાં સતત બીજા દિવસે જનજીવન અસ્તવ્યસ્ત રહ્યું હતું.

# હિંદુ સમાજે એક થવા માટે ભાષા, જાતિ અને પ્રાદેશિક મતભેદો દૂર કરવા પડશે : RSSના વડા ભાગવત

## 'RSSની કામગીરી' 'વિચાર આધારિત' હોવાનું જાહેર કરીને મોહન ભાગવતે ૩,૮૨૭ RSS સ્વયંસેવકોને સમુદાયોમાં વ્યાપક સંપર્ક જાળવવા સૂચના આપી હતી

(એજન્સી) તા.૬

ભારત એક હિંદુ રાષ્ટ્ર હોવાનું ભારપૂર્વક જણાવતા આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું છે કે હિંદુ સમાજે ભાષા, જાતિ અને પ્રાદેશિક વિવાદોના મતભેદોને દૂર કરીને તેની સુરક્ષા માટે એક થવું જોઈએ. તેમણે એ તરફ પણ ધ્યાન દોર્યું કે આરએસએસની કામગીરી યાંત્રિક નથી પરંતુ વિચાર આધારિત છે. રાજસ્થાનના બારનમાં 'સ્વયંસેવક એકાત્રિકરણ' કાર્યક્રમને સંબોધતા ભાગવતે કહ્યું કે હિંદુઓ દરેકને પોતાના માને છે અને દરેકને આવકારે છે.

તેમણે કહ્યું, "હિન્દુ શબ્દ પાછળથી આવ્યો હોવા છતાં આપણે પ્રાચીન સમયથી અહીં રહીએ છીએ. હિંદુઓ દરેકને અપનાવે છે. તેઓ સતત સંવાદ દ્વારા સુમેળમાં રહે છે." રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડાએ ભાર મૂક્યો હતો કે "ભાષા, જાતિ અને પ્રાદેશિક મતભેદો અને વિવાદોને દૂર કરીને હિંદુ સમાજે તેની સુરક્ષા માટે એક થવું જોઈએ." તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે આચારમાં



શિસ્ત, રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અને ધ્યેયો પ્રત્યે સમર્પણ એ આવશ્યક ગુણો છે. ભાગવતે કહ્યું, "સમાજ માત્ર વ્યક્તિઓ અને તેમના પરિવારો દ્વારા નથી રચાય, પરંતુ તે વ્યાપક ચિંતાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે જેના દ્વારા વ્યક્તિ આધ્યાત્મિક પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકે છે." તેમણે ઉમેર્યું કે, "RSSની કામગીરી યાંત્રિક નથી પરંતુ વિચાર આધારિત છે. તે એક અપ્રતિમ સંસ્થા છે જેનાં મૂલ્યો જૂથના નેતાઓથી લઈને સ્વયંસેવકો, તેમના પરિવારો અને મોટા પ્રમાણમાં સમાજ સુધી પથરાયેલા છે."

સ્વયંસેવકોને સમુદાયોમાં વ્યાપક સંપર્ક જાળવવા વિનંતી કરતા, આરએસએસના વડાએ કહ્યું કે સમાજને સશક્તિકરણ કરીને સમુદાયની ખામીઓને દૂર કરવાના પ્રયાસો કરવા જોઈએ. ભાગવતે કહ્યું, "સામાજિક સંવાદિતા, ન્યાય, આરોગ્ય, શિક્ષણ અને આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સ્વયંસેવકોએ હંમેશા સક્રિય રહેવું જોઈએ અને પરિવારોમાં સંવાદિતા, પર્યાવરણીય જાગૃતિ, સ્વદેશી મૂલ્યો અને નાગરિક ચેતનાને પ્રોત્સાહન આપવું જોઈએ, જે સમાજના મૂળભૂત ઘટકો છે. આરએસએસના વડાએ કહ્યું કે ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠા અને સ્થિતિ તેની તાકાતને આભારી છે અને જ્યારે રાષ્ટ્ર મજબૂત બને છે ત્યારે જ તેના પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત થાય છે. આ કાર્યક્રમમાં કુલ ૩,૮૨૭ RSS સ્વયંસેવકોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં આરએસએસના વરિષ્ઠ કાર્યકર્તાઓ રમેશ અગ્રવાલ, જગદીશ સિંહ રાણા, રમેશ ચંદ મહેતા અને વૈદ્ય રાધેશ્યામ ગર્ગ સહિત અન્ય લોકોએ પણ હાજરી આપી હતી.

# કિશોરની પોસ્ટનો ઈરાદો કોઈની ધાર્મિક લાગણી દુભાવવાનો હોય તે પુરવાર થતું નથી : હાઈકોર્ટે FIR રદ કરી

(એજન્સી) તા.૬

બોમ્બે હાઈકોર્ટે માપુસાની એક કૉલેજ વિદ્યાર્થી સામે નોંધાયેલી એફઆઈઆરને રદ કરી દીધી છે કારણ કે તેને જાણવા મળ્યું છે કે વિદ્યાર્થીની ઑનલાઇન ટિપ્પણીઓ અને પોસટ કોઈપણ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા માટે કોઈ ઈરાદાપૂર્વક અથવા દૂષિત ઈરાદાને જાહેર કરતી નથી. ધાર્મિક વિધિઓના સંદર્ભમાં સોશિયલ મીડિયા પર અપમાનજનક ટિપ્પણીઓ પોસ્ટ કરવા અને ફેલાવવા બદલ મે મહિનામાં વિદ્યાર્થીની વિરૂદ્ધ FIR દાખલ કરવામાં આવી હતી, જેનાથી ધાર્મિક લાગણીઓ ભડકી હતી.

૧૮ વર્ષીય વિદ્યાર્થીને એક પોસ્ટ/રીલ



ઓનલાઈન મળી જેમાં ધુમ્મસની મોટી દિવાલમાંથી ધુમાડો નીકળતો તેમજ ભીડની સામે એક જ્યોત દેખાતી હતી. તેણે પોતાની રીલ દ્વારા તેના અંગત Instagram એકાઉન્ટ પર પોસ્ટ/રીલ ફરીથી પોસ્ટ કરી, જેમાં તેણે ફોટામાં દેખાતા પ્રદૂષણ વિશે ચિંતા વ્યક્ત કરી.

તેણે કહ્યું, "મને ખબર નથી કે તમે તેને સંસ્કૃતિ અથવા પરંપરા કેવી રીતે કહી શકો અને જ્યારે તમે આ રીતે પર્યાવરણને નુકસાન પહોંચાડી રહ્યા હોવ ત્યારે કોઈની પ્રશંસા કરો." વિદ્યાર્થીની પોસ્ટને કારણે બિચોલિમના અમિત ગાંવકરે ફરિયાદ કરી હતી અને માપુસા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. FIR દાખલ થયા પછી, તેણીએ તરત જ તેના Instagram પર જાહેરમાં માફી માંગી. તેણીએ કહ્યું, "હું નિષ્ઠાપૂર્વક માફી માંગુ છું. મારા તરફથી કોઈની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો કે ઠેસ પહોંચાડવાનો કોઈ ઈરાદો નહોતો."

# મહારાષ્ટ્રના ટોચના અધિકારીના પુત્ર પર ગર્લફ્રેન્ડને કાર હેઠળ કચડી નાંખવાના પ્રયાસનો આરોપ, પહેલાં તેણીએ મેસેજ મોકલીને પોતાને બોલાવ્યો હોવાનો બચાવ કરતો અધિકારી પુત્ર

**અશ્વજીત ગાયકવાડ દ્વારા ગયા ડિસેમ્બરમાં પોતાના એસયુવી વાહન હેઠળ ઈન્ફલુએન્સર સ્ત્રી મિત્રને કચડી નાખવાનો પ્રયાસ કર્યાનો આરોપ છે પણ તેનો દાવો છે કે મને સંદેશો મોકલીને મારી સ્ત્રી મિત્રએ પહેલા બોલાવ્યો હતો અને મારી સામે વધુ ગંભીર અને આરોપ મૂકવા માટેનો તેનો પ્રયાસ હતો**

(એજન્સી) મુંબઈ, તા.૬

મહારાષ્ટ્રના ઉચ્ચ અધિકારીના પુત્ર અશ્વજિત ગાયકવાડે મુંબઈ હાઈકોર્ટમાં એફિડેવિટ કરીને પોતાની સામે દાખલ કરાયેલી એફઆઈઆર રદ કરવા અદાલતને અનુરોધ કર્યો છે. ગાયકવાડની સ્ત્રી મિત્ર પ્રિયા સિંગે એવો આક્ષેપ કર્યો છે કે ડિસેમ્બર ૨૦૨૩માં થાણે ખાતે ગાયકવાડે પોતાને તેની suv કાર હેઠળ કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો એટલે પ્રિયા સિંઘે ગાયકવાડ પર હત્યાના પ્રયાસનો ગુનો નોંધવા માટે અરજી કરી છે. અશ્વજીત ગાયકવાડે અદાલતમાં એવું દર્શાવ્યું છે કે પ્રિયા સિંઘે મને મોબાઈલ પર મેસેજ આપીને બોલાવ્યો હતો અને સાથે સાથે એ મારી ઉપર વધુ ગંભીર આરોપો મૂકવા અને એ મુજબ ફરિયાદ દાખલ કરવાનો પ્રયાસ કરી રહી હતી. ગાયકવાડના વકીલ નિરંજન મુન્દરગીએ હાઈકોર્ટમાં તેની એફિડેવિટ રજૂ કરી હતી અને રજૂઆત કરી હતી કે પ્રિયા સિંગે વધુ



ગંભીર આરોપો હેઠળ કેસ દાખલ કરવા હાઈકોર્ટમાં રજૂઆત કરી છે પણ બીજી બાજુ એ પોતે મધરાત્રે સંદેશા મોકલીને ગાયકવાડને મળવા બોલાવતી હતી.

ગાયકવાડે પોતાની સામેની એફઆઈઆર રદ કરવા માટે હાઈકોર્ટમાં અરજ કરી છે તો બીજી તરફ પ્રિયા સિંગે પણ અરજી કરી છે અને કલમ ૩૦૭ તથા ૩૭૬ મુજબ ગાયકવાડ પર કેસ દાખલ કરવા અને તપાસ અન્ય એજન્સીને આપવા હાઈકોર્ટમાં અરજી કરી છે.

એફિડેવિટની સાથે પ્રિયાના સંદેશાના સ્ક્રીનશોટ પણ મૂકવામાં આવ્યા છે અને ગાયકવાડે અદાલતમાં કહ્યું છે કે મેં પોલીસને પણ પ્રિયાના સંદેશાઓની જાણ કરી હતી. એડવોકેટ નિરંજને દલીલ કરી હતી કે પ્રિયાએ નાણાં ઉઘરાવવા માટે આવા સંદેશા મોકલીને મારા અસીલને બોલાવ્યું હોય એવી આશંકા છે. અદાલતે પૂછ્યું હતું કે શું આ સંદેશા અને મોબાઈલ નંબર પ્રિયાના છે ત્યારે પ્રિયાના વકીલે કહ્યું હતું કે નંબર તો મારા અસીલનો નથી.

જસ્ટિસ ગડકરીએ પ્રિયા સિંગને એફિડેવિટ પર વિચાર કરીને જવાબ આપવા માટે સમય આપ્યો છે અને કહ્યું છે કે અમે તક આપી રહ્યા છે અત્યારે પ્રિયા અહીં પીડિત તરીકે છે એટલે એમને વિચારવાનો સમય આપીએ એમને આમાં સંડોવવા ન જોઈએ.

# રાજસ્થાનના ઉપમુખ્યમંત્રી દિલ્હીની હોટેલમાં રશિયન સાથે ઝડપાયાના અહેવાલો ફેલાતા જ ભાજપ ચરિત્ર હનન સામે બચાવ કરવા મેદાનમાં ઊતર્યું

(એજન્સી) તા.૬

ભાજપે શનિવારેએ દાવાને રદિયો આપ્યો હતો કે દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીની એક હોટલમાં એક રશિયન મહિલા સાથે રાજસ્થાનના ટોચના મંત્રીની અટકાયત કરી છે. જયપુરમાં મીડિયા સાથે વાત કરતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ મદન રાઠોડે કહ્યું કે ભાજપના કોઈ નેતા આમાં સામેલ નથી કે તેની સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે કહ્યું કે આ માત્ર ચારિત્રની હત્યાનો પ્રયાસ છે. હું માનું છું કે આ હલકું રાજકારણ છે અને કોઈએ કોઈની સામે આટલું નીચું ન જવું જોઈએ. રાજકારણીઓએ લોકોને ગેરમાર્ગે દોરવા, અફવાઓ ફેલાવવા અથવા (અન્યની) છબીને કલંકિત કરવાનું ટાળવું જોઈએ. ભાજપ નેતાએ કહ્યું કે તેમણે અખબારમાં આ વિશે વાંચ્યું હતું. તેમણે કહ્યું કે હું નથી જાણતો કે તે કોના માટે લખવામાં આવ્યું છે, પરંતુ લોકોએ તેને ટ્વિસ્ટ કરીને કોઈની ઈમેજ ખરાબ કરી છે. તેમણે કહ્યું કે



જે લોકો પાસે આવી અફવાઓ ફેલાવવા માટે કંઈ સારૂં નથી. વરિષ્ઠ કેબિનેટ મંત્રી કિરોરી લાલ મીનાએ પણ X પર પોસ્ટ કર્યું હતું કે તેઓ સતત લોકોની સેવા કરી રહેલા નાયબ મુખ્ય પ્રધાન ડૉ. પ્રેમ બૈરવા જી વિશે નિર્લજ્જ જૂઠાણું બોલીને અફવાઓ ફેલાવી રહ્યા છે. આવું કરનારાઓ સમાજ અને રાજ્યના રાજકારણને પ્રદૂષિત કરી રહ્યા છે. આવી નિંદનીય અને ઘૃણાસ્પદ રાજનીતિ કરનારાઓની હું નિંદા કરૂં છું. તમને જણાવી દઈએ કે, ૩ ઓક્ટોબરના રોજ કોંગ્રેસ પાર્ટીના સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ ચેરપર્સન સુપ્રિયા શ્રીનેતે વિગતો આપ્યા વિના X – "BJP, Rajasthan, Delhi, Le Meridien Hotel, Russia" પર એક રહસ્યમય સંદેશ પોસ્ટ કર્યો હતો. ૪ ઓક્ટોબરના રોજ, રાષ્ટ્રીય જનતા દળે ટ્વિટર પર તેના સત્તાવાર હેન્ડલ પરથી પોસ્ટ કર્યું : "ભાજપના નાયબ મુખ્યમંત્રી દિલ્હીની એક ફાઈવ સ્ટાર હોટલમાં રશિયન મહિલા સાથે પકડાયા. મામલાને દબાવવાના પ્રયાસો ચાલુ છે !" કોંગ્રેસના નેતા શ્રીનેતનું નામ લીધા વિના રાજસ્થાન રાજ્ય ભાજપના અધ્યક્ષ મદન રાઠોડે કહ્યું કે હું તેમનું સન્માન કરૂં છું, તે એક મહિલા રાજકારણી છે પરંતુ તેણે આટલું ઓછું ન જવું જોઈએ.

ગુજરાત ATS અને દિલ્હી NCBનું ભોપાલમાં સંયુક્ત ઓપરેશન

# સૌથી મોટી ડ્રગ્સની ફેક્ટરીનો પર્દાફાશ ૧૮૧૪ કરોડનું એમડી ડ્રગ્સ ઝડપાયું

**ATSની દોઢ મહિનાથી જગ્યા પર નજર હતી**

## હાઈટેક ફેક્ટરીમાં રોજ ૫૦ કરોડનું ડ્રગ્સ બનાવતા : બે આરોપીઓની ધરપકડ



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

ગુજરાત રાજયમાં ડ્રગ્સ ઝડપાવવાની ઘટનાઓ વધી રહી છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી સરકારે ડ્રગ્સ પેડલર સામે આક્રમક કાર્યવાહી કરી છે ત્યારે ગુજરાત ATS અને NCBની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને રૂા.૧૮૧૪ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે.

ગુજરાત ATS અને NCB દિલ્હી દ્વારા સંયુક્ત રીતે મધ્યપ્રદેશના ભોપાલના બગરોડા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતે મેન્યુફેક્ચરિંગ યુનિટની આડમાં ચાલતી ફેક્ટરીમાં રેડ કરી હતી. જેમાંથી ૧૮૧૪ કરોડની કિંમતનું ૯૦૭ કિલો એમડી ડ્રગ્સનું મટિરિયલ તથા સાધનો કબ્જે કરવામાં આવ્યા છે. તેમજ બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ દ્વારા છ મહિનાથી મોર્ડન પ્લાન્ટ બનાવવામાં આવ્યો હતો અને તેમાં રોજ ૨૫ કિલો ડ્રગ્સનું પ્રોડક્શન કરતા હતા. રોજના ૫૦ કરોડનું બનાવતા હોય તેમ કહી શકાય. ઉલ્લેખનિય છે કે, ગુજરાત છ્જી દ્વારા અત્યારસુધી પકડવામાં આવેલા ગેરકાયદે ફેક્ટરીઓ પૈકી આ અત્યારસુધીની સૌથી મોટી ફેક્ટરી છે. ગુજરાત ATS દ્વારા બાતમીના આધારે એકથી દોઢ મહિનાથી જગ્યા પર વોચ રાખવામાં આવી રહી હતી. જ્યારે બાતમી ચોક્કસ થઇ ત્યારે ATSએ દિલ્હી NCBનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ સંયુક્ત રીતે ઓપરેશન કરવાનો નિર્ણય કર્યો હતો. રેડ દરમિયાન ભાડાના શેડમાંથી ૯૦૭ કિલો એમડી ડ્રગ્સનો સોલિડ તથા લિક્વિડ જથ્થો મળી આવ્યો હતો. ઉપરાંત ૫૦૦૦ કિલો રો-મટિરિયલ અને એમડી ડ્રગ્સના ઉત્પાદન માટે ઉપયોગમાં લીધેલા ગ્રાઈન્ડર, મોટર, ગ્લાસ, હીટર સહિતના સાધનો પણ મળી આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. આ રેડ દરમિયાન અમિત ચતુર્વેદી (૫૭ વર્ષ) જે ભોપાલનો રહેવાસી છે તથા સન્યાલ પ્રકાશ બાને (ઉ.વ. ૪૦) જે નાસિક મહારાષ્ટ્રનો રહેવાસી છે તેની ધરપકડ કરવામાં આવી છે. આરોપીની ધરપકડ બાદ પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી સન્યાલ પ્રકાશ બાને અગાઉ વર્ષ ૨૦૧૭માં અંબોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક કિલો એમડી ડ્રગ્સના સીઝર કેસમાં પકડાયા હતા. જેમાં તે પાંચ વર્ષ જેલમાં પણ રહીને આવ્યો છે. જેલમાંથી છૂટ્યા બાદ તેણે અમિત ચતુર્વેદીના એક મિત્ર દ્વારા સંપર્ક કરીને એમડી ડ્રગ્સના ઉત્પાદન અને વેચાણ માટેનો પ્લાન બનાવ્યો હતો. આ પ્લાન મુજબ તેઓએ બગરોડાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સાત મહિના અગાઉ જ એક શેડ ભાડે લીધો હતો અને જેમાં છેલ્લા ત્રણથી ચાર મહિનાથી એમડી ડ્રગ્સ તૈયાર કરવા માટેનું રો-મટિરિયલ અને સાધન સામગ્રી એકઠી કરી હતી. જેમાં કેમિકલ પ્રોસેસ અને વેચાણ પણ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આરોપીઓએ ૨૫૦૦ વારની જગ્યામાં શેડ ઉભો કર્યો હતો. ગુજરાત એટીએસ દ્વારા અત્યારસુધી પકડવામાં આવેલા ગેરકાયદેસર ફેક્ટરીઓ પૈકી અત્યારસુધીના સૌથી મોટી હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત અત્યારસુધીની સૌથી મોર્ડન ફેક્ટરી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ ફેક્ટરીમાં રોજ ૨૫ કિલો એમડી ડ્રગ્સનું પ્રોડક્શન થઈ શકે તેવી કેપેસિટી છે. આરોપીઓએ અત્યારસુધી એક સ્લોટ તૈયાર કરીને વેચ્યો હોવાની શંકા છે અને આ સ્લોટ પણ મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રમાં વેચ્યો હોવાની શક્યતા છે. જેને લઈને એટીએસ દ્વારા તેમને વધુ તપાસ કરવામાં આવી રહી છે. આરોપીઓ કેટલા સમયથી જથ્થો બનાવતા હતા તથા કઈ કઈ જગ્યાએ તથા કોને વેચતા હતા તે માટેની તપાસ પણ શરૂ કરવામાં આવી છે. રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ X પર લખ્યું છે કે, આ કાર્યવાહી બતાવે છે કે, એજન્સી ડ્રગ્સની હેરાફેરી સામે કડક હાથે કામ કરી રહી છે. આ સામૂહિક પ્રયાસો સમાજ અને આરોગ્યની સુરક્ષા માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આપણી એજન્સીની આ પ્રશંસનીય કામગીરી છે અને દેશને સલામત અને આરોગ્યપ્રદ રાખવાના તેના મિશનને સાથ આપવાનું ચાલુ રાખીએ. પ્રાથમિક માહિતી મુજબ આ MD ડ્રગ્સનાં જથ્થાની અંદાજિત કિંમત રૂા. ૧૮૧૪ કરોડ હોવાનું જાણવા મળ્યું છે. આ ઓપરેશનમાં ATS અને NCBની ટીમે બે આરોપીઓની ધરપકડ પણ કરી છે. સાથે જ ફેક્ટરીમાંથી MD ડ્રગ્સ બનાવવા માટેની તમામ સામગ્રી પણ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

ગુજરાતમાં છેલ્લા ૧૫ દિવસમાં દુષ્કર્મની છ ઘટનાઓ બની

# વધુ એક નરાધમ પ્રિન્સિપાલ : સુરતના માંડવીમાં આચાર્યએ વિદ્યાર્થિનીઓની છેડતી કરી

## ૩૫ વિદ્યાર્થિનીઓએ પોલીસ સમક્ષ શિક્ષકની હેવાનિયત વર્ણવી

**કપડાં ધોવા કે શરબત બનાવવા બોલાવી અડપલાં કરતો**



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

સમગ્ર દેશમાં મહિલાઓની જાતીય સતામણીની ઘટનાઓ રોકાવાની નામ જ નથી લઈ રહી છે. ગુજરાત સહિતના રાજ્યોમાં દરેક અઠવાડિયા દરમિયાન દુષ્કર્મ તથા છેડતીની ઘટનાઓ સામે આવતી હોય છે. ગુજરાત રાજયના વિવિધ શહેરોમાં બાળકીઓ, મહિલાઓ પરના અત્યાચારના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા ૧૫ દિવસમાં જ દુષ્કર્મની છ ઘટનાઓ બની છે. તો બીજી તરફ છેલ્લા ઘણા સમયથી દુષ્કર્મ, છેડતીની ઘટનાઓ વધી રહી છે. છેલ્લા થોડાક દિવસોમાં બનેલી ઘટનાઓએ કાયદો અને વ્યવસ્થા પર સખત સવાલો ઊભા કર્યા છે. દાહોદમાં પાંચ વર્ષની માસૂમ બાળકીને શાળાના નરાધમ આચાર્યએ જ હવસનો શિકાર બનાવ્યા બાદ માસૂમની કરપીણ હત્યા કરીને ફેંકી દીધી હતી ત્યારે વધુ એક નરાધમ આચાર્યની કરતૂતો સામે આવી છે. સુરત જિલ્લાના માંડવી તાલુકાના નરેના આશ્રમ શાળાની ધોરણ ૭ અને ૮ની ચારેક વિદ્યાર્થિનીઓની આચાર્યએ છેડતી કરી છે. તેમજ ૩૫ વિદ્યાર્થિનીઓએ પોલીસ સમક્ષ શિક્ષકની હેવાનિયત વર્ણવી છે. આ વિદ્યાર્થિનીઓએ મહિલા અધિકારીઓને કહ્યું કે, નરાધમ શિક્ષક રાતે વિદ્યાર્થિનીઓના રૂમમાં ટોર્ચ લઈને પહોંચી જતો હતો, બાળકીઓ નાહવા જતી ત્યારે જોવા જતો અને દવા આપવાના બહાને શરીરે હાથ લગાવીને છેડતી કરતો હતો. આ વાત સાંભળી મહિલા અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

વાસનાંધ આચાર્યએ વિદ્યાર્થિનીઓની છાતીએ હાથ ફેરવ્યા હતા અને હોઠ પર ચુંબન કર્યું હતું. આ મામલે આરોપી આચાર્ય પર પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને તેની ધરપકડ કરવામાં આવી છે. માંડવી તાલુકાનાં નરેના આશ્રમ શાળામાં વિદ્યાર્થિનીઓની છેડતીનો બનાવ સામે આવ્યો છે. ગુરૂ અને શિષ્યના સંબંધને શર્મસાર કરતી આ ઘટનાને લઈ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બનાવ ૨૪ જુલાઈનો છે. આશ્રમ શાળાનાં આચાર્ય યોગેશ નાથુ પટેલે વિદ્યાર્થિનીને પોતાનાં રૂમમાં બોલાવી શારીરિક અડપલા કર્યા હતા. જે બાદ સમગ્ર મામલે સુરત જિલ્લા આદિજાતિ આશ્રમ શાળા અધિકારીએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પ્રાપ્ત અહેવાલો અનુસાર નરેન આશ્રમ શાળામાં કુલ ૮૦ વિદ્યાર્થિની છે. જેમાંથી મોટાભાગની વિદ્યાર્થિનીઓ સાથે આચાર્ય દ્વારા છેડતી કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ત્યારે હાલ પોલીસે ૪ વિદ્યાર્થિનીને ભોગ બનનાર તરીકે રાખી છે. તેમજ અન્ય વિદ્યાર્થિનીઓની પૂછપરછ ચાલી રહી છે. નરાધમ આચાર્ય યોગેશ પટેલ છેલ્લા ૧૦ વર્ષથી આશ્રમ શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતો હતો. ત્યારે હજુ કેટલી વિદ્યાર્થિનીને આચાર્યએ હવસનો શિકાર બનાવી છે તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

આદિજાતિ વિભાગ દ્વારા ચાલતી આશ્રમ શાળામાં મોટેભાગના આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ત્યારે આદિવાસી વિદ્યાર્થિનીઓ સાથે આ રીતે શારીરિક અડપલા થતાં

**પોલીસે આચાર્યની ધરપકડ કરી : કડક કાર્યવાહી કરવા લોકમાંગ**

આદિવાસી સમાજમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર ઘટનાને લઈ આદિવાસી સમાજના આગેવાનો દ્વારા નરાધમ આચાર્યને કડકમાં કડક સજા થાય તેવી કાર્યવાહી કરવા માગ કરવામાં આવી છે. આશ્રમ શાળામાં ગરીબ આદિવાસીના બાળકો અભ્યાસ કરે છે. ત્યારે આદિવાસી વિદ્યાર્થીઓ સાથે ગુરૂ સમાન હેવાન નરાધમે નિમ્ન કૃત્ય કરતાં લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. હાલ પોલીસે નરાધમ આચાર્યની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. મૂળ નવસારીના કબીલપોરના યોગેશ નાથુભાઈ પટેલ વર્ષ ૨૦૦૩થી માંડવી તાલુકામાં આવેલી આશ્રમશાળામાં જોડાયો હતો. ૨૦૧૩થી આચાર્ય તરીકેની ફરજ બજાવતો હતો. તેમના દ્વારા આશ્રમમાં ભણતી બાળાઓને અવારનવાર પોતાના અંગત કામ માટે બોલાવી કામ સોંપણી કરતો હતો અને તે દરમિયાન છોકરીઓ સાથે અડપલાં કરતો હતો. જેનાથી ત્રાસેલી છોકરીઓએ ગૃહ માતાને જાણ કરી હતી અને તેના દ્વારા આશ્રમ શાળાના અધિકારીને આ માહિતી આપવામાં આવી હતી. છોકરીઓની ટીમ બનાવી પોતાના કપડાં ધોવા કે શરબત બનાવી આવપા બોલાવતો હતો.

ઉતાવળથી કરાયેલ લોકાર્પણ માત્ર ચૂંટણીલક્ષી : વિપક્ષના નેતા

# સરખેજમાં ૧૫૧૨ EWS આવાસોનું લોકાર્પણ કર્યા બાદ પણ સુવિધાઓ પૂરી પાડવા તંત્ર ઉદાસીન

## પ્રાથમિક જરૂરિયાતોના અભાવે ગરીબ પરિવારો ત્યાં રહેવા તૈયાર નથી

અમદાવાદ,તા.૬

અમદાવાદ મ્યુ.કોર્પો. દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના ફેઝ-૪ પેકેજ-૧૨ અંતર્ગત સરખેજ વોર્ડના મકરબા ખાતે ટી.પી. ૮૪/ એમાં એફ.પી. ૯૮/૧, ૯૮/૨માં ગરીબ લોકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગરીબ આવાસ યોજનાના ૧૫૧૨ આવાસો બનાવવા માટે મે-૨૦૧૭માં વર્કઓર્ડર આપેલ ત્યાર બાદ સપ્ટે.-૨૦૧૭માં બાંધકામ રજાચીઠ્ઠી મળેલ ત્યાર બાદ નવે.૨૦૨૩માં બી.યુ. પરમિશન મળ્યા બાદ એપ્રિલ-૨૦૧૮માં તમામ આવાસોનો ડ્રો કરેલ પછી ફેબ્રુ-૨૦૨૪માં લોકાર્પણ કરવામાં આવેલ હતા તે તમામ આવાસો મ્યુ.કોર્પો. દ્વારા જરૂરિયાત લોકોને ફાળવેલ હતા પરંતુ પઝેશન આપ્યાને મહિનાઓ વીતિ જવા છતાં હજુ સુધી પ્રાથમિક જરૂરિયાત એવી પીવાના પાણીની સુવિધા આપવામાં આવેલ નથી જેને કારણે પઝેશન લેવા છતાં ગરીબ પરિવારો ત્યાં રહેવા જવા તૈયાર નથી જેથી તમામ આવાસો બંધ અને બીનવપરાશ રહેવા પામેલ છે. તેમ અ.મ્યુ. કોર્પો.ના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું. તેઓએ કહ્યું કે, ગરીબ આવાસોનું પઝેશન આપતા પહેલા તમામ પ્રાથમિક સુવિધા પહેલા ઉપલબ્ધ કરાવવી જોઈએ ત્યાર બાદ પઝેશન આપવા જોઈએ. જીડીસીઆરના નિયમ મુજબ બી.યુ. પરમીશન આપતા પહેલા તમામ પ્રાથમિક સુવિધા જેવી કે લાઈટ, પાણી, ગટર, ફાયર સેફટી, વિ. હોવી જરૂરી છે તો પછી ગરીબ લોકોને આવાસો ફાળવતા પહેલા મ્યુ. તંત્ર દ્વારા પ્રાથમિક સુવિધા આપવા બાબતે કેમ ઉદાસીન છે તે સમજાતું નથી. તેઓએ વધુમાં જણાવ્યું કે એક તરફ ભાજપ દ્વારા સ્લમ ફ્રી સિટી-સ્લમ ફ્રી ભારત બનાવવાની મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે અને ગરીબ લોકોના હક છીનવી રહી છે કરોડોના ખર્ચે પ્રજાના નાણામાંથી ગરીબો માટે બનેલા આવાસોનું પઝેશન આપતા પહેલા પ્રાથમિક સુવિધા શા માટે પુરી પાડવામાં નથી આવતી ? તા.૧૦-૦૨-૨૦૨૪ના રોજ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનું લોકાર્પણ કરવા છતાં તેમજ મ્યુ.કોર્પો. પાસે આવાસો તૈયાર હોવા છતાં તે આવાસોમાં પાણીની સુવિધા જ નહી તો પછી લોકાર્પણ કરવા બાબતે આટલી ઉતાવળ કેમ ? સત્તાધારી ભાજપના માત્ર તે સમયે લોકસભાની ચૂંટણીલક્ષી હિતને કારણે પ્રજાના પરસેવાના ટેક્ષના કરોડો રૂા.ના નાણાનો દુરૂપયોગ થાય જેથી ગરીબ લોકો હેરાન પરેશાન થાય તે બાબતે જવાબદાર કોણ ? આ તમામ બાબતો અંગે તમામ જવાબદાર લોકો સામે કડક પગલાં ભરવા તેમજ ઉપરોકત તમામ આવાસોમાં પીવાના પાણી તેમજ અન્ય પ્રાથમિક સુવિધા પૂરી પાડવા માટેની કાર્યવાહી તાકીદે કરવા કોંગ્રેસ પક્ષની માગણી છે.

ગાંધીનગરમાં ડમી ઉમેદવાર ઝડપાયો

# વનરક્ષકની ફિઝિકલ કસોટીમાં ઉમેદવારની જગ્યાએ તેના મિત્રએ પરીક્ષા આપી !!!

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૬

રાજયમાં ડમી ઉમેદવાર ઝડપાવવાની ઘટના સામે આવી છે. ગાંધીનગરના સેક્ટર - ૨૭ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ગઈકાલે યોજાયેલી વન રક્ષક વર્ગ - ૩ ની શારીરિક ક્ષમતા કસોટીની પરિક્ષા દરમિયાન બાયોમેટ્રિકની કાર્યવાહી વખતે ભાવનગરના ઉમેદવારની જગ્યાએ તેના મિત્રએ ડમી ઉમેદવાર બનીને પરીક્ષા આપી હતી. જે બાદ ઉત્તીર્ણ પણ થઈ ગયો હતો. જો કે, બાયોમેટ્રિકની તપાસમાં બંનેની મીલીભગતનો ભાંડો ફૂટી જતાં

**બાયોમેટ્રિક વેરિફિકેશનમાં સમગ્ર ભાંડો ફૂટ્યો**

સેક્ટર - ૨૧ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. ગાંધીનગર સેક્ટર - ૩૦ બોરીજ રેન્જ આરએફઓ રામદેવસિંહ કનકસિંહ ગોહીલે સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ગઈકાલે સેક્ટર - ૨૭ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વનરક્ષકની ભરતી માટે શારીરિક ક્ષમતા કસોટી વનરક્ષકની ભરતી માટે શારીરિક ક્ષમતા કસોટી આવી હતી. એ વખતે આરએફઓ રામદેવસિંહ ગોહિલ એકોમોડેશન કમિટીમા ફરજ પર હાજર હતા. દરમિયાન વનરક્ષકની લેખીત પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોનાં કોલ લેટર તથા આધાર કાર્ડ ચેક કરી અંદર એન્ટ્રી આપી રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું હતું. જેમા ઉમેદવારોને ચેસ્ટ નંબર આપી ફોટો પાડી તેની ફીગરપ્રિન્ટ લેવામા આવી રહી હતી. ત્યારબાદ ચીપ પહેરાવી દોડ માટે મોકલવામા આવતા હતા. જેમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને લાંબી કુદ, ઉંચી કુદમા, પુલઅપ્સ તથા રસ્સા ચડ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોને છાતી, ઉંચાઇ તથા વજન માપી લાયક ઉમેદવારોનાં અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાઈ હતી. આ દરમિયાન બાયોમેટ્રીક વેરીફીકેશન વખતે એક ઉમેદવારે બીજા ઉમેદવારની જગ્યાએ શારીરિક ક્ષમતા કસોટી પાસ કરી હોવાનું ખુલ્યું હતું. જેની વધુ તપાસ કરતા સાચા ઉમેદવાર હરેશકુમાર ભોળાભાઈ બારૈયા (રહે. પીપરલા, તા.તળાજા જી, ભાવનગર) ની જગ્યાએ ડમી ઉમેદવાર કનુભાઈ ગોબરભાઈ ચૌહાણ (રહે. પીપરલા, તા.તળાજા જી. ભાવનગર) હતો. આ અંગે પોલીસે જણાવ્યું કે, કનુ ચૌહાણ અને હરેશ બંને મિત્રો છે. હરેશનાં કહેવાથી કનુ શારીરિક ક્ષમતા કસોટી આપવા આવ્યો હતો. જો કે, વનરક્ષકની જેતે સમયે યોજાયેલ લેખીત પરીક્ષામા હરેશની ફિંગરપ્રિન્ટ, ફોટો તથા આઈરીસ(આંખો) ની બાયોમેટ્રીક લેવાઈ હતી. જેનું ક્રોસ વેરિફિકેશન કરવામાં આવતાં કનુનો ભાંડો ફૂટી ગયો હતો. જેને રેકોડ સીટ સહીતના અન્ય દસ્તાવેજોમાં કરેલી સહીઓ ખોટી હતી. બંનેએ અંદરો-અંદર કાવતરું રચ્યું હતું. આ પોલીસે અંગે બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# છીપા વેલ્ફેર ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ઈદે મિલાદુન્નબીની શાનદાર ઉજવણી



અમદાવાદ,તા.૬

અમદાવાદ છીપા વેલ્ફેર ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે રવિવાર તા.૬ ઓકટોબરના રોજ જશ્ને ઈદે મિલાદુન્નબી (સ.અ.વ.)ની શાળા પરિવાર દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના પ્રમુખ તરીકે ગ્યાસુદ્દીન શેખ (પૂર્વ ધારાસભ્ય), મુખ્ય મહેમાન તરીકે રફીક કોઠારિયા (પ્રિન્સિપાલ રિપબ્લિક હાઈસ્કૂલ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગ્યાસુદ્દીન શેખે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધારનારા વિચારો વ્યકત કર્યા હતા. રફીક કોઠારિયાએ વિદ્યાર્થીઓને ખાસ સૂચન કર્યું કે તમે શિક્ષણ હાંસલ કરો. અંગ્રેજી માધ્યમની બાળાઓએ શાનદાર તકરીરો અંગ્રેજીમાં રજૂ કરી. કે.જી. પ્રાથમિક શાળા અને ગર્લ્સ હાઈસ્કૂલની બાળાઓએ પોતાની તકરીરોમાં મા-બાપના હક, હઝરત પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની સાદગી, ઈસ્લામ અને વિજ્ઞાન જેવા અનેક વિષયો પર ઈસ્લામના સંદર્ભમાં પોતાના વિચારો રજૂ કર્યા. કાર્યક્રમમાં છીપા સમાજના અગ્રણીઓ ટ્રસ્ટી મંડળના સભ્યો, કોર્પોરેટર મુસ્તાકભાઈ ખાદીવાલા, કોર્પોરેટર અફસાનાબેન ચીશ્તીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને બિરદાવી હતી. કાર્યક્રમના નિર્ણાયક તરીકે ફોઝિયાબાનુ પઠાણ, (સુપરવાઈઝર, એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ) અને રૂબીનાબેન દિવાન (મદદનીશ શિક્ષકા : અંજુમન-એ-ઈસ્લામ હાઈસ્કૂલ)એ સેવાઓ આપી. કાર્યક્રમનું સફળ સંચાલન હાઈસ્કૂલના મદદનીશ શિક્ષક મલેક સાજેરાબેનએ કર્યું હતું. વરિષ્ઠ શિક્ષણવિદ અને રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર અંજુમબેન રિઝવીએ પણ પોતાના અનુભવ અને માર્ગદર્શન આપી તમામની સાથે મળી પ્રોગ્રામ સફળ બનાવેલ. સંસ્થાના પ્રમુખ મોહંમદ હનીફ ખેડાવાલા અને સેક્રેટરી મોહંમદ હનીફ ચાણોદવાલાએ શાળા સ્ટાફ અને વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

### ગરૂડા કન્સ્ટ્રકશન એન્ડ એન્જિ.નો આઈપીઓ આવતીકાલે ખુલશે

અમદાવાદ,તા.૬

ગરૂડા કન્સ્ટ્રકશન એન્ડ એન્જિનિયરિંગ લિમિટેડ તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂા.૫/-પ્રત્યેકની મૂળ કિંમતના ઈકિવટી શેર્સ માટે રૂા.૯૨/-રૂા.૯૫/-પ્રતિ ઈકિવટી શેરની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર મંગળવારે, ઓકટોબર ૦૮, ૨૦૨૪, સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ગુરૂવાર, ઓકટોબર ૧૦,૨૦૨૪ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૫૭ ઈકિવટી શેર્સ માટે બિડ કરી શકે છે અને ત્યાર બાદ ૧૫૭ ઈકિવટી શેરના ગુણાકમાં કરવાની રહેશે.

અમદાવાદમાં આગ લાગવાની બે ઘટનાઓ બની

# પાંચકુવા નજીક ફ્લેટના ઈલેક્ટ્રિક મીટરમાં આગ લાગી : ૭૦ લોકોનું રેસ્કયુ કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદ શહેરમાં આગ લાગવાની ઘટના બની હતી. શહેરના કોટ વિસ્તાર ગણાતા એવા પાંચ કુવા વિસ્તારમાં ફાયર સ્ટેશનની પાછળના ભાગે આવેલા આમેના ફ્લેટમાં સવારના સમયે ગ્રાઉન્ડ ફ્લોર પર ઈલેક્ટ્રીક મીટરના સેક્શનમાં આગ લાગવાની ઘટના બની હતી. જેના કારણે ફ્લેટના રહીશોમાં ભારે દોડધામ મચી ગઈ હતી મીટરના સેક્શનમાં દાદર પાસે જ આગ લાગી હોવાથી રહીશો નીચે ઉતરી શક્યા નહોતા. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા બેથી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. આગ અને ધુમાડો વધારે હોવાના કારણે લોકો નીચે ઉતરી શકતા ન હોવાથી બે ફાયર બ્રિગેડના જવાનો સીડીમાંથી ઉપર ચડી અને ૭૦ લોકોને ફ્લેટના ધાબા ઉપર ખસેડ્યા હતા.

પાંચકુવા ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસરે જણાવ્યું હતું કે, વહેલી સવારે ૭ વાગ્યાની આસપાસ પાંચકુવા હરણની પોળ પાસે આવેલા આમેના ફ્લેટમાં આગ લાગવાની ઘટના બની હતી. ઈલેક્ટ્રીક મીટર સેક્શનમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આગ લાગી હતી. ગ્રાઉન્ડ ફ્લોરના ભાગે કચરો અને કેટલીક વસ્તુઓ પડી હતી, જેના કારણે આગ વધારે ફેલાઈ હતી. જો કે, ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ત્યાં પહોંચી ગઈ હતી અને ૧૦ મિનિટમાં આગને બુઝાવી લીધી હતી. જો કે, આગના કારણે ધુમાડો વધારે ફેલાયો હતો. સીડીની બાજુમાં જ આગ લાગી હોવાથી લોકો નીચે ઉતરી શક્યા નહોતા.

ફાયર બ્રિગેડની ટીમના બે જવાનો સીડી પરથી ઉપર જઈ ૨૫ જેટલા ફ્લેટમાં રહેતા અંદાજે ૭૦ જેટલા લોકોને તાત્કાલિક ધાબા ઉપર ખસેડ્યા હતા. ખૂબ સાંકડી જગ્યા હોવાના કારણે લોકો ઝડપથી

**દારૂ ભરેલી કારનો અકસ્માત થતા ભડકે બળી**

નીચે ઉતરી શકે તેમ નહોતા. હરણની પોળમાં આગ લાગી હતી ત્યારે ફાયર બ્રિગેડની ટીમ તરત ત્યાં પહોંચી હતી પરંતુ, ફ્લેટ તરફ જવાના રોડ ઉપર અનેક લારીઓ રસ્તામાં પડી હતી. એકદમ સાંકડો રોડ હતો અને તેમાં પણ લારીઓનું દબાણ હતું. જેના કારણે પહેલાં ફાયર બ્રિગેડના જવાનોને ગાડીને લઈ જવા માટે લારીઓ બહાર કાઢવી પડી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડની ગાડી ત્યાં પહોંચી હતી.

બીજી તરફ વહેલી સવારે સરદાર પટેલ રિંગ રોડ પર સનાથલથી શાંતિપુરા તરફ જવાના રોડ ઉપર દારૂ ભરેલી ગાડી પલટી જવાનો અકસ્માત થયો હતો. અકસ્માત બાદ કારમાં આગ લાગી હતી, જેથી ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા પ્રહલાદ નગર ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડ પહોંચી ત્યારે આખી ગાડી આગની ઝપેટમાં આવી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. પ્રહલાદ નગર ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર મેહુલ ગઢવીએ જણાવ્યું હતું કે, જ્યારે ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે ગાડીનો ગંભીર અકસ્માત થયો હતો અને આગ લાગેલી હતી.

ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગને બુઝાવી દેવામાં આવી હતી. ત્યારબાદ કારમાં તપાસ કરતા કોઈ વ્યક્તિ મળી આવ્યું નહોતું પરંતુ, દારૂ ભરેલી આખી ગાડી હતી. દારૂની બોટલો વેરવિખેર પડેલી હતી અને તૂટેલી પડી હતી. ગાડી પલટી ગયા બાદ તરત જ આગ લાગી હતી, જેથી દારૂ હોવાના કારણે આગ જલ્દી ફેલાઈ ગઈ હતી. સ્થાનિક પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતના લોકો પણ ઘટના સ્થળે હાજર હતા. ગાડીમાં કોઈપણ વ્યક્તિ હાજર નહોતું. ગાડી કઈ હતી તે જાણવા મળ્યું નથી અને તેની નંબર પ્લેટ પણ તૂટેલી હતી.

# આસ્થાનો પ્રચાર અને ધર્માંતરણ માટે દરેક ધર્મવાદીને મૂળભૂત અધિકાર આપવો જોઈએ : ૧૯૪૮માં પૂર્વ સાંસદ અને નાણામંત્રી ટી.ટી. કૃષ્ણમાચારીની રજૂઆત

## ૬ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ ટી.ટી. કૃષ્ણમાચારીએ બંધારણ સભામાં કલમ-૧૯ પર ચર્ચા દરમિયાન વાત કરી હતી, જેમાં ધર્મની બાબતમાં બંધારણ કેવી રીતે ઘડવામાં આવ્યું છે તે અને વાત કરવામાં આવી હતી

(એજન્સી) તા.૬

ભારતના પૂર્વ નાણાપ્રધાન અને લોકસભા સાંસદ ટી.ટી. કૃષ્ણમાચારીએ બંધારણ સભામાં કલમ ૧૯ પર ચર્ચા દરમિયાન કહ્યું હતું કે, ઉપરાષ્ટ્રપતિ, સાહેબ, હું અહીં ગૃહ સમક્ષ કલમ ૧૯ને મંજૂર કરવા માટે દરખાસ્તને સમર્થન આપું છું. મારા પહેલાંના ઘણા વક્તાઓએ આ ચોક્કસ કલમની વિવિધ જોગવાઈઓ અને આની રચનાના સંદર્ભમાં પૃષ્ઠભૂમિ પર ભાર મૂક્યો છે. અમે અહીં વિવિધ સમુદાયો વચ્ચે થયેલા સમાધાનથી ચિંતિત નથી. અમુક સમુદાયો દ્વારા તેમની પોતાની ધાર્મિક માન્યતાઓ અને પ્રથાઓને આગળ વધારવાના સંદર્ભમાં પાછળથી આ શબ્દોમાંથી અમુક લાભ પ્રાપ્ત થઈ શકે છે કે કેમ તે અંગે અમે ખરેખર ચિંતિત નથી, પરંતુ મને લાગે છે કે, નવી સરકાર એ હકીકત પર ભાર મૂકવો જોઈએ અને નવા બંધારણમાં સાતત્ય પ્રદાન કરવું પડશે જેથી કરીને લોકો જે નવી સરકારના શાસનમાં આવી રહ્યા છે તેઓને લાગે કે આ પરિવર્તન ખરાબ પરિવર્તન નથી. તે ચોક્કસ ધ્યેય હાંસલ કરવા માટે છે.




સાહેબ, ધર્મની બાબતમાં 'પ્રોફેસ એન્ડ પ્રેક્ટિસ' શબ્દ સાથે 'પ્રચાર' શબ્દનો સમાવેશ કરવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. તેનો મતલબ એવો નથી કે કોઈના ધર્મનો પ્રચાર કરવાનો આ અધિકાર કોઈ ચોક્કસ સમુદાયને અથવા કોઈ વિશેષ ધર્મને અનુસરતા લોકોને આપવામાં આવે છે. હિન્દુઓ અને આર્ય સમાજવાદીઓ માટે તેમનો પ્રચાર ચાલુ રાખવા અને ખ્રિસ્તીઓ, મુસ્લિમો, જૈનો અને બૌદ્ધો અને અન્ય દરેક ધર્મવાદીઓને આ અધિકાર છે, કોઈના અધિકારો છીનવી લેવાનો પ્રશ્ન નથી. આ અધિકારો તમામ નાગરિકોને આપવાનો છે અને આ અધિકારોનો ઉપયોગ એવી રીતે કરવામાં આવે કે જેનાથી દેશની અર્થવ્યવસ્થા ખોરવાઈ ન જાય, જેનાથી અવ્યવસ્થા ન સર્જાય અને જેનાથી લોકોના મનમાં અયોગ્ય સંઘર્ષ ન સર્જાય. મને લાગે છે કે, આ ખાસ લેખના સંદર્ભમાં તે મુદ્દા પર ભાર મૂકવો જોઈએ.

સર, ખ્રિસ્તી સંસ્થાઓમાં લગભગ ચૌદ વર્ષ સુધી અભ્યાસ કરનાર એક વ્યક્તિ તરીકે હું જાણું છું કે, મને મારી પોતાની આસ્થામાંથી ધર્માંતરિત કરવાનો અને ખ્રિસ્તી ધર્મ પાળવા માટે દબાણ કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. ખ્રિસ્તી ધર્મએ આપણા પોતાના આદર્શો અને આપણા પોતાના દૃષ્ટિકોણ પર જે પ્રભાવો છે તેનાથી હું સારી રીતે વાકેફ છું અને હું અહીં એ કહેવા માટે તૈયાર નથી કે તેમને તેમના ધર્મનો પ્રચાર કરતા રોકવામાં આવે. હું ગૃહને કહીશ કે જ્યાં સુધી આ પ્રકારના ધર્મ રૂપાંતરણના ઈતિહાસનો સંબંધ છે ત્યાં સુધી તથ્યો જોવા હોઈએ. અમુક ધર્મવાદીઓ અને અમુક સમુદાયો તેમના ઓછા નસીબદાર ભાઈઓ સાથે કેવી રીતે વર્તે છે તેના પર તે આધાર રાખે છે.

હકીકત એ છે કે, આ દેશમાં ઘણા લોકોએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે તે આંશિક રીતે તેમને આપેલા દરજ્જાને કારણે છે. આપણે એ ખાસ હકીકત શા માટે ભૂલી જઈએ ? એક અસ્પૃશ્ય જે ખ્રિસ્તી બન્યો તે ઉચ્ચ જાતિના હિંદુ સાથે દરેક બાબતમાં સમાન બની ગયો, તે નિઃશંકપણે એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ ફાયદો છે.

મને કોઈ શંકા નથી કે આપણે એવા તબક્કે આવ્યા છીએ જ્યારે માણસ કયા ધર્મનો છે તેનાથી કોઈ ફરક પડતો નથી, કોઈ ચોક્કસ ધર્મમાં માણસ કયા પેટા સંપ્રદાય કે સમુદાયનો છે તેનાથી કોઈ ફરક પડતો નથી, તે કાયદાની નજર અને સમાજમાં દરેક બાબતમાં સમાન હશે મને લાગે છે કે, કોઈપણ અયોગ્ય પ્રભાવ જે લોકો પર તેમના ધર્મ બદલવા માટે લાવવામાં આવી શકે છે તે કોઈ ચોક્કસ ધર્મમાં તેમની પોતાની શ્રદ્ધાને છોડી દેવા અને અન્ય આસ્થાને સ્વીકારવા માટે અન્ય કોઈપણ બાહ્ય વિચારણા હવે અસ્તિત્વમાં રહેશે નહીં અને આ સંજોગોમાં મને લાગે છે કે, આપણે ધર્મના સંદર્ભમાં યથાસ્થિતિ જાળવીએ અને તેને આપણા મૂળભૂત અધિકારોમાં રાખીએ કે દરેક ધર્મવાદીને તેના ધર્મનો પ્રચાર કરવાનો સમાન અધિકાર આપીએ તે જ ન્યાયી છે.

રાજ્યની અખંડિતતા અને લોકોની સુખાકારીની વિચારણા કરવી જોઈએ અને તેના માટે આ કલમ દ્વારા તેને અધિકારો આપી શકાય છે. મને લાગે છે કે, જો કોઈપણ ધર્મના અનુયાયીઓ અહીં આપવામાં આવેલી છૂટ રદ કરવા માંગતા હોય તો આ રીતે તેઓ ભવિષ્યમાં તમામ સમુદાયોના એક રાષ્ટ્રમાં એકીકરણની સંભાવના સાથે અન્યાય જ નથી કરી રહ્યા પરંતુ તેમના પોતાના ધર્મ અને તેમના પોતાના સમુદાયને પણ અન્યાય કરી રહ્યા છે માટે હું આ કલમને સમર્થન આપું છું.

# મહત્ત્વાકાંક્ષી સુધારાની જાહેરાતના પાંચ વર્ષ પછી મોદી સરકારનો યુ-ટર્ન : રેલવે સેવાઓના વિભાજનને મંજૂરી આપવામાં આવી

## રેલવેમાં વિભાગ વાદ ઘટાડવા માટે આઠ રેલવે સેવાઓને એક જ સિવિલ સર્વિસમાં મર્જ કર્યાના લગભગ પાંચ વર્ષ પછી, કેન્દ્ર સત્તાવાર રીતે આ મહત્ત્વાકાંક્ષી સુધારા પરથી યુ-ટર્ન લેવાનું વિચારી રહ્યું છે, રેલવે મંત્રાલયે નિર્ણય લીધો છે કે ૨૦૧૯માં લેવામાં આવેલા કેબિનેટના નિર્ણયના વિરોધમાં, રેલવે સેવાઓ માટે ભરતી બે અલગ- અલગ પરીક્ષાઓ દ્વારા કરવામાં આવશે સિવિલ સર્વિસીસ એક્ઝામિનેશન (CSE) અને એન્જિનિયરિંગ સેવાઓ, અનુક્રમે બિન-તકનિકી અને તકનિકી સેવાઓ માટે પરીક્ષા (ESE)

(એજન્સી) તા.૬

૫ ઓક્ટોબરના સેક્રેટરી, ટેલિકોમ્યુનિકેશન વિભાગને લખેલા પત્રમાં, રેલવે મંત્રાલયે જણાવ્યું હતું કે, રેલ મંત્રાલય ઈન્ડિયન રેલવે મેનેજમેન્ટ સર્વિસ (IRMS)માં સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૨થી અધિકારીઓની ભરતી કરી રહ્યું છે. હવે, રેલવે મંત્રાલય દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે IRMSમાં ભરતી CSE અને ESE દ્વારા કરવામાં આવશે. દૂરસંચાર મંત્રાલય ESE માટેનું નોડલ મંત્રાલય છે. આ સંદર્ભમાં, ડીઓપીટી (કર્મચારી અને તાલીમ વિભાગ)એ ૫મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજના તેના ઓફિસ મેમોરેન્ડમ દ્વારા આ દરખાસ્તને તેમની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. રેલવે મંત્રાલયમાં તકનીકી અને બિન-તકનીકી માનવશક્તિ બંનેની અનન્ય જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.



એક અધિકારીએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, મંત્રાલયનું માનવું છે કે તેઓ જે અધિકારીઓ IRMS દ્વારા મેળવી રહ્યા છે તે કોર એન્જિનિયરિંગ કામગીરી માટે નથી. જો કે, રેલવે મંત્રાલયે સ્પષ્ટપણે આ દરખાસ્તનો ઈન્કાર કર્યો હતો. રેલવે બોર્ડના અધિકારીએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે : આઈઆરએમએસને સિવિલ અને એન્જિનિયરિંગ સેવામાં ડિમર્જ કરવાની કોઈ યોજના નથી.

શનિવારના પત્રમાં રેલવે મંત્રાલયે ટેલિકોમ્યુનિકેશન મંત્રાલયને ૨૦૨૫માં યોજાનારી ESE માટે રેલવે માટે તકનીકી અધિકારીઓની જરૂરિયાતનો સમાવેશ કરવા કહ્યું છે. ESE ૨૦૨૫ માટેનું જાહેરનામું પહેલેથી જ બહાર પાડવામાં આવ્યું હોવાથી, રેલવે મંત્રાલયે કહ્યું છે કે તેની રેલવેમાં ટેક્નિકલ ઓફિસર તરીકે ૨૨૫ એન્જિનિયરોની જરૂરિયાત પરિશિષ્ટ તરીકે નોટિફિકેશનમાં ઉમેરવામાં આવશે.

આ મહત્ત્વાકાંક્ષી સુધારા પાછા ખેંચવાથી રેલવે અમલદારશાહીમાં ભાગલા પડ્યા છે. અમુક વર્ગ માને છે કે રેલવેમાં કાર્યક્ષમતા માટે ભરતીનું વિભાજન જરૂરી છે, જ્યારે અન્ય વિભાગ માને છે કે તેનાથી રેલવે અધિકારીઓના મનોબળમાં ઘટાડો થશે. અમુક લોકો કહે છે કે, તે પરામર્શ વિના શરૂ કરવાનો અયોગ્ય નિર્ણય હતો. જો કે, અન્ય લોકો સામાન્ય IRMS હેઠળ ભરતી કરાયેલા અધિકારીઓ પર આ સુધારાના રોલબેકની અસર વિશે ચિંતિત છે. એક અધિકારીએ કહ્યું કે, તેઓએ પહેલાથી જ એક સામાન્ય IRMS હેઠળ અધિકારીઓની બે બેચની ભરતી કરી છે. તેમનું શું થશે ? વધુમાં મર્જર એ કેબિનેટનો નિર્ણય હતો. શું કેબિનેટે તેના રોલબેકને મંજૂરી આપી છે ? આ મૂંઝવણ છે. આ સુધારાને રેલવેમાં સૌથી મોટા સુધારાઓમાંના એક તરીકે ગણવામાં આવે છે અને હવે, સરકાર સંપૂર્ણ યુ-ટર્ન લઈ રહી છે. આ વિલીનીકરણ પહેલા, રેલવે સેવાઓને બિન-તકનીકી નાગરિક સેવાઓમાં વિભાજિત કરવામાં આવી હતી, જેમાં ત્રણ શાખાઓ-ભારતીય રેલ્વે એકાઉન્ટ્સ સર્વિસ (IRAS), ભારતીય રેલવે ટ્રાફિક સેવા (IRTS) અને ભારતીય રેલ્વે કર્મચારી સેવા (IRPS) અને તકનીકી એન્જિનિયરિંગ સેવાઓ. એ પહેલા પાંચ શાખાઓ હતી-ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ એન્જિનિયર્સ (IRES), ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ સિગ્નલ એન્જિનિયર્સ (IRSSE), ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ મિકેનિકલ એન્જિનિયર્સ (IRSME), ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર્સ (IRSEE) અને ઈન્ડિયન રેલવે સ્ટોર્સ સર્વિસ (IRSS).

રેલવેમાં વિભાગવાદનો અંત લાવવાના પ્રયાસરૂપે, સરકારે આઠ સેવાઓને એક જ IRMSમાં મર્જ કરી હતી, જેના અધિકારીઓની ભરતી UPSC દ્વારા CSE દ્વારા કરવામાં આવી હતી. આ સુધારાની જાહેરાત ૨૦૧૯માં કરવામાં આવી હતી, સરકારે ૨૦૨૦ અને ૨૦૨૧માં રેલવેમાં કોઈ અધિકારીની ભરતી કરી ન હતી. ૨૦૨૨થી, સરકારે CSE મારફત એકીકૃત IRMSમાં રેલવેમાં ફરી ભરતી શરૂ કરી છે. IRMSની બે બેચ-૨૦૨૨ અને ૨૦૨૩-ની ભરતી થઈ ચૂકી છે, જ્યારે ત્રીજી બેચ માટે CSE ૨૦૨૪ દ્વારા ભરતી ચાલી રહી છે. IES દ્વારા રેલવે અધિકારીઓની ભરતી ૨૦૨૨થી બંધ છે.

શનિવારે તેના પત્રમાં રેલવેએ દરખાસ્ત કરી છે કે સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, સિગ્નલ અને સ્ટોર્સ માટે અધિકારીઓની ભરતી હવે ફરીથી ESE દ્વારા કરવામાં આવે.

# NIAના દેશવ્યાપી દરોડામાં આતંકી સંગઠન જૈશ સાથે સંકળાયેલા ૧૦ની ધરપકડ

## આસામના ગોલપારા અને હોજાઈ જિલ્લાઓમાંથી પોલીસે ૧૦ની ધરપકડ કરી અને વધુ તપાસ તથા પૂછપરછ માટે NIAને સોંપી દીધા

(એજન્સી) ગુવાહાટી, તા.૬

પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ મોહમ્મદ સામેની સંકલિત કાર્યવાહીના ભાગરૂપે એનઆઈએ દ્વારા આસામ તથા જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને દિલ્હી સહિત વિવિધ રાજ્યોમાં મોટા પાયે દરોડા પાડવામાં આવ્યા છે. આસામમાં ગોલપારા તથા હોજાઈ જિલ્લાઓમાં જૈશ સંગઠન સાથે સંકળાયેલા મનાતા ૧૦ શખ્સોની આસામ પોલીસે ધરપકડ કરી હતી અને વધુ તપાસ તથા પૂછપરછ માટે એનઆઈએને સોંપી દેવામાં આવ્યા હતા તેમ જાહેર કરવામાં આવ્યું છે.

ગોલપારાના ડીએસપી નવનીત મહેતાએ જણાવ્યું હતું કે બે ત્રણ સ્થળે દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી અને બે વિસ્તારોમાંથી નવ લોકોની અટકાયત કરવામાં આવી હતી અને બીજા અન્યની પૂછપરછ કરવામાં આવી રહી છે. હોજાઈ જિલ્લામાંથી પણ પોલીસની મદદથી એનઆઈએ દ્વારા જૈશ સંગઠનના એક સાગરિતની ધરપકડ કરવામાં આવી છે. કાર્યવાહીની વધુ વિગતો મળી નથી અને શું જાણવા મળ્યું છે તે કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી. આસામના મુખ્યમંત્રી હિમંતા વિસ્વા સરમાએ જણાવ્યું હતું કે ઈસ્લામિક કટ્ટરવાદીઓ સામેની દેશવ્યાપી કાર્યવાહી સંદર્ભમાં આસામમાંથી આઠની ધરપકડ કરવામાં આવી છે. મોટી કાર્યવાહીના રૂપે શકમંદોની અટકાયત કરવાનો આસામ પોલીસને આદેશ આપવામાં આવ્યો હતો.




# લાંચના આરોપો સામે ગાઝિયાબાદમાં GST ઓફિસમાં વેપારીએ અર્ધનગ્ન થઈ દેખાવો કર્યા

(એજન્સી) તા.૬

ઉત્તરપ્રદેશ જીએસટી વિભાગની મોહનનગર ઓફિસમાં શુક્રવારે સાંજે એક વેપારીએ હાઈવોલ્ટેજ ડ્રામા સર્જ્યો હતો. વેપારીએ વિભાગના અધિકારી પર રૂ.૨ લાખનો દંડ ફટકારવાની ધમકી આપીને લાંચ માંગવાનો આરોપ લગાવ્યો હતો અને ઓફિસમાં જ કપડાં ઉતારીને હંગામો મચાવ્યો હતો. તે જ સમયે, વિભાગના અધિકારીઓનું કહેવું છે કે ઉદ્યોગપતિના વાહનની તપાસ દરમિયાન ઈ-વે બિલની મુદત પૂરી થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. ઉદ્યોગપતિએ વિભાગીય અધિકારીઓ પર દબાણ લાવવા માટે આટલું મોટું નાટક રચ્યું હતું. વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે શુક્રવારે સવારે ૬.૧૫ વાગ્યે વિભાગની મોબાઈલ ટીમ યુનિટ નંબર સાતે મોહનનગરમાં ચેકિંગ દરમિયાન એક વાહન રોક્યું હતું. વાહનમાં લઈ જવામાં આવતા માલસામાન સંબંધિત ઈ-વે બિલની મુદત પૂરી થઈ ગઈ હતી. આ સામાન દિલ્હી રોડ ઈન્ડસ્ટ્રીયલ એરિયા સ્થિત અરિહંત આયર્ન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીમાંથી ગાઝિયાબાદના મુકુંદ નગરમાં લઈ જવામાં આવી રહ્યો હતો. ડિલિવરી ચલનમાં ૧૦.૨૫૦ મેટ્રિક ટન બ્રાઈટ બારનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, પરંતુ ચલાન સાથે કોઈ ફોર્ક સ્લિપ જોડવામાં આવી ન હતી. આવી સ્થિતિમાં માલસામાન ભરેલ વાહન મોહનનગર સ્થિત મોબાઈલ ટીમની ઓફિસમાં લાવવામાં આવ્યું હતું. બપોરે લગભગ ૩ વાગે પેઢીના માલિક અક્ષત જૈન તેમના પરિચિતો અને ગાઝિયાબાદ આયર્ન ડીલર્સ બોર્ડના પ્રમુખ અતુલ જૈન સહિત અનેક વેપારીઓ સાથે ઓફિસે પહોંચ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે તપાસ દરમિયાન જોવા મળેલી વિસંગતતાઓ વિશે વેપારીને જાણ કરવામાં આવી હતી, પરંતુ વેપારીએ પોતાની ખામીઓને નકારી કાઢી હતી અને હંગામો મચાવવાનું શરૂ કર્યું હતું. વેપારી દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા. વેપારીનો આરોપ છે કે માલ વેચાણ માટે નહીં પરંતુ એક વેરહાઉસથી બીજા વેરહાઉસમાં પરિવહન માટે મોકલવામાં આવી રહ્યો હતો. ખરેખર, આ માટે ડિલિવરી ચલણ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું. તમામ દસ્તાવેજો પૂર્ણ થયા બાદ પણ રૂ.૨ લાખનો દંડ જમા કરાવવા દબાણ શરૂ કરાયું હતું. દંડનો ડર બતાવી મોબાઈલ સ્કવોડના આસિસ્ટન્ટ કમિશનરે ૧ લાખની લાંચ માંગી હતી. જેના વિરોધમાં તેઓ વેપારીઓ સાથે જીએસટી કચેરીએ પહોંચ્યા હતા. વેપારીનો આરોપ છે કે અધિકારીઓએ તેમને એમ પણ કહ્યું કે સરકાર તરફથી દર મહિને ૮૫ લાખ રૂપિયા એકઠા કરવાનો ટાર્ગેટ મળ્યો છે. જો ટાર્ગેટ પૂરો નહીં થાય તો પ્રમોશન બંધ થઈ જશે. સાંજે પાંચ વાગ્યાની આસપાસ શરૂ થયેલો હંગામો લગભગ અઢીથી ત્રણ કલાક સુધી ચાલ્યો હતો. આ દરમિયાન વેપારીઓએ કપડાં ઉતારીને ઓફિસમાં ધરણા કર્યા હતા. સ્થળ પર હાજર અન્ય લોકોએ વીડિયો બનાવવાનું શરૂ કર્યું. આ વીડિયો શનિવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.



# ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિને પદ પરથી હટાવવાના આદેશને હળવાશથી ન લઈ શકાય : સુપ્રીમ કોર્ટ

## સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના એક ગામમાં મહિલા સરપંચને હટાવવાના આદેશને રદ કર્યો

(એજન્સી) તા.૬

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, ચૂંટાયેલા જનપ્રતિનિધિને હટાવવાને હળવાશથી લેવું જોઈએ નહીં અને ખાસ કરીને જ્યારે તે ગ્રામીણ વિસ્તારોની મહિલાઓ હોય ત્યારે તે વધુ ચિંતાનો વિષય છે, કોર્ટે મહારાષ્ટ્રના એક ગામમાં મહિલા સરપંચને દૂર કરવાના આદેશને રદ કર્યો છે. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જલ ભુયાનની બેન્ચે આ કેસને ક્લાસિક કેસ ગણાવ્યો હતો જ્યાં ગામના રહેવાસીઓ એ હકીકત સ્વીકારી શક્યા ન હતા કે, એક મહિલા સરપંચના પદ માટે ચૂંટાઈ હતી. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે, તે એક એવો કેસ હતો જ્યાં ગ્રામીણો વાસ્તવિકતા સાથે સમજૂતી કરવામાં અસમર્થ હતા કે મહિલા સરપંચ તેમના વતી નિર્ણયો લેશે અને તેઓએ તેમના નિર્દેશોનું પાલન કરવું પડશે. આપણે એક દેશ તરીકે જાહેર કચેરીઓ સહિત તમામ ક્ષેત્રોમાં લિંગ સમાનતા અને મહિલા સશક્તિકરણના પ્રગતિશીલ ધ્યેયને સાકાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને સંસ્થાઓમાં સૌથી મહત્ત્વની રીતે પર્યાપ્ત મહિલા પ્રતિનિધિઓએ આ હાંસલ કરેલ પ્રગતિ છે. એવી મહિલાઓ, જેઓ આવા જાહેર કાર્યાલયોમાં આવવામાં સફળ થાય છે, તેઓએ નોંધપાત્ર સંઘર્ષ કરવો પડે છે. અમે એટલું જ પુનરોચ્ચાર કરવા માંગીએ છીએ કે ચૂંટાયેલા જનપ્રતિનિધિને હટાવવાની બાબત હળવાશથી ન લેવી જોઈએ. બેંચ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં આવેલી વિચખેડા ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સરપંચ મનીષ રવિન્દ્ર પાનપાટીલની અરજી પર કાર્યવાહી કરી રહી હતી. સાથી ગ્રામજનોની ફરિયાદ બાદ તેણીને તેના પદ પરથી હટાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો આ ફરિયાદમાં તેણી કથિત રીતે સરકારી જમીન પર બાંધવામાં આવેલા મકાનમાં તેની સાસુ સાથે રહેતી હતી એવું કહેવામા આવ્યું હતું. આ આરોપને પાનપાટીલ દ્વારા નકારી કાઢવામાં આવ્યો હતો, જેમણે દાવો કર્યો હતો કે, તેણી તે ચોક્કસ નિવાસસ્થાનમાં રહેતી નથી અને તે તેના પતિ અને બાળકો સાથે ભાડાના આવાસમાં અલગ રહે છે. જો કે, આ હકીકતોને યોગ્ય રીતે ચકાસ્યા વિના સંબંધિત કલેક્ટરે તેણીને સરપંચ તરીકે ચાલુ રાખવા માટે ગેરલાયક ઠેરવતો હુકમ પસાર કર્યો હતો. ત્યારબાદ આ આદેશની ડિવિઝનલ કમિશનર દ્વારા પુષ્ટિ કરવામાં આવી હતી. ખંડપીઠે નોંધ્યું હતું કે, ખાનગી પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો યોગ્ય હતા કે કેમ તેની પુષ્ટિ કરવા માટે, હકીકત-શોધની કવાયત્ હાથ ધરવા માટે કોઈ પ્રયાસ કર્યા વિના, આ આદેશો અયોગ્ય રીતે પસાર કરવામાં આવ્યા હતા. કોઈ વાંધો સૂચવવા માટે રેકોર્ડ નથી કે અરજદારના પરિવારે સરકારી જમીન પર અતિક્રમણ કર્યું છે અને તેણીએ ઉમેદવારી પત્ર ભર્યું હતું ત્યારે આ વાંધો ક્યારેય ઊઠાવવામાં આવ્યો ન હતો. ચૂંટાયેલા પ્રતિનિધિને દૂર કરવા માટે સરકારી સત્તાવાળાઓ દ્વારા અપનાવવામાં આવતો આકસ્મિક અભિગમ વધુ ચિંતાજનક છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, તેને સરપંચ તરીકેની ચૂંટણી પહેલાં અથવા પછી પનપાટીલ દ્વારા સરકારી જમીનના અતિક્રમણના આરોપોને સમર્થન આપવા માટે રેકોર્ડ પર કોઈ વિશ્વસનીય અને ખાતરીકારક સામગ્રી દેખાતી નથી માટે તેણીને સરપંચ પદેથી હટાવવાની બાબત અયોગ્ય છે. કોર્ટે ૩ ઓગસ્ટ, ૨૦૨૩ના બોમ્બે હાઈકોર્ટના આદેશને રદ કરીએ પનપાટીલને તેમનો કાર્યકાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ચાલુ રાખવા અને ફરજો નિભાવવાની મંજૂરી આપી છે.



# હિમાચલમાં સંજૌલી મસ્જિદના ત્રણ માળ તોડી પાડવાનો શિમલા કોર્ટનો આદેશ

(એજન્સી) શિમલા, તા.૬

હિમાચલપ્રદેશમાં આવેલી સંજેલી વિસ્તારની મસ્જિદમાં ઉપરના ત્રણ માળ તોડી પાડવા માટે અદાલતે આદેશ આપી દીધા બાદ શિમલા મ્યુનિસિપલ કમિશનર દ્વારા હવે કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે. મસ્જિદના ઉપરના માળ તોડી પાડવા માટે મસ્જિદની સમિતિ અને વકફ બોર્ડને બે મહિનાનો સમય આપવામાં આવ્યો છે અદાલતે ઉપરના માળના ડિમોલિશનનો હુકમ કરવા સાથે બે મહિનાનો સમય પણ આપ્યો છે અને હવે ૨૧ ડિસેમ્બરે આ કેસની અદાલત સમીક્ષા કરશે.

વકફ બોર્ડના એડવોકેટ બીએસ ઠાકુર જણાવે છે કે અદાલતે આવો આદેશ આપ્યો છે પણ મસ્જિદ સમિતિ પોતાના ખર્ચે ડિમોલિશન કરવા માટે જવાબદાર છે અને બાકીના બાંધકામ અંગે ભવિષ્યમાં અદાલત નિર્ણય આપશે.

સંજોલીની આ મસ્જિદના નવા બાંધકામને કારણે હિન્દુ સંગઠનો દ્વારા મોટાપાયે વિરોધ કરીને લાંબો સમય આંદોલન કરવામાં આવ્યું હતું અને એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું છે. હવે અદાલતના આદેશથી હિન્દુ સંગઠનો અને સ્થાનિક લોકોએ સંતોષની લાગણી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે સ્થાનિક લોકોની ચિંતાને અદાલતે માન આપ્યું છે. થોડા સમય પહેલા એઆઈએમઆઈ એમના દિલ્હીના પ્રમુખ સોએબ જમાઈ પણ મસ્જિદની મુલાકાત આવ્યા હતા અને એવો વીડિયો મૂક્યો હતો કે આ વિસ્તારમાં અન્ય ગેરકાયદે બાંધકામો પણ થયા છે છતાં મસ્જિદના બાંધકામ અંગે ભેદભાવની નીતિ અપનાવવામાં આવી રહી છે. એમના વીડિયો પછી વિવાદ વધુ વકરી ગયો હતો અને વધુ આંદોલન થવા લાગ્યું હતું. જોકે મસ્જિદ સમિતિએ તેમના વિધાનોને નકારી કાઢ્યા હતા.



# જમ્મુ અને કાશ્મીર અને હૈદરાબાદમાં યતિ નરસિંહાનંદની અપમાનજનક ટિપ્પણી સામે વિરોધ

(એજન્સી) તા.૬

હિંદુ સંત યતિ નરસિંહાનંદ દ્વારા પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)સાહેબ વિરૂદ્ધની તેની 'નિંદાજનક' ટિપ્પણી બાદ જમ્મુ અને કાશ્મીરના તમામ જિલ્લાઓમાં ભારે વિરોધ ફાટી નીકળ્યો હતો. હૈદરાબાદમાં પણ ભડકો થયો છે. રાષ્ટ્ર ધ્વજ સાથે વિરોધીઓએ શેરીઓમાં કૂચ કરી અને નરસિંહાનંદની નિંદા કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા, તે કટ્ટરપંથી હિન્દુ છે અને મુસ્લિમ વિરોધી અને ઈસ્લામોફોબિક ટિપ્પણીઓ માટે કુખ્યાત છે. દેખાવકારોએ તેની સામે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) સહિત કડક પગલાં લેવાની માંગ કરી હતી.

આ દ્વેષપૂર્ણ ભાષણનો વિરોધ કરવા માટે એકતા દર્શાવતા J&Kના શીખ નાગરિકો પણ યતિ નરસિંહાનંદ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શનમાં જોડાયા, તેમની અપમાનજનક ટિપ્પણીની નિંદા કરી હતી. તેઓએ કહ્યું કે આવી ટિપ્પણીઓ સમાજને વધુ વિભાજિત કરી શકે છે. તેઓએ ધ્યાન દોર્યું કે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના આ વારંવારના પ્રયાસોથી સાંપ્રદાયિક સૌહાર્દ જોખમાય છે. આ વિરોધ માત્ર જમ્મુ અને કાશ્મીર પૂરતો સીમિત ન હતો, આવા જ પ્રદર્શનો હૈદરાબાદ, ગાઝિયાબાદ અને યુપીના અન્ય પશ્ચિમી ભાગો સહિત ભારતના વિવિધ ભાગોમાં થયા હતા. દેખાવકારોએ નરસિંહાનંદ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હાકલ કરી હતી. યતિએ ૨૯ સપ્ટેમ્બરના રોજ ગાઝિયાબાદના દાસના મંદિરમાં ભાષણ દરમિયાન વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા. જો કે, ગુરૂવાર, ૩ ઓક્ટોબરના રોજ એક ક્લિપ સોશિયલ મીડિયા પર આવતા વ્યાપક આક્રોશ ફેલાયો હતો. આ ભાષણમાં, યતિ હિંદુઓને સૂચન કરે છે કે, જો તમારે દરેક દશેરા પર પૂતળા બાળવા હોય તો, રાવણના નહીં મુહમ્મદના પૂતળા બાળો.

જનઆક્રોશ પછી ગાઝિયાબાદમાં સિહાની ગેટ પોલીસ સ્ટેશનમાં પોલીસકર્મી ત્રિવેન્દ્ર સિંહની ફરિયાદ પર ભારતીય દંડ સંહિતા હેઠળ કેસ નોંધણી કરવામાં આવી હતી. આ એફઆઈઆર ભારતીય દંડ સંહિતાની કલમ 295 A હેઠળ ધાર્મિક લાગણી દુભાવવાના આધારે દાખલ કરવામાં આવી હતી.

**J&Kના શીખ નાગરિકો પણ યતિ નરસિંહાનંદ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને તેની અપમાનજનક ટિપ્પણીની નિંદા કરી હતી**

ત્યારબાદ, શનિવાર, ઑક્ટોબર ૫ના રોજ, અહેવાલો આવ્યા કે દાસના દેવી મંદિરના મહંત યતિ નરસિંહાનંદ સરસ્વતીને ગાઝિયાબાદ પોલીસ લાઈન્સમાં તેમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ અટકાયત કરવામાં આવી હતી. ભીમ આર્મી ચીફ ચંદ્રશેખર આઝાદ સહિતની અગ્રણી હસ્તીઓએ તેની સામે કડક પોલીસ કાર્યવાહી કરવાની હાકલ કરી છે અને મુસ્લિમ સમુદાયને શાંત રહેવા અને હિંસા ન કરવા વિનંતી કરી છે. નરસિંહાનંદની ટિપ્પણી માટે અનેક રાજકારણીઓએ પણ ટીકા કરી છે.

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ યતિ વિરૂદ્ધ કાનૂની કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. ઓવસીએ સંકેત આપ્યો હતો કે તે અને AIMIM ધારાસભ્યો હૈદરાબાદ પોલીસ કમિશનર સાથે મુલાકાત કરશે અને યતિ સામે તાત્કાલિક કાનૂની કાર્યવાહીની માંગ સાથે ઔપચારિક રજૂઆત કરશે. મીડિયા સાથે વાત કરતા, ઓવસીએ કહ્યું કે, જો ભાજપ સમગ્ર દેશમાં પયગમ્બર (સ.અ.વ.)સાહેબનું અપમાન કરનારાઓને સમર્થન આપે છે અને ભારતની સૌથી મોટી લઘુમતીની ભાવનાઓને ઠેસ પહોંચાડે છે, તો તે અસ્વીકાર્ય છે.

બહુજન સમાજ પાર્ટી (BSP)ના પ્રમુખ અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન, માયાવતીએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારે બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાયદાકીય પગલાં લેવા જોઈએ. ગાઝિયાબાદ, યુપીમાં, દસના દેવી મંદિરના મહંતે ફરી એકવાર ઈસ્લામ વિરૂદ્ધ નફરતભર્યા ભાષણો આપ્યા છે, અને આ વિસ્તાર અને દેશના ઘણા ભાગોમાં અશાંતિ અને તણાવ પેદા કર્યો છે. પોલીસે વિરોધીઓ સામે કાર્યવાહી કરી, પરંતુ મુખ્ય ગુનેગારો વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરી નથી. ભારતીય બંધારણ બિનસાંપ્રદાયિકતા એટલે કે તમામ ધર્મો માટે સમાન સન્માનની ખાતરી આપે છે. તેથી, કેન્દ્ર અને રાજ્ય સરકારોની જવાબદારી છે કે તે તેનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરે જેથી દેશમાં શાંતિ રહે અને વિકાસમાં અવરોધ ન આવે. આ વિરોધ પ્રદર્શનો ભારતમાં અપ્રિય ભાષણ અને ઈસ્લામોફોબિયાના કિસ્સાઓ અંગે મુસ્લિમ સમુદાયમાં વધતી જતી નિરાશાને રેખાંકિત કરે છે. અપ્રિય ભાષણ પર પ્રતિબંધ સહિત કાર્યકરો અને સંગઠનો દ્વારા આ દૂષણોના કાયદાકીય ઉકેલો મેળવવા માટે આહ્‌વાન પણ કરવામાં આવે છે.

# મુંબઈમાં ઈઝરાયેલના આક્રમણ સામે યોજાઈ વિરોધ રેલી, આયોજકોને નોટિસ ફટકારતી પોલીસ

(એજન્સી) મુંબઈ, તા.૬

લેબેનોન અને ગાઝા પર ઈઝરાયેલના આક્રમણના વિરોધમાં દેશના આર્થિક પાટનગર મુંબઈના એક વિસ્તારમાં વિશાળ વિરોધ રેલી કાઢવામાં આવી હતી. એ પછી પોલીસ હરકતમાં આવી હતી અને શિવાજી નગર પોલીસે રેલીના આયોજકોને નોટિસ ફટકારી છે અને દેખાવકારો તથા રેલીમાં જોડાયેલાઓની શોધખોળ કરી રહી છે જેથી આગળની કાર્યવાહી કરી શકાય. મુંબઈના ગોવંડી વિસ્તારમાં બુધવારે સાંજે ઈઝરાયેલ સામે વિરોધ રેલી નીકળી હતી.

રેલી કાઢવાનો હેતુ એ હતો કે ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીન, લેબેનોન પર ભયંકર બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે અને મોટા પ્રમાણમાં જાનહાનિ થઈ છે તેના વિશે ચિંતા વ્યક્ત કરવા અને વિરોધ કરવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં સૈયદ બાબુ, એડવોકેટ ઈબ્રાહીમ શેખ, મેરાજ અન્સારી, જાવેદ અહેમદ, મોહમ્મદ ઈરફાન અસલમ સહિતના આ વિસ્તારના આગેવાનો અને પ્રતિષ્ઠિત નાગરિકો જોડાયા હતા અને મોટી સંખ્યામાં



**મહાનગરના ગોવંડી વિસ્તારમાં વિશાળ રેલી યોજાયા બાદ પોલીસ આવી હરકતમાં અને આયોજકોની તથા દેખાવકારોની શોધખોળ શરૂ**

મુસ્લિમો પણ વિરોધ રેલીમાં જોડાયા હતા.

પોલીસની કાર્યવાહી અને નોટિસના જવાબમાં એડવોકેટ શેખ દ્વારા એવો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો હતો કે જે અન્યાય થઈ રહ્યો છે તેની સામે ખડા થવા માટે અમે કટિબદ્ધ છીએ. જરૂર પડશે તો અમે અદાલતમાં જઈને આગોતરા જામીનની અરજી કરીશું. તેમણે ઈઝરાયેલને તાનાશાહ અને હત્યારા દેશ તરીકે ગણાવીને કહ્યું હતું કે બાળકો સહિત નિર્દોષ લોકોને બેફામપણે મારી નાખવામાં આવી રહ્યા છે ધર્મસ્થાનો અને હોસ્પિટલો પણ બોમ્બમારાથી બાકાત નથી એટલે દરેક જવાબદાર નાગરિકોએ આ યુદ્ધ સામે અવાજ ઉઠાવવો જોઈએ. બંધારણમાં આપણને આપણા મંતવ્ય વ્યક્ત કરવાની આઝાદી આપવામાં આવી છે અને વિરોધ દેખાવ કરવાનો પણ અધિકાર આપવામાં આવ્યો છે તેનું ઉલ્લંઘન ન થવું જોઈએ.

શિવાજી નગરના સિનિયર ઈન્સ્પેક્ટર બાબુરાવ દેશમુખે જણાવ્યું હતું કે યોગ્ય પરવાનગી લીધા વિના રેલી કાઢવામાં આવી હતી એટલે કાર્યવાહી કરવામાં આવી રહી છે અને અત્યાર સુધીમાં અમે આઠ લોકોને નોટિસ અપાઈ છે અને બીજા ૨૫ને પણ બોલાવવામાં આવ્યા છે. વીડિયો ફૂટેજ જોઈને રેલીમાં જોડાયેલાની ઓળખ કરવામાં આવી છે પણ અમે હજુ કોઈની ધરપકડ કરી નથી. આયોજકો કહે છે કે અમે શાંતિમય દેખાવો કર્યા હતા અને એ કરવાનો અમારો લોકશાહી અધિકાર છે.

# સોનમ વાંગચુકને જંતર મંતર પર આંદોલનની મંજૂરી ન મળતા લદાખ ભવન ખાતે ધરણા શરૂ કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

લડાખના પર્યાવરણ કાર્યકર અને સામાજિક અગ્રણી સોનમ વાંગચૂક તથા લદાખના અન્ય આધાર કાર્યકરોએ લડાખ ભવન ખાતે ધરણા અને આંદોલન શરૂ કર્યું છે અને ભૂખ હડતાળ પણ શરૂ કરી દીધી છે. જંતર મંતર પર ધરણા કરવાની સત્તાવાળાઓએ મંજૂરી ના આપતા પર્યાવરણ કાર્યકરે લડાખ ભવનના દરવાજા સામે બેસીને ધરણા શરૂ કરી દીધા છે જેમાં ૧૮ બીજા કાર્યકરો પણ જોડાયા જ છે. મીડિયા સાથેની ટૂંકી વાતચીતમાં વાંગચૂકે જણાવ્યું હતું કે અમને આંદોલન કરવા માટે અન્ય કોઈ જગ્યાની મજૂરી આપવામાં આવી નથી તેથી અમારે લડાખ ભવન પાસે બેસીને ધરણા શરૂ કરવા પડ્યા છે. ધરણા અને ઉપવાસ આંદોલન પર બેઠેલા વાંગચૂક સાથેના લદાખી કાર્યકરોએ જાણીતા અમેરિકી ગીત આપણે જરૂર જીતી જઈશુંના હિન્દીકરણને લલકાર્યું હતું અને ભારત માતાકી જય તથા જય લડાખ અને લડાખ બચાવો, હિમાલય બચાવો એવા સૂત્રોચ્ચાર કર્યા હતા. રવિવારે સવારે વાંગચૂકે પોસ્ટ લખી હતી કે અમને જંતર મંતર પર ભૂખ હડતાળ શરૂ

**લદાખના સામાજિક કાર્યકર સહિત ૧૮ લોકોએ લદાખ ભવનના દરવાજા પાસે બેસીને આંદોલન શરૂ કર્યું અને અમેરિકાના જાણીતા ગીતના હિન્દીકરણને લલકારવા સાથે ભારત માતાકી જય તથા લદાખ બચાવો, હિમાલય બચાવો એવા સૂત્રો પોકાર્યા**

કરવાની મંજૂરી આપવામાં આવી નથી. વધુ એક વખત ઈન્કાર થયો છે અને વધુ એક વખત હતાશા અમને હાથ લાગી છે. આજે સવારે જ અમને એ જગ્યા પર આંદોલન નહીં કરવાની જાણ કરતો સત્તાવાર પત્ર મળ્યો હતો. એક મહિના પહેલા પર્યાવરણ અગ્રણીએ અને લડાયક નેતાએ લડાખથી દિલ્હી ચલો પદયાત્રા શરૂ કરી હતી. તેઓ છેલ્લા ચાર વર્ષથી લડાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માગણી માટે આંદોલન કરી રહ્યા છે અને લડાખનો સમાવેશ બંધારણના છઠ્ઠા શિડ્યુલમાં કરવાની પણ માંગણી કરી રહ્યા છે. ઉપરાંત લડાખ માટે જાહેર સેવા પંચ આપવા અને લેહ તથા કારગીલ જિલ્લાઓની અલગ લોકસભા બેઠકો આપવાની પણ માગણી કરી રહ્યા છે.

# વિવાદાસ્પદ સાધુ યતિ નરસિંહાનંદ જ્યાં મુખ્ય પુજારી છે એ ગાઝિયાબાદના મંદિર પર પથ્થરમારો થયો : ભાજપ MLAનો દાવો

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ગાઝીયાબાદની લોની બેઠક પરના ભાજપના ધારાસભ્ય નંદકિશોર ગુર્જરે એવો દાવો કર્યો છે કે, યતિ નરસિંહાનંદ જ્યાં મુખ્ય પુજારી છે એ દાસના દેવી મંદિર પર દેખાવકારોના ટોળાએ પથ્થરમારો કર્યો હતો. ઈસ્લામના મહાન પયગમ્બર સાહેબની શાનમાં અપમાનજનક ઉચ્ચારણો કરવા બદલ યતિ સામે વિરોધ થઈ રહ્યો હતો અને મંદિરની સામે બધા લોકો ભેગા થયા હતા. ત્યારે પથ્થરમારો થયો હતો. ભાજપ ધારાસભ્યએ ૧૫થી ૨૦ લોકોને ગોળી કેમ મારી ન દીધી એવો પોલીસને સવાલ કરી પોલીસ કાર્યવાહીની ટીકા કરી હતી. ગુર્જરે કહ્યું કે, મંદિર પરનો હુમલો સનાતન ધર્ધ પરનો હુમલો છે. એક વીડિયો સંદેશામાં ગુર્જર બોલતા સંભળાય છે કે, પોલીસે લાઠી ચાર્જનું નાટક કર્યું હતું પણ હકિકતે ૧૫-૨૦ જણાને ગોળીઓ મારી દેવાની જરૂર હતી. આવા એક રાતમાં ૨૦ મરી જાય તો ફરી કોઈ આવું કૃત્ય કરવા ઉભું નહી થાય. તેણે હુમલાખોરો સામે રાષ્ટ્રીય સુરક્ષાધારા હેઠળ પગલા લેવાની માગણી કરી હતી અને કહ્યું કે જે લોકો પકડાય નહીં એમના માથા પર ઈનામ જાહેર કરી એન્કાઉન્ટર કરી નાખવું જોઈએ.

# જમ્મુ અને કાશ્મીર ચૂંટણી : એક્ઝિટ પોલમાં ઈન્ડિયા બ્લોકની જીતની શક્યતા : પરંતુ ભાજપ તેનું અંતિમ કાર્ડ રમી શકે છે

## અપક્ષો અને પક્ષોના નેતાઓને તોડવા માટે ભાજપ પાસે મસલ અને મની પાવર છે

(એજન્સી) તા.૬

જમ્મુ અને કાશ્મીરમાં આ સપ્તાહની શરૂઆતમાં ત્રણ તબક્કાની વિધાનસભા ચૂંટણીઓ પૂર્ણ થઈ હતી. જમ્મુ અને કાશ્મીરના વિશેષ દરજ્જાને રદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને સંપૂર્ણ રીતે નકારી કાઢતા લોકોના મતનો નિર્ણય ૮ ઓકટોબરે સામે આવશે. નેશનલ કોન્ફરન્સ (NC)ને મતોનો મોટો હિસ્સો મેળશે તો તેણે પહેલેથી જ વચન આપ્યું છે કે, તે કલમ ૩૭૦ના રદની નિંદા કરતો ઠરાવ રજૂ કરશે. પરંતુ એવું લાગે છે કે, કાશ્મીરમાં આંતરિક રાજકીય હરીફાઈઓ અને મોદી સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષના સીધા શાસનમાં જમ્મુ અને કાશ્મીરમાં બીજેપીની પદ્ધતિસરની પુનઃ રચનાને લીધે અમુક સ્થાનોએ પરિણામો અલગ આવી શકે છે.

# બિસ્લેરીની ડુપ્લીકેટ બિલ્સેરીનું પાણી યુ.પી.માં કલેક્ટરને અપાયું અને દુકાનદારની દુકાન ઉપર બુલડોઝર ફેરવી દીધા !

## યુપીના બાગપત જિલ્લામાં સત્તાવાળાઓએ બનાવટી બિસ્લેરી વોટર બનાવતા અને તેના પર ભળતું નામ રાખતા આખા પ્લાન્ટ પર બુલડોઝર ફેરવી દીધું, કાર્યવાહીની આગેવાની ખુદ કલેક્ટરે લીધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૬

ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લામાં બ્રાન્ડેડ કંપની બિસ્લેરીના નામે બનાવટી બ્રાન્ડની પાણીની બોટલો તૈયાર કરવાના આરોપસર એ પ્લાન્ટ ઉપર બુલડોઝર ફેરવી દેવાયું હતું. આશ્ચર્યએ વાતનું છે કે, બાગપતના ડ્રિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ એક સ્થાનિક પોલીસ ચોકીની મુલાકાતે આવ્યા ત્યારે એમની પાસે 500MLની પાણીની બોટલ રાખવામાં આવી હતી. તેના પર નામ વાંચિને કલેક્ટર ચમકી ગયા હતા કેમ કે સ્પેલિંગ બિસ્લેરીની બદલે બિલ્સેરી એવો જોઈને એમને નવાઈ લાગી હતી. તે પછી કલેક્ટર તેમજ ત્યાં હાજર SP બોટલનું ઝીણવટપૂર્વક બોટલ જોવા લાગ્યા હતા અને તેના પર ફૂડ લાયસન્સ નંબર પણ ન હતો. આથી ફૂડ સેફટી વિભાગને તેમણે તાત્કાલિક તપાસનો આદેશ આપ્યો હતો. તપાસ થતા ગૌરીપૂરની એક દુકાન સુધી પગેરૂ પહોંચ્યું હતું. બાદમાં ખબર પડી હતી કે દુકાનના માલિક ખીમ સિંઘ ઘરમાં ગોડાઉન બનાવી બિસ્લેરીના નામે બનાવટી બોટલનું વેચાણ ભળતું નામ રાખીને કરતો હતો. તેના ગોડાઉન પર દરોડો પાડીને ૨૬૬૩ બોટલો કબ્જે કરવામાં આવી હતી. બોટલો પર બિસ્લેરીને બદલે અંગ્રેજીમાં બિસ્લારી, બીલ્સેરી અને બિસાલેરી એવા નામના ટીકડા લગાવીને લોકોને ઉલ્લુ બનાવતા હતા. તમામ બોટલો કબ્જે કરીને પાણીની શુદ્ધતા ચકાસવા માટે સેમ્પલ લેબોરેટરી મોકલવામાં આવ્યા હતા. બાદમાં ગોડાઉન પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. કલેક્ટર જિતેન્દ્ર પ્રતાપ સિંહનું ધ્યાન ગયું એટલે આ મોટું કૌભાંડ બહાર આવ્યું હતું. પોલીસ સ્ટેશનમાં એમને બનાવટી બોટલ ધાબડી દેવામાં આવી હતી.

# નરેન્દ્ર મોદીએ 'જન ભાગીદારી' પર ધ્યાન કેન્દ્રિત કરવાની અનેક પહેલો સાથે તેમના નેતૃત્વના ૨૩ વર્ષ પૂર્ણ કર્યા

## ગ્રાસરૂટ ભાગીદારી પર મોદી સરકારનું ધ્યાન જળ સંરક્ષણથી લઈને સ્વચ્છતા અને રમતગમત સુધીના ક્ષેત્રોમાં અનેક પરિયોજનાઓને આગળ ધપાવે છે

(એજન્સી) તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે સરકારના વડા તરીકે ૨૩ વર્ષ પૂર્ણ કરશે, પ્રથમ ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે અને પછી ભારતના વડાપ્રધાન તરીકે. ઓકટોબર ૭, ૨૦૦૧ના રોજ સત્તા સંભાળ્યા પછી મોદીએ રાષ્ટ્રીય કાર્યક્રમોમાં નાગરિકોની સંલગ્નતાને પ્રોત્સાહન આપવા, સામૂહિક જવાબદારી અને માલિકીની ભાવનાને પ્રોત્સાહિત કરવાના હેતુથી વિવિધ પહેલ શરૂ કરી છે. તેમની સરકારના ગ્રાસરૂટ ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરવાથી જળ સંરક્ષણથી લઈને સ્વચ્છતા અને રમતગમત સુધીના ક્ષેત્રોમાં મોટાપાયે પ્રોજેક્ટ ચલાવવામાં આવ્યા છે.

જળ સંરક્ષણમાં મોદીના પ્રારંભિક પ્રયાસો ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળના છે. જલ મંદિર પહેલ દ્વારા, તેમણે સામુદાયિક પાણી પુરવઠા અને ભૂગર્ભજળ રિચાર્જને વધારવા માટે લગભગ ૧૨૦૦ પરંપરાગત જળાશયો, કુવાઓ રિચાર્જ કર્યા. આ પ્રોજેક્ટ વિશાળ નર્મદા કેનાલ સિસ્ટમને પૂરક બનાવે છે, જે કચ્છ જેવા સૂકા પ્રદેશોમાં પાણીનું વિતરણ કરે છે. રાષ્ટ્રીય સ્તરે વડાપ્રધાનના મિશન અમૃત સરોવરનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં દરેક જિલ્લામાં ૭૫ તળાવો બાંધવા અથવા તેને પુનર્જીવિત કરવાનો છે. સરકારી ડેટા મુજબ ૬૮,૦૦૦થી વધુ તળાવો બનાવવામાં આવ્યા છે, જે ગ્રામીણ પાણીની પહોંચમાં નોંધપાત્ર સુધારો કરે છે. આ જલ જીવન મિશનનો એક ભાગ છે.

**સ્વચ્છતા સુધારા :** સ્વચ્છતા સુધારવાની મોદીની ઝુંબેશ પણ ગુજરાતમાં નિર્મલ ગુજરાત પહેલ સાથે શરૂ થઈ હતી, જેમાં સમુદાય-સંચાલિત પ્રયાસો દ્વારા ખુલ્લામાં શૌચક્રિયાને નાબૂદ કરવાનો લક્ષ્યાંક હતો. આ અભિગમે ૨૦૧૪માં શરૂ કરાયેલા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છ ભારત મિશનનો પાયો નાખ્યો હતો. આ મિશને ૨૦૧૯ સુધીમાં ૧૦૦% સ્વચ્છતા કવરેજ હાંસલ કર્યું હતું, જેમાં સમગ્ર ભારતમાં ૧૨ કરોડથી વધુ શૌચાલય બાંધવામાં આવ્યા હતા.

**રમતગમત અને યુવા સશક્તિકરણ :** ગુજરાતમાં મોદીએ ખેલ મહાકુંભ પહેલ દ્વારા રમતગમતને પ્રોત્સાહન આપ્યું, જેનો ઉદ્દેશ્ય તમામ વય જૂથોમાં પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો હતો. રાષ્ટ્રીય સ્તરે ૨૦૧૬માં શરૂ કરાયેલ ખેલો ઈન્ડિયા પહેલ, યુવા એથ્લેટ્સ માટે મુખ્ય ક્ષણ રહી છે. આ કાર્યક્રમમાં ઓલિમ્પિક પોડિયમ યોજનાની સાથે, તાલીમ, કોચિંગ અને નાણાકીય સહાય દ્વારા રમતવીરોને સહાય પૂરી પાડવામાં આવે છે. ૨૦૨૩ એશિયન પેરા ગેમ્સ અને ૨૦૨૪ પેરિસ પેરાલિમ્પિક્સમાં રેકોર્ડ-બ્રેકિંગ પ્રદર્શન સહિત આંતરરાષ્ટ્રીય રમતગમતની ઘટનાઓમાં ભારતે નોંધપાત્ર સફળતાઓ મેળવી છે. મુખ્યમંત્રી તરીકે મોદીએ લોહા ઝુંબેશનું પણ નેતૃત્વ કર્યું, જેણે સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ, સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે લોખંડ એકત્ર કર્યું. આ ઝુંબેશમાં ૩,૦૦,૦૦૦થી વધુ ગામોમાંથી યોગદાન મળ્યું. આજે ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જે રન ફોર યુનિટી સાથે ઉજવવામાં આવે છે. મોદીના પર્યાવરણીય પ્રયાસોમાં વન મહોત્સવ વૃક્ષારોપણ ઉત્સવ અને એક પેડ માં કે નામનો સમાવેશ થાય છે, દેશભરમાં ૮૦ કરોડ વૃક્ષો વાવવામાં આવ્યા છે. બંને કાર્યક્રમોનો હેતુ લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવાની સાથે પર્યાવરણીય જવાબદારીને પ્રોત્સાહન આપવાનો છે. છેલ્લા એક દાયકામાં ખાદી ઉત્પાદનોના વેચાણમાં ૪૦૦%નો વધારો નોંધાયો છે. વડાપ્રધાને ૨૦૨૩ G20 સમિટ સહિત આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં ફેબ્રિકને પ્રોત્સાહન આપ્યું હતું.

**હર ઘર તિરંગા અને લોકલ ફોર વોકલ :**

૨૦૨૨માં શરૂ કરાયેલ હર ઘર તિરંગા ઝુંબેશ, સ્વતંત્રતા દિવસ દરમિયાન ઘરો પર રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરવા પ્રોત્સાહિત કરે છે. દરમિયાન મોદીના વોકલ ફોર લોકલ પહેલે ભારતીય બનાવટના માલના વેચાણમાં વધારો કર્યો છે, જેમાં દિવાળી ૨૦૨૩ દરમિયાન સ્થાનિક ઉદ્યોગોને ટેકો આપતા રૂા.૩.૭૫ લાખ કરોડથી વધુ મૂલ્યના સ્થાનિક ઉત્પાદનોનું વેચાણ થયું હતું.

# રામચંદ્ર ગુહા : ભારતીયોએ ઈઝરાયેલના ગાઝા યુદ્ધમાં મદદ કરવા બદલ અમારી સરકારને જવાબદાર ઠેરવવી જોઈએ

## યુનાઈટેડ સ્ટેટ્સ તેના આંતરરાષ્ટ્રીય કાયદાના ગુનાહિત ઉલ્લંઘનમાં ઈઝરાયેલનું મુખ્ય સહયોગી રહ્યું છે તો ભારત પણ તે અંગે દોષમુક્ત નથી

(એજન્સી) તા.૬

૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ, હમાસે ઈઝરાયેલના નાગરિકો પર ઘાતકી હુમલો કર્યો. ૧,૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. હમાસ દ્વારા નિયંત્રિત ગાઝાના સંલગ્ન પેલેસ્ટીની પ્રદેશ પર બોમ્બમારો કરીને, ઈઝરાયેલી રાજ્યએ તરત જ બદલો લીધો. ઈઝરાયેલી બદલો લેવાની આ ક્રૂર ઝુંબેશ આખું વર્ષ ચાલી રહી છે. ઈઝરાયેલી દળો દ્વારા ૫૦,૦૦૦થી વધુ પેલેસ્ટીનીની હત્યા કરવામાં આવી છે, જેમાંથી કદાચ ૯૦ ટકા નાગરિકો છે. પેલેસ્ટીની અને ઈઝરાયેલીઓનો સત્તાવાર મૃત્યુ ગુણોત્તર આશરે ૫૦થી ૧ છે. ગાઝાના ૧૦ લાખથી વધુ રહેવાસીઓ તેમના ઘરોમાંથી વિસ્થાપિત થયા છે. ગાઝામાં તબાહી પછી, ઈઝરાયલે હવે લેબેનોન દેશ પર હુમલા કર્યા છે અને લડવૈયા અને નિર્દોષ નાગરિકો વચ્ચે ભેદ કરવાની પરવા કરી નથી. ચોક્કસ વ્યક્તિઓની હત્યા કરવાના પ્રયાસમાં તેણે સેંકડો લેબનીઝ નાગરિકોને મારી નાખ્યા છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલ રાજ્ય અને હમાસ બંનેને યુદ્ધ અપરાધો માટે દોષિત ઠેરવ્યા છે. આ તદ્દન વાજબી છે. ઈઝરાયેલી રાજ્યના ગુનાઓ નિઃશંકપણે વધુ છે. તેના બદલો લેવા માટે, તેણે બોમ્બ ધડાકા કર્યા છે અને શાળાઓ અને હોસ્પિટલોને નિશાન બનાવી છે. હજારો પેલેસ્ટીનીને મારવા ઉપરાંત, તેણે ખોરાક, પાણી અને વીજળીના પુરવઠાને અટકાવીને અસંખ્ય અન્ય લોકોને ભૂખમરાની અણી પર ધકેલી દીધા છે. ઘણા કિસ્સામાં ગુનેગારના સાથીદારો હોય છે. તો પછી એ લોકો કોણ છે જેમણે એક તરફ હમાસને અને બીજી તરફ ઈઝરાયેલી રાજ્યને મદદ કરી છે ? હમાસના મુખ્ય સાથીદારો ઈરાન અને લેબનોન સ્થિત જૂથ, હિઝબુલ્લાહ છે. ઈઝરાયેલી સરકારના ગુનાહિત કૃત્યોનો મુખ્ય સમર્થક, અલબત્ત, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા છે. તેણે ઈઝરાયેલને સતત સૈન્ય સહાય પૂરી પાડી છે, અમેરિકાએ ઈઝરાયેલને રાજદ્વારી કવર પણ ઓફર કર્યું છે. વર્તમાન સંઘર્ષના ઘણા સમય પહેલા, અનુગામી અમેરિકન પ્રમુખો અને અમેરિકન સરકારોએ આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘનમાં ઈઝરાયેલને સ્પષ્ટપણે મદદ કરી હતી. યહૂદી વસાહતોના વિસ્તરણને કારણે ક્યારેક-ક્યારેક વોશિંગ્ટન તરફથી હળવો ઠપકો મળ્યો છે, પરંતુ ક્યારેય નક્કર પગલાં લેવાયા નથી. ડેમોક્રેટિક અથવા રિપબ્લિકન વહીવટ, વિશ્વનું સૌથી શક્તિશાળી રાષ્ટ્ર ઈઝરાયેલી આર્મી દ્વારા સમર્થિત યહૂદી વસાહતીઓ દ્વારા પેલેસ્ટીની જમીનો પરના આ અતિક્રમણને રોકવા માટે અસમર્થ છે. પેલેસ્ટીની રાજ્યની રચનાને લગભગ અશક્ય બનાવી દીધી છે. આ માટે દોષ એટલો જ અમેરિકાનો છે જેટલો ખુદ ઈઝરાયેલનો છે. યુનાઈટેડ સ્ટેટ્સ તેના આંતરરાષ્ટ્રીય કાયદાના ગુનાહિત ઉલ્લંઘનમાં ઈઝરાયેલનું મુખ્ય સહયોગી રહ્યું છે. જો કે, અન્ય સાથીદારો પણ છે. જેમાં યુનાઈટેડ કિંગડમ, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે. અને સાચું કહું તો, આપણું પોતાનું ગણતંત્ર ભારત પણ દોષરહિત નથી. આપણે આપણી સરકારને ઓછામાં ઓછી બે રીતે, નોંધપાત્ર રીતે, ખૂની ઈઝરાયેલની ઝુંબેશને મદદ કરવા બદલ જવાબદાર ગણવી જોઈએ. પહેલું એ છે કે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં ગાઝામાં યુદ્ધવિરામ અને ઈઝરાયેલને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા માટેના ઠરાવોને સમર્થન ન આપવું. બીજું, ઈઝરાયેલની યુદ્ધ અર્થવ્યવસ્થાને ટકાવી રાખવા માટે ભારતીય સ્થળાંતર કામદારોને મોકલવામાં આવ્યા છે. ઈઝરાયલ માટે વર્તમાન ભારત સરકારનું સમર્થન આપવાના બે કારણો છે. એક અંગત છે- નરેન્દ્ર મોદી અને બેન્જામિન નેતાન્યાહુ વચ્ચે મિત્રતા. બીજું વૈચારિક છે-હિંદુત્વના પ્રચારકોને ઈઝરાયલના મુસ્લિમ વિરોધી વલણની પ્રશંસા છે. ઈઝરાયલનો પક્ષ લઈને અને તેના દ્વારા આચરવામાં આવેલી હિંસાને માફ કરીને, ભારતે વિશ્વમાં તેનું સ્થાન ઘટાડયું છે. ગયા મહિને, જ્યારે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં મધ્ય પૂર્વ કટોકટી પર ચર્ચા થઈ રહી હતી, ત્યારે ભારત માત્ર "શાંતિ" વિશે કેટલાક શબ્દો બોલ્યું હતું. બીજી બાજુ, સ્લોવેનિયાના વડા પ્રધાને ટિપ્પણી કરી કે : હું ઈઝરાયેલી સરકારને સ્પષ્ટ કહેવા માંગુ છું : રક્તપાત બંધ કરો, વેદના બંધ કરો, બંધકોને ઘરે લાવો અને કબ્જાનો અંત લાવો. નેતાન્યાહુ હવે આ યુદ્ધ બંધ કરો અને ઑસ્ટ્રેલિયાના વિદેશ પ્રધાને કહ્યું કે : ઑસ્ટ્રેલિયા અને અન્ય ૧૫૨ દેશોએ યુદ્ધવિરામ માટે મત આપ્યાને હવે લગભગ ૩૦૦ દિવસ થઈ ગયા છે. અને આજે, હું તે કૉલનું પુનરાવર્તન કરૂં છું. લેબેનોન આગામી ગાઝા ન બનવું જોઈએ. સ્લોવેનિયા અને ઑસ્ટ્રેલિયા માત્ર લોકશાહી દેશો નથી, પરંતુ ઈઝરાયેલના મુખ્ય આશ્રયદાતા, યુનાઈટેડ સ્ટેટ્સ સાથે ગાઢ સંબંધો ધરાવે છે. તેમ છતાં તેમના નેતાઓમાં સ્પષ્ટ દેખીતી હિંમત છે જેની આપણા વડાપ્રધાન અને વિદેશ પ્રધાન બંનેમાં અભાવ છે. ઈઝરાયેલ મધ્ય પૂર્વમાં એકમાત્ર કાર્યરત લોકશાહી હોવાનું કહેવાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ વિશ્વમાં સૌથી ધનિક અને સૌથી શક્તિશાળી લોકશાહી છે. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાનો ગર્વ કરે છે. ગાઝામાં માનવતા વિરૂદ્ધના ગુનાઓને રોકવા માટે આ દેશોએ શું કર્યું છે ? તેમના તમામ દાવા પોકળ છે.

## જાણીતા કોરિયોગ્રાફરને મોટો ઝટકો

# શેખ જાની બાશા જાતીય સતામણીના કેસમાં ફસાતા નેશનલ એવોર્ડ છીનવાયો

(એજન્સી) મુંબઈ, તા.૬

રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ત્રી ૨'નુ સુપર હિટ ગીત 'આઈ નહીં'ના કોરિયોગ્રાફર શેખ જાની બાશા ઉર્ફ જાની માસ્ટરની મુશ્કેલીઓ અટકવાનું નામ લેતાં નથી. જાની માસ્ટર ૧૯ સપ્ટેમ્બરથી દુષ્કર્મના આરોપમાં જેલમાં બંધ છે. જેની વચ્ચે હવે તેને એક મોટો ઝટકો લાગ્યો છે. જાની માસ્ટરને 'મેઘમ કરુક્કથા' ગીત માટે બેસ્ટ કોરિયોગ્રાફી કેટેગરીમાં મળનારો નેશનલ એવોર્ડ પરત લઈ લેવામાં આવ્યો છે. સૂચના અને પ્રસારણ મંત્રાલયના નેશનલ ફિલ્મ એવોર્ડ સેલએ નિવેદન જારી કરી જાહેરાત કરી છે કે, જાની માસ્ટરનો નેશનલ ફિલ્મ એવોર્ડ રદ કરવામાં આવ્યો છે. તેમજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત થનારા ૭૦મી નેશનલ ફિલ્મ એવોર્ડમાં સામેલ થનારા જાની માસ્ટરને નેશનલ એવોર્ડ મળશે નહીં અને તેનું આમંત્રણ પર રદ કરવામાં આવ્યું છે. હવે તે આ સેરેમનીમાં સામેલ

**જાની માસ્ટર ૧૯ સપ્ટેમ્બરથી દુષ્કર્મના આરોપમાં જેલમાં બંધ છે જેની વચ્ચે હવે તેને એક મોટો ઝટકો લાગ્યો છે**

થઈ શકશે નહીં. સસ્પેન્શન લેટરમાં જણાવાયું છે કે, કોરિયોગ્રાફર પર મૂકવામાં આવેલા આરોપથી તેનું આમંત્રણ રદ કરવામાં આવ્યું હતું.

તેમજ આરોપની ગંભીરતાને ધ્યાનમાં રાખતાં ૨૦૨૨ માટે જાની માસ્ટરને ફિલ્મ 'Thiruchitrambalam' માટે બેસ્ટ કોરિયોગ્રાફી માટે મળનારો નેશનલ ફિલ્મ એવોર્ડ આગામી આદેશ સુધી અટકાવી દેવામાં આવ્યો છે. તેલુગૂ કોરિયોગ્રાફર જાની માસ્ટર ઉર્ફ શેખ જાની બાશા પર ૨૧ વર્ષીય યુવતીએ શારિરિક ઉત્પીડનનો આરોપ મૂક્યો હતો. પોલીસે પોક્સો હેઠળ કેસ નોંધ્યો હતો. સ્પેશિયલ ઓપરેશન ટીમ (SOT)એ ૧૯ સપ્ટેમ્બરના ગોવામાં તેમની ધરપકડ કરી હતી. ૪ ઓક્ટોબરે જાની માસ્ટરને ૬થી ૧૦ ઓક્ટોબર સુધી કોર્ટે શરતી વચગાળાના જામીન આપ્યા હતા. કોરિયોગ્રાફરે ૧૦ ઓક્ટોબરે સવારે ૧૦.૩૦ વાગ્યા સુધી કોર્ટમાં રજૂ થવાનું રહેશે. કોરિયોગ્રાફરે વચગાળાના જામીન ૮ ઓક્ટોબરે યોજાનારા નેશનલ ફિલ્મ એવોર્ડ સેરેમનીમાં સામેલ થવા માટે આપી હતી. જેમાં તેને 'Thiruchitrambalam'ફિલ્મનું ગીત 'મેઘમ કરુક્કથા' માટે બેસ્ટ કોરિયોગ્રાફીનો નેશનલ એવોર્ડ મળવાનો હતો. જાની માસ્ટરે સાઉથની ફિલ્મો ઉપરાંત હિન્દી ફિલ્મોના ગીતો કોરિયોગ્રાફ કરી ચૂક્યા છે. રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ત્રી ૨'નું સુપરહિટ ગીત 'આઈ નહીં' પણ જાની માસ્ટરે કોરિયોગ્રાફ કર્યું હતું.


ગુજરાત સરકાર
વિકાસ સપ્તાહ
ભારતના માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી
શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 વર્ષ પહેલાં
7 ઑક્ટોબર 2001ના રોજ પ્રથમવાર
મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
23 વર્ષ...
સફળ અને સક્ષમ નેતૃત્વના
24 કલાક વીજળીની સંકલ્પના થઈ સાકાર
ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃતથી થઈ રહ્યું છે ગુજરાત વિકસિત
ગરબા, ધોરડો અને સ્મૃતિવન થયાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત
સૌથી ઊંચા સ્ટેચ્યુ, સૌથી મોટા સ્ટેડિયમથી બન્યાં ગૌરવાન્વિત
ગિફ્ટ, ડાયમંડ બુર્સ અને ધોલેરા બની રહ્યા છે વિકાસના નિમિત્ત
રિન્યુએબલ ઊર્જાના પર્યાય તરીકે સ્થાપિત
દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત
પ્રો-પીપલ ગવર્નન્સ, પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે સંસ્થાપિત
વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત છે સમર્પિત